
# પાલવે બાંધ્યા રતન



ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

**શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

|| શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરાભ્યાં નમઃ ||

# પાલવે બાંધ્યા રતન


* લેખક *

પ.પૂ. વર્ધમાન તપોનિધિ સ્વ.આ. શ્રી વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર

પ.પૂ. સિદ્ધાંતદિવાકર-ગચ્છાધિપતિ આ. શ્રી વિજય

જયઘોષસૂરીશ્વરજી મહારાજા

* સંપાદક *

પ.પૂ. મુનિ શ્રી સત્યકાંત વિ.મ.



* પ્રકાશક *

શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,

ધોળકા-૩૮૭ ૮૧૦.

| | | |
|---|---|---|
| વીર સંવત | નકલ-૧૦૦૦ | વિક્રમ સંવત |
| ૨૫૩૦ | મૂલ્ય રૂા. ૩૦.૦૦ | ૨૦૬૦ |

**લાભ લીધો ઉમંગે, પ્રભુ વાણીને રંગે**

**એક સદ્ગૃહસ્થ, મુંબઇ**

❖ પ્રાપ્તિ સ્થાન ❖

૧) **દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા-૩૮૭૮૧૦

૨) **લાલભાઇ ત્રિકમલાલ શાહ**
૪૫૬, શાંતિનાથની પોળ, હાજાપટેલની પોળમાં,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

૩) **અરવિંદભાઇ જે શાહ**
૮૯, શેખમેમણ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઇ-૨.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ-પં.સૂર્યકાંત વિ. ગુરૂભ્યો નમઃ

# ।। વાંચન પૂર્વેની વાત ।।

મહેશ-રમેશ અને નરેશ ત્રણ મિત્રો વાતે વળગ્યા હતા.

મહેશ : ૧ વર્ષ પૂર્વે મારા દાદા ઓફ થયા પાછળ ૨૫ લાખ મૂકતા ગયા.

રમેશ : એમાં શું ? મારા દાદા ૬ મહિના પહેલા મૃત્યુ પામ્યા તો અમારા માટે ૫૦ લાખ છોડીને ગયા.

નરેશ : મિત્રો ! તમારા બન્નેના દાદા કરતાં મારા દાદા ચઢી જાય તેવા. કારણ કે ૪ મહિના પૂર્વે મર્યા તો પાછળ આખી દુનિયા છોડતા ગયા.

હા, પરભવમાં જતાં જીવો અહીંનું બધું અહીં છોડીને-મૂકીને જવાનું હોય છે.

''તન-ધન-જોબન સાથ ન આવે, આવે ન માત-પિતાજી''

પરંતુ ખ્યાલ રહે કે,

સંપત્તિ મૂકીને જનાર સંસ્કાર સાથે લઇને જતો હોય છે.

દુનિયા છોડીને જનાર દોષો-ગુણો ભેગા લઇ જતો હોય છે.

પરિવાર છોડનાર પુણ્ય-પાપ સંગાથે લઇ જતો હોય છે.

યાત્રા આલોકની હોય કે પરલોકની,

પ્રવાસ લાંબો હોય કે ટૂંકો,

સફર થોડાકાળની હોય કે લાંબાગાળાની,

માણસ ભાથું-સંબલ સાથે લેતો હોય છે. અન્યથા તે પરેશાન-દુઃખી થાય. ભાથું ખોરાકરૂપ પણ હોય અને રકમરૂપ પણ...છતાં જોઇએ તો ખરૂજ.

અહીં જે વાત કરવી છે તે દુનિયાના રત્નોની નહીં, કારણ કે તે પરભવમાં તો નહીં પણ આ ભવમાંય પૂરો સાથ કે સહારો નથી આપી શકતા.

પાલવે બાંધવાના આ રત્નો-સંસારમાં અને ધર્મમાં, વ્યવહારમાં અને અધ્યાત્મમાં, આલોકમાં અને પરલોકમાં, દરેક સ્થાને અને પ્રત્યેક સમયે કામ લાગે તેવા છે. કારણ-

- ❖ આમાં સંસારમાં ન ફસાઇએ માટે તેના સ્વભાવનું નિરૂપણ છે તો, કષાય ન કરવાના સૂચન સાથે થઇ જાય તો મિથ્યાદુષ્કૃતની મહત્તા-ફરજ બતાવાઇ છે.
- ❖ કર્મો ઉદયમાં આવે તો શાંતિથી સહન કરવા ને દુ:ખમાં બીજાને નિમિત્ત ન માનતા વિશ્વ સંચાલકોને ઓળખાવવામાં આવ્યા છે. તેને ઓળખી મનને સમતા ભાવમાં રાખવાની શીખ આપી છે.
- ❖ જીવનમાં અવિવેકને તિલાંજલી આપી વૈરાગ્ય કેળવી સંપૂર્ણ વીતરાગ બનવા માટે દેરાસરમાં પ્રતિમા નહીં પણ સાક્ષાત્ પ્રભુ જ છે તે દર્શાવાયું છે.

આવા તો અનેક ધર્મવાક્યરત્નો પ.પૂ. ગચ્છાધિપતિ દાદા ગુરૂદેવશ્રીએ પોતાને મળેલા ખજાનામાંથી કાઢીને **आपला प्रवास सुखाचा हो** એ કરૂણાબુદ્ધિથી પાલવે-ગાંઠે બાંધવા માટે પ્રસ્તુત પુસ્તકના પાને-પાને આપ્યા છે.

તો ચાલો, બાંધી દઇએ તેને ગાંઠે, પછી નહીં રહે કોઇ ફિકર, નહીં પડે કોઇ વાંધો...

અંતે યાદ કરૂ છું મેટરને વ્યવસ્થિત વિ. કરવામાં સહયોગી બનનાર આત્મીય મુનિવરશ્રી સંયમબોધિ વિ. મ. ને...

**પૂ.પં. શ્રી સૂર્યકાંત વિ.મ. શિષ્ય સત્યકાંત વિ.**

# સંસારના ત્રણ સ્વભાવ

**પૂ. સિદ્ધર્ષિગણિ મહારાજા** કૃત સંસારના-કર્મના-જીવોના ચિત્ર-વિચિત્ર ચિતારને રજુ કરતા **ઉપમિતિ ભવ પ્રપંચા કથા** નામના ગ્રંથમાં પ્રકૃતિના એટલે જગતના-સંસારના (૩ સ્વભાવ) બતાવ્યા છે.

**પહેલો સ્વભાવ** જે આત્મા-વિષયો-કષાયો રુપી જગતને-સંસારને અનુકૂળ વર્તે છે. તેનાથી કર્મ-પ્રકૃતિ એને પ્રતિકૂળ વર્તે છે.

**બીજો સ્વભાવ** જે વિષયો વિગેરે રુપ સંસાર પ્રત્યે ઉદાસીન પણે-ઉપેક્ષાથી વર્તે, મહત્તા આપ્યા વગર વર્તે છે. તેને જગત અનુકૂળ વર્તે છે.

**ત્રીજો સ્વભાવ** જે વિષયો આદિ રુપ જગતની પ્રકૃતિઓનો ત્યાગ કરે છે. તેને પ્રકૃતિ-સંસાર પણ છોડી દે છે, એટલે કે તે મોક્ષે જાય છે. જગતથી-વિષયો-કષાયોથી મુક્ત થાય છે.

મનની સ્થિતિને પહેલા સ્વભાવમાંથી બહાર કાઢવાનો પુરુ-ષાર્થ કરવો જોઇએ. મનની લાગણી પહેલા સ્વભાવની હોય તો તે શુભ ભાવના-જ્ઞાન-વિવેક દ્વારા સુધારવી, જો ન સુધારે તો જીવ દુ:ખી થઇને અનંત કાળ સંસારમાં ભમ્યા જ કરે.

પહેલા પ્રકારની લાગણી છોડવાના પ્રયત્ન કરવા પૂર્વક

ત્રીજા પ્રકારની લાગણીનો અભ્યાસ કરવો અને તે આત્મસાત્ ન બને ત્યાં સુધી બીજા પ્રકારમાં પ્રયત્ન કરવો.

મોક્ષે ત્રીજા પ્રકારથી જવાય છે. ત્રીજા પ્રકારમાં બીજો પ્રકાર અંતર્ગત છે.

પ્રથમ પ્રકારથી જીવ બહુલતયા પાપ બાંધે છે અને તે પણ પાપાનુબંધી અને તીવ્રરસવાળા બાંધે છે.

'બીજા પ્રકારથી જીવ અલ્પ પાપ અને તે પણ નિરનુબંધી બાંધે છે અને મધ્યમ કોટિનું પુણ્ય બાંધે છે.'

'ત્રીજા પ્રકારથી પાપબંધ અટકતો જાય છે, પુન્યબંધ વધતો જાય છે. અને વિશિષ્ટકોટિની નિર્જરા થાય છે. જે મોક્ષનું પ્રધાનરુપ કારણ બને છે.

હવે આ ત્રણે પ્રકારનું ક્રમશઃ સ્વરુપ હેતુ અને ફળ વિચારીશું.

**પ્રકૃતિનો પહેલો સ્વભાવ છે જે તેને અનુકૂળ વર્તે તેને તે પ્રતિકૂળ રહે.** આવા જીવોના સ્વરૂપાદિ નીચે પ્રમાણે હોય.

**સ્વરુપ :-** ખાવા-પીવામાં રસગૃદ્ધિ હોય, મોળું ન ભાવે, લુખું ન ભાવે, ગળ્યું જોઇએ, તીખું જોઇએ, વારંવાર જોઇએ, કેફી જોઇએ, અમુક પ્રકારનું વાતાવરણ જોઇએ, અમુક પ્રકારના કપડા જોઇએ, ક્વૉલીટી ઉંચી જોઇએ, જીવનની બધી રહેણી-કરણીમાં ભૌતિક અનુકૂળતા જોઇએ. તે મેળવાનો પ્રયત્ન કરે, ન મળે તો ઉદ્વિગ્ન બને, જેમ તેમ બોલે-વર્તે, ખાવા-પીવાનું છોડી દે, બબડતો પતાવે, અનુકૂળતામાં આસક્ત બને, અનુકૂળતા પ્રત્યે વિશેષ ખેંચાણ

હોય, અનુકૂળતાથી બીજાને પણ સુખી માને. પ્રતિકૂળતામાં દ્વેષ-અરુચિ થાય, દૂર ભાગે, અકળાય, પાંચ ઇન્દ્રિયોના વિષયોને પ્રધાન ગણે.

આ રીતે આના માટે ક્રોધ-સંક્લેશ કરે, આત્મપ્રશંસા, પર-નિંદા કરે, અનુકૂળતા મેળવવા આડી-અવળી, ઉંધી-ચત્તી વાતો, માયા કરે, સદા મનથી અતૃપ્ત હોય. આવી પ્રકૃતિવાળા જીવો પ્રથમ નંબરના કહેવાય છે.

આનું **કારણ** (હેતુ) આત્મામાં અનાદિકાળથી પહેલા અને પ્રધાનપણે ઉદયમાં આવેલા અજ્ઞાન-મોહ-વિષયાસક્તિ, વિચારકપણાનો અભાવ-કષાયપરવશતા-વિષયલોલુપતા-કર્મબળવત્તા-તુચ્છ સ્વભાવ.

**ફળ** :- જીવ આ સ્વભાવના કારણે વિષય-કષાયોમાં સતત લેપાતો રહે છે. અનુકૂળતાની રુચિની તીવ્રતા-પક્ષપાતના કારણે કથં-ચિત્ અનુકૂળતા મળે તો આસક્તિથી પાપકર્મ, અંતરાયકર્મ બાંધે છે. અને અનંતકાળનું સંસાર પરિભ્રમણ ઉપાર્જે છે. પ્રતિકૂળ અવસ્થામાં પણ દુઃખની અરુચિથી પાપ બાંધે. ગુણો-શક્તિઓ-આવડત-પદ મળે તો ગર્વ દ્વારા-અન્ય હિતના તિરસ્કાર દ્વારા પાપ અને અંતરાય બાંધે અને હીન અવસ્થામાં દીનતા દ્વારા-બીજાની ઇર્ષ્યા દ્વારા પણ અંતરાય બાંધે.

આ પ્રથમ પ્રકૃતિવાળા જીવને મળેલ શક્તિ-ગુણો-સ્થાન પણ પાપ પ્રવૃત્તિનું અને પરંપરાએ દુઃખનું કારણ બને છે અને શક્તિ-પદ-ગુણો મળે તે પણ આકાંક્ષા-ઇર્ષ્યા વગેરેથી દુઃખનું કારણ બને છે. તેથી જ આત્મા વિષયો, કષાયો, ભૌતિક શક્તિઓ, અપૂર્ણ અને ભ્રામક આંતરિક શક્તિઓને અતિ મહત્ત્વ આપે છે. તે જીવોને

તેમની તે દ્રષ્ટિ અને તેને અનુકૂળ મળી જતી બાહ્ય સામગ્રી વિશેષ દુ:ખનું કારણ થાય છે. માટે ભોગરસિક ચક્રવર્તિ પણ નરકે જાય, દ્રમક પણ નરકે જાય. મંદશક્તિ-બુદ્ધિવાળા પણ નરકે જાય અને તીવ્ર શક્તિ-બુદ્ધિવાળા પણ જાય. **સંસારની મોહપ્રધાન પ્રકૃતિને અનુકૂળ વર્તનારને પ્રકૃતિ દુ:ખી-હેરાન-કંગાળ-પરવશ બનાવે છે અને બહુધા તેવી જ અવસ્થા જીવ ભોગવતો રહે છે. આમ સંસારરસિક-અનુકૂળતા પ્રધાન સ્વભાવવાળા જીવો કાયમ માટે સુખની-સામગ્રીની હાજરીમાં કે અભાવમાં પણ કાયમ દુ:ખી રહેતા હોય છે.**

**નભાવી લેવાની-ચલાવી લેવાની વૃત્તિ ન હોવાથી સામગ્રીની અલ્પતા કે અભાવમાં પણ જીવો દુ:ખી હોય છે, તો સામગ્રીની બહુલતામાં અહંકારથી દૂષિત હોય છે.**

સાંસારિક સુખની-સામગ્રીની મહત્તા એ જ પ્રકૃતિને અનુકૂળ વર્તવું-માનવું. જેમ ધનની મહત્તા હોય તો માતા-પિતા, ગુરુવર્યો, ધર્મગ્રંથો, અનુકંપા, જીવદયા આ બધાની જીવનમાં મહત્તા ન હોય. એ વ્યક્તિ સત્કાર્યો કરે ખરો પણ સ્વની અને ધનની મુખ્યતા રાખીને. પોતે ઉપકાર કરે છે તે ભાવ હોય. પોતાના ઉપર ઉપકાર થાય છે, આ ક્ષેત્રો પોતાના ઉપર ઉપકાર કરે છે તે બુદ્ધિ ન આવે. વળી આવી બુદ્ધિ ન હોવાથી એના હૃદયમાં એવી માતા-પિતા વગેરેની મહત્તા ન આવવાના કારણે જીવ સામાન્ય પુણ્ય બાંધે, ક્યારેક પાપાનુબંધી પુણ્ય બાંધે. ક્યારેક માતા-પિતાદિ ધન વધારે માંગે, વધારે જરુર હોય ત્યારે અવજ્ઞા-તિરસ્કાર કરે, અથવા ન આપે, પોતાની ફરજ પણ ન માને. આવું બધા વિષયોમાં સમજી લેવું. આના કારણે જીવ

પુણ્યનો-શક્તિઓનો મનથી દાસ-નોકર હોય છે. પ્રકૃતિ એને બહુ અનુકૂળ તો નથી થતી પણ ક્યારેક પ્રતિકૂળ પણ વર્તે છે. આવા જીવોના સદ્‌વૃત્તિ-સદ્‌વર્તન લાંબા ટકતા નથી. આવા આત્માઓના હૃદયમાં વિષયોની-બાહ્ય ભાવોની-સુખસગવડતાની-માન-પાનની-એશ-આરામની પ્રધાનતા હોય છે. તેથી પૂર્વે કરેલા પુણ્યથી થોડું અનુકૂળ મળે પરંતુ તેમાં આસક્ત થવાથી કર્મબંધથી પછી અનેક પ્રકારની પ્રતિકૂળતા આવે. આવી પ્રકૃતિ=સ્વભાવ સંસારરસિક ભવાભિનં-દીના-બહિરાત્માના હોય છે. તેનો કાળ અલ્પસુખ અને બહુ દુ:ખથી પસાર થાય છે.

**પ્રકૃતિનો બીજો સ્વભાવ છે જે પોતાના તરફ ઉપેક્ષાવાળા અને ઉદાસીન બને છે તેને એ વધારે ને વધારે અનુકૂળ બને.** વૈરાગી આત્મા-અધ્યાત્મરસિક અંતરાત્મા બાહ્યને મહત્તા નથી આપતો. તેથી એ પાપ ન બાંધે કે અલ્પ બાંધે અને પુણ્ય વિશેષ પ્રકારે બાંધે છે.

આવા આત્મા દેવ-ગુરુ-ધર્મને, શુભક્ષેત્રોને, ત્યાગ, વૈરા-ગ્યને, સદાચાર, સદ્‌વિચાર અને સદ્‌વાણીને, વિવેકને, દયાદાનને, જીવદયા વગેરે ગુણોને, ગુણોના કારણભૂત આચારોને હૃદયથી-લાગણીથી મહત્તા આપે છે, અને વ્યવહારથી પણ મહત્તા આપે છે. તેથી વિશિષ્ટતમ પુણ્ય બાંધે છે. અને એ પુણ્ય અનુકૂળ સંયોગ-સામગ્રી-શક્તિ આપે છે. તેથી આવા આત્માને પ્રકૃતિ અનુકૂળ બને છે. આવા આત્માના મનમાં ભૌતિક શક્તિઓ અને સાધન-સામગ્રી-ઓની મહત્તા નથી હોતી, એનાથી એ ગર્વિષ્ટ પણ નથી બનતો. અને તેના વિના દીન નથી બનતો. બીજા આત્માઓને સહાયક અને

આશ્વાસનકારક બને છે. આ આત્મા નમ્ર-સરળ-શાંત-ઉદાર-ગંભીર વગેરે ગુણસંપન્ન હોય છે અને એમના ગુણો આ દ્રષ્ટિના કારણે સ્વયં વિકાસ પામે છે.

આવી દ્રષ્ટિ સામાન્યથી અપુનર્બંધકથી ચાલુ થાય છે અને ૪ થા ગુણસ્થાનકથી વધારે વિકસીત થાય છે.

બહુધા જીવ ધર્મ પામે તે ભવમાં તેને સુખની સામગ્રી-સંયોગ પૂર્વના કર્મના અનુસારે હોય છે. પણ ધર્મ પામ્યા બાદ કાળજી-આદરથી-અતિચાર રહિત ધર્મમાં યથાશક્તિ પ્રવર્તનના કારણે-ધર્મમાં આગળ વધવાની ભાવના-વૈરાગ્ય વગેરે કારણે વિશેષ પુણ્યબંધ થાય છે. અને પાપના ઉદયો ઘટે છે. અટકે છે. તેથી **એવા ધર્માત્માને બીજા ભવથી મોક્ષે પહોંચે ત્યાં સુધી જો વચ્ચે વિરાધક ન બને તો એને બાહ્ય સર્વ રીતે અનુકૂળતાઓ મળતી રહે છે અને હૃદયમાં અનુકૂળતા પ્રત્યે ઉદાસીનતા-પ્રતિકૂળતા પ્રત્યે સમતા-ધૈર્ય-સહન-શીલતા જીવંત રહે છે માટે પ્રકૃતિ પ્રતિકૂળ થતી નથી.**

ધર્મ પામ્યા બાદ પોતાના દ્વારા કોઇને વૈરાનુબંધ થવા દેતો નથી, પોતે વૈરાનુબંધ કરતો નથી, ધર્મપ્રાપ્તિ પૂર્વે પોતાના કારણે કોઇને વૈરાનુબંધ થયો હોય તો પણ પોતે વૈરભાવ રાખતો નથી. અને તેના કારણે પોતાની ઉત્તમ પ્રકૃતિ-સ્વભાવના લીધે સામા જીવ તરફથી આવતા-અપાતા મરણાંત કષ્ટોમાં પણ ઉપેક્ષા-ક્ષમા-ધર્મશરણના પ્રતાપે પ્રકૃતિ તેને ઉત્તમ દેવલોક આપે છે. આવું ધર્મ પામ્યા પહેલા બીજાને વૈરાનુબંધ ઉત્પન્ન થવામાં જે નિમિત્ત બનાયું તેના કાર્ય રુપે બાહ્ય મરણાંત કષ્ટ આવે છે. પરંતુ પ્રકૃતિ તો તેને અનુકૂળ સંયોગોમાં આગળ વધારતી જ જાય છે.

આવો વૈરાનુબંધ ન હોય તો સ્નેહરાગ-કામરાગની બાધક અત્યંત પ્રધાનતા નથી હોતી જેથી પ્રકૃતિ દુર્ગતિમાં-દુઃખમાં ખેંચી જાય. ધર્માત્માઓને સ્નેહરાગ-કામરાગ હોવા છતાં ધર્મરાગ પ્રધાન હોય છે. તેથી બીજા ભેદમાં-પ્રકારમાં તેઓ વર્તે છે. અને પ્રકૃતિ તેમને વૈરાગ્યાનુભૂતિમાં આગળ વધારે છે. અર્જુનમાળી-દ્રઢપ્રહારી પૂર્વમાં ધર્મ પામેલ નથી અથવા વિરાધક છે તેમ સમજવું. તેના કારણે છેલ્લા ભવ સુધી મરણાંતકષ્ટ પણ આવે અને વૃત્તિ પણ ખરાબ રહી શકે છે.

**આ બીજા પ્રકારના જીવો સંસારમાં મહેમાન જેવી ભૂમિકા ભજવે છે.** એટલે કે અનુકૂળતામાં સમ્યગ્ વૈરાગ્ય-જ્ઞાન અને સદાચાર યુક્ત બનેલા હોય છે. અને ત્યારે જિનનામ-ગણધરનામની જેમ અનેક વિશિષ્ટ પુણ્યપ્રકૃતિઓ શુભ અનુબંધ સહિત ઉપાર્જન થાય છે.

**ત્રીજા પ્રકારમાં પ્રકૃતિથી છૂટવા મથનારા, આત્માને છોડાવવા પ્રયત્ન કરનારા જીવો કર્મ-મોહને છોડી મોક્ષે જાય છે.** એ જ રીતે જાતને છોડાવવા સાથે બીજા પણ અનેકને સંસારથી છોડાવનાર-મથનાર પણ જાતે છૂટે છે. અને અનેકને છોડાવે છે.

માટે અનુકૂળતામાં આનંદ-સંતોષની લાગણી જીવની સુધારવી, પ્રતિકૂળતામાં દ્વેષ-અરુચિ-ઉદ્વિગ્નતાની લાગણી છોડવી. અનુકૂળતામાં ઉપેક્ષા-ઉદાસીનતા કેળવવી. પ્રતિકૂળતામાં ધૈર્ય-સમતા-સહનશીલતા કેળવવી, અનુકૂળતાનો ત્યાગ કરતા જવું, પ્રતિકૂળતામાં તેની ઉપેક્ષા અને આત્મામાં-સમતામાં લીન બનવું તો મોક્ષે શીઘ્ર પહોંચાય છે.

# વૈરાગ્યથી વિતરાગતા

જીવનમાં આરાધના કરવા માટે વિષય અને કષાયની મંદતા જરુરી છે. જે વૈરાગ્યથી આવે છે. વૈરાગ્યમાંથી વિવેક ઉત્પન્ન થાય છે કારણ કે **વૈરાગ્ય વિના વિવેક હોઇ શકે નહિ. વૈરાગ્ય વિનાનો વિવેક કદાચ દેખાવથી હોય તો પણ નાશ પામે છે.** વિવેકના આધારે અનેક ગુણોની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે અને આપણી આરાધના પણ વિવેક ઉપર, નિર્ભર હોય છે.

માટે બધાયના મૂળમાં રહેલ વૈરાગ્યને ખાસ વધારવો જોઇએ.

વૈરાગી આત્મા...૧) પારકાના દોષોની ઘૃણા ન કરતા ઉપેક્ષા કરી શકે છે. ઉદાસીન રહી શકે છે.

૨) રાગ-દ્વેષની તીવ્રતાથી આમન્યાનો ભંગ અથવા વ્યવહાર મર્યાદાનો ભંગ થાય છે. વૈરાગી આત્મામાં રાગ-દ્વેષની તીવ્રતા ન હોવાથી તે આમન્યા અને વ્યવહારનો-મર્યાદાનો ભંગ કરતો નથી. અર્થાત્ આમન્યા જાળવી રાખે છે.

૩) આચારમાં ચુસ્ત બને છે, રહે છે, કારણ કે **આચારની શિથિલતા વૈરાગ્યની મંદતા કે અભાવથી આવે છે.**

૪) કોઇની પણ સારી કે સાચી વાત સમજી શકે છે, સ્વીકારે છે. કારણ કે વૈરાગ્ય વગર સાચું પણ ખોટું મનાય છે અને

સારું ખરાબ મનાય છે.

૫) પ્રજ્ઞાપનીય બને છે...કોક વાર ભૂલો પડે તો પણ સન્માર્ગે વાળી શકાય છે. એ જાણી જોઇને કે પક્કડથી ક્યારેય ખોટા માર્ગે જતો નથી. તેથી જ તે પાછો વળવાની યોગ્યતા વાળો છે. જેથી પોતાની ભૂલ અને સાચા માર્ગનો બોધ થતા પાછો વળી જાય છે. જ્યારે, વૈરાગ્ય વગરનો તો અજાણતા ભૂલ થઇ જાય તો પણ એ ભૂલને પકડી રાખે છે કાં તો જાણીને પણ ભૂલ કરે છે, અને બીજો-ત્રીજો બચાવ પણ કરે છે માટે વૈરાગ્ય વિનાના અપ્રજ્ઞાપનીય છે.

**પ્રજ્ઞાપનીયતા એ અનેક ગુણોનું કારણ છે અને અપ્રજ્ઞાપનીયતા એ ગુણોના દરવાજા બંધ કરે છે.**

૬) ધીમે ધીમે ભાવ સમ્યક્ત્વ અને ભાવ સંયમ સુધી પહોંચી કેવળજ્ઞાન પામે છે. માટે, સમ્યક્ત્વ-સંયમ અને કેવળજ્ઞાનનું મૂળ વૈરાગ્ય છે. વૈરાગ્યની વધતી શક્તિથી આ બધું આત્મા પ્રાપ્ત કરે છે.

૭) અપમાનને સહન કરી લે છે, અયોગ્ય-અનુચિત પરિસ્થિતિને નભાવી લે છે.

૮) એના જીવનમાં ટાપ-ટીપ ન હોય, આડંબર ન હોય ખાવામાં, પીવામાં, કપડા-લત્તામાં કે ઉપયોગની અન્ય અનેકવિધ સામગ્રી વગેરેમાં ય ક્વૉલિટી વગેરેની મમતા ન હોય કે ઘટતી આવે. **"વસુધૈવ કુટુંબકં"** ની ભાવનાથી કુટુંબ પ્રત્યે પણ ઉપકાર કરવાની બુદ્ધિ સિવાય વિશેષ આકર્ષણ ન હોય.

૯) ગુણ-દોષને પારખી શકે. તે ગુણ પ્રત્યે પ્રયત્નશીલ બને અને દોષ પ્રત્યે ઉદાસીન બને.

૧૦) ગુણોને પુષ્ટ કરે છે, દોષોનો હ્રાસ કરે છે. કારણ કે વૈરાગ્ય એ ગુણોને પોષણ આપે છે, અને દોષોનો હ્રાસ કરાવે છે.

૧૧) સદ્‌ભાવમાં સતત રમતો રહે છે, કારણ કે વૈરાગ્ય સદ્‌ભાવનાને નિરંતર પ્રવર્તાવે છે, જેથી જીવ ક્યારે પણ દુર્ધ્યાનમાં પડતો નથી.

આ બધા લાભો લક્ષમાં લઇને વૈરાગ્યને અસ્થિમજ્જા કરવો જોઇએ અને તે માટે ૧) અધ્યાત્મ કલ્પદ્રુમ ૨) કુલકો ૩) ભવભાવના (મૂળ) ૪) ઉપદેશમાલા (પુષ્પમાળા) ૫) ધર્મદાસગણિ મ.ની ઉપદેશ-માળા ૬) જ્ઞાનસાર ૭) અધ્યાત્મસાર ૮) વૈરાગ્યશતક ૯) સિન્દુર પ્રકરણ ૧૦) યોગ્ય શાસ્ત્ર (૪ થો પ્રકાશ) વગેરે અર્થ સહિત ગોખવા-અર્થ સહિત પાઠ કરવો જોઇએ.

સંસાર રસિકોને જીવનનો આનંદ વિષયો-માનપાન વગેરેમાં હોય છે. જ્યારે ધર્માત્માઓને એ આનંદ વૈરાગ્યમાં અને તદનુસાર ત્યાગ-તપ-સંયમ-ભાવના અને જ્ઞાન-ધ્યાનમાં હોય છે.

માટે, આપણો આનંદ વૈરાગ્યના કાર્યોમાં વધારવો અને સંસારનો આનંદ છોડવો, ઘટાડવો, તો વૈરાગ્ય ધીમે ધીમે વીતરાગતા સુધી લઇ જઇ આત્મકલ્યાણ કરાવનારો બનશે.



अफलस्यापि वृक्षस्य छाया भवति शीतला,
निर्गुणोऽपि वरं बन्धुर्यः परः पर एव सः ॥

(આખ્યાનકમણિ કોશ)

વૃક્ષ ફળ વગરનું હોય તો પણ એની છાયા ઠંડી હોય છે તે રીતે નિર્ગુણ પણ ભાઇ એ ભાઇ છે, અને પારકા એ પારકા છે.

ભાઇ નિર્ગુણ હોવા છતાં ભાઇ તરીકે લોહીના-લાગણીના, વ્યવહારના સંબંધો હોય છે. જે ક્યારે પણ તુટતા નથી, છૂટતાં નથી. માટે નિર્ગુણ પણ ભાઇ એ સારો છે. જે પારકા–બીજા છે તે પારકા જ રહે છે. તેની જોડે લોહી-લાગણી કે વ્યવહારના સંબંધો નથી હોતા અથવા ઘનિષ્ઠ નથી હોતા. તે વહેલા તૂટી શકે છે, વહેલા બગડી શકે છે. તૂટ્યા પછી ઝટ સંધાતા નથી. દેખાય છે કે મિત્ર-મિત્રના સંબંધો ગાઢ હોવા છતાં તૂટ્યા પછી ઝટ સંધાતા નથી માટે નિર્ગુણ એવા પણ ભાઇને મહત્તા-પ્રધાનતા-લાગણી આપવી. એની અપેક્ષાએ બીજાને ન્યૂન રાખવા. વ્યાવહારિક કાર્ય વગેરે કારણો બીજાને અમુક રીતે પ્રધાનતા આપવા છતાં ભાઇ ઉપરની લાગણી, તેની મહત્તા ઘટવી ન જોઇએ. આનાથી સંપ-પરસ્પર રક્ષણ-સમાજમાં ગૌરવ-તેની સહાય-શાંતિ-પ્રસન્નતા મળે છે.

જેમ વૃક્ષનું પ્રથમ કાર્ય શીતલ છાયા છે અને પછી ફળ છે. ફળ ક્યારેક-એના સમયે જ હોય છે. જ્યારે શીતલ છાયા કાયમી હોય છે. લીમડા વગેરે વૃક્ષો છાયા દ્વારા રોગનાશક પણ બને છે. ફળ જરુર ઉપયોગી છે પણ તેના વિનાની વૃક્ષની છાયા ઉપયોગી તો હોય જ છે. **ફળ વિનાનું હોવા છતાં વૃક્ષ આશ્રય આપનાર-રક્ષણ કરનાર છે તેમ નિર્ગુણ પણ કુટુંબી કે સાધર્મિક ભાઇ વગેરે**

વ્યાવહારિક આશ્રયનું સ્થાન બને છે માટે આશ્રય આપવા અને પામવા કૌટુંબીક સંબંધ બંધાય છે. આ સંબંધવાળા પારકા થઇ શકતા નથી. પારકા એ કૌટુંબીક સંબંધની મમતાથી રહિત હોય છે. ભ્રાતૃત્વ એ સ્વાર્થ વિનાનો-જીવનના અંત સુધીનો કૌટુંબીક સંબંધ છે તેથી તેને અહીં મુક્યો છે. પરંતુ નિર્ગુણી પણ સમગ્ર પરિવારજન કે કૌટુંબિકનું રક્ષણ કરવું, સંબંધ સાચવવો અને સાથે રાખવો.

**અહીં દુર્ગુણોડપિ એમ નથી કહ્યું તેનો અર્થ એ છે કે જેની છાયા પ્રાણનાશક હોય તે વૃક્ષ શીતલ છાયાવાળું હોવા છતાં વર્જ્ય છે, જેની છાયા રોગકારક હોય તે વૃક્ષ પણ શીતલછાયાવાળું હોવા છતાં વર્જ્ય છે. એવી રીતે જે કુટુંબી ધાર્મિક, સામાજિક કે બીજા દોષોથી દુષિત હોય તેની વાત અત્રે લેવાની નથી. તેનો વિશેષ નિગ્રહ કરવો કે છેવટે ના છૂટકે વિસર્જન પણ કરવું, ગાઢ દોષયુકતતા ન જ ચલાવાય. બાકી સ્નેહ વગરના કે વિશેષ ગુણ-વગરના કુટુંબીની પણ રક્ષા અને સાથ લેવો-સાથ રાખવો કારણ કે એ અવસરે સાથ આપે છે.**

જે આત્માઓ ગુણી છે અથવા દુર્ગુણી નથી તેવા આત્મા સાથે પણ ભાઇ તરીકે સંબંધ રાખવો. માત્ર સ્નેહ વ્યવહાર માટે નહિ પણ સ્વ-પરની રક્ષા માટે, સ્વ-પરના આત્મિક અને વ્યાવહારિક ગુણોની પ્રાપ્તિ-રક્ષા-વૃદ્ધિ માટે સંબંધ રાખવો જોઇએ. આ બધા પણ બંધુના કાર્ય છે. માટે આપણી સ્વાર્થ દ્રષ્ટિ વિના ગુણવાન કે ગુણની યોગ્યતાવાળા જોડે બંધુ તરીકેનો સંબંધ કરવો-વધારવો. તે કલ્યાણ-મિત્ર સ્વરુપ છે એ આનાથી સુચવેલ છે.



# ત્રણયોગ બનાવે અયોગ

શાસ્ત્રની અંદર ત્રણ યોગ બતાવ્યા છે. ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ. આની વ્યાખ્યા અને અધિકારીને સમજીએ.

જે સાધનામાં ૧) અપૂર્ણતા હોય ૨) હીન શક્તિ હોય ૩) સાધનની ન્યૂનતા હોય અને ૪) કાલની હીનતા હોય, ઇત્યાદિ દોષવાળી સાધના ઇચ્છાયોગની ગણાય.

(૧) બાહ્ય ન્યૂનતાથી સભર યોગને શાસ્ત્રયોગ ન કહેતા ઇચ્છાયોગ કહ્યો છે. સામગ્રીની અપૂર્ણતા બાહ્ય પ્રવૃત્તિ વખતે એ પ્રવૃત્તિને પૂર્ણ બનવા દે નહીં. તેથી **સામગ્રી-કાળ-શક્તિ અને શાસ્ત્ર-જ્ઞાન આ ચાર બાબતથી અધુરાને તથા પ્રમાદીને અને મંદ શ્રદ્ધા-વાળાને શાસ્ત્રયોગ નથી હોતો, પણ ઇચ્છાયોગ હોય છે.**

જ્યાં જીવને પોતાની અપૂર્વ શક્તિનું જ્ઞાન છે, ત્યાં પૂર્ણ યોગ સાધવાની ભાવના હોવા છતાં પોતાની અપૂર્ણ શક્તિનું જ્ઞાન એને 'હું આ પૂર્ણ રીતે કરું...કરી રહ્યો છું.' એવું જ્ઞાન કે સંવેદન થવા દેતા નથી. તેથી અપૂર્ણ સામગ્રીવાળાની ધર્મક્રિયા ઇચ્છાયોગની ગણાય છે. અહીં ક્રિયા તો અપૂર્ણ છે જ પણ 'મારી ક્રિયા અપૂર્ણ છે' એવું જ્ઞાન હોવાથી, 'પોતે ક્રિયા પૂર્ણ રુપે નથી કરી શકતો' એવું સંવેદન હોવાથી ભાવરુપે પણ યોગ પૂર્ણકક્ષાને પામતો નથી. એ રુપે એ પણ અપૂર્ણ રહે છે.

(૨) ૧) શાસ્ત્ર ભણેલો હોય ૨) ઉલ્લાસથી કાર્ય કરતો હોય ૩) અપ્રમત્ત હોય ૪) વિશેષ પટુ બોધ ધરાવતો હોય ૫) શ્રધ્ધા પૂર્ણ હોય આવા ગુણોવાળા વિશિષ્ટ જ્ઞાનીની ક્રિયા શાસ્ત્રયોગની ગણાય છે.

વિશેષજ્ઞાનના અભાવમાં પોતે પોતાના અધુરાપણાને કે પોતાની ભૂલ જાણી શકતો નથી. તેથી ક્રિયાકાળે પણ ભૂલ થવાની શંકા રહ્યા કરે. તેથી શાસ્ત્રયોગ પ્રાપ્ત ન થાય. વિધિ કે વસ્તુમાં કે યોગપ્રવૃત્તિમાં શંકાવાળાને શાસ્ત્રયોગ માન્યો નથી. શંકાવાળાને ક્યારેક યોગ જ હોતો નથી, ક્યાંક ઇચ્છાયોગમાં સમાવેશ પામી શકે. પ્રમાદીને પોતે ક્રિયા પૂર્ણરુપે ન કરતો હોવાનો ખ્યાલ છે, આમ કરણારુપે પરિપૂર્ણ-તાનો ભાવ ન હોવાથી તેનો પણ નંબર ઇચ્છાયોગમાં છે.

**(૨) શાસ્ત્રયોગ ઉચિત પૂર્ણ શક્તિવાળાને હોય છે.**

આમ શાસ્ત્રયોગ માટે ૧) અપ્રમાદી ૨) શ્રદ્ધાવાન અને ૩) શાસ્ત્રજ્ઞ, ત્રણ વિશેષણો જરુરી છે. આ પણ બાહ્ય ક્રિયાની અપેક્ષાએ યોગની વ્યાખ્યા માટે સમજવાનું છે.

શાસ્ત્રયોગ એટલે કાર્ય પ્રવૃત્તિમાં-જીવન પ્રવૃત્તિમાં ઉચિત ધોરણનું નિયમન હોય, જ્યારે શક્તિ અનુસાર સારું પણ વાસ્તવમાં નબળું ખોડ-ખાપણવાળું પણ કાર્ય કરવું, નભાવવું આ ઇચ્છાયોગ છે. તે-તે વસ્તુ સંબંધી યોગ્ય પૂરી શક્તિવાળો અને બળવત્તર ઇચ્છા-વાળો તે-તે વસ્તુ કે ક્રિયા સંબંધી અલ્પતા, હીનતા, ખોડખાપણ કે દૂષણને નભાવી લેતો નથી. પણ દરેક ક્રિયા ચોક્કસ, વ્યવસ્થિત, પૂર્ણરુપે જ કરવા પ્રવૃત્ત થાય છે. તેથી પૂર્ણ શક્તિવાળાને શાસ્ત્રયોગ બતાવ્યો છે.

(૩) અત્યંત વિશિષ્ટ શક્તિ સંપન્ન અને દરેક અવસરે તે-

તે કાર્યની મર્મજ્ઞ વ્યક્તિ સામાન્યથી બાહ્ય ધારા ધોરણનું પાલન કરે, પરંતુ એ અંગેના કોઇ કાયદા-કાનૂનને પકડી નથી રાખતી. તેથી જ **સામર્થ્યયોગવાળી વ્યક્તિ કલ્પાતીત કહેવાય છે. પૂર્ણ કલ્પ=આચારવાળો શાસ્ત્રયોગી છે. અધુરા-વૈકલ્પિક આચારવાળો ઇચ્છાયોગી છે જ્યારે ક્ષપકશ્રેણિ આદિ પામેલા શાસ્ત્રને અપ્રતિબદ્ધ પણ શાસ્ત્રીય આચારથી અત્યંત ઉંચા આચારવાળો સામર્થ્યયોગી ગણાય છે.**

શાસ્ત્ર-શ્રુતજ્ઞાન છદ્મસ્થ જીવો માટે છે. જિનકલ્પી, પ્રતિમાધર સાધુઓ તથા છદ્મસ્થ પરમાત્મા સામર્થ્યયોગી નહીં, પણ શાસ્ત્રયોગી છે.

ક્ષપક શ્રેણિગત જીવના અધ્યવસાય જો બીજા જીવોમાં પણ સંક્રાંત થાય, તો એ બધા જીવોના પણ કર્મનો નાશ થાય આ પ્રભાવ સામર્થ્યયોગનો છે. તેથી ક્ષપકશ્રેણિમાં સામર્થ્યયોગ પ્રગટ થાય છે તેમ સમજવું. (યોગદ્રષ્ટિ સમુચ્ચયની ગાથા-૮) પ્રાતિભજ્ઞાનથી સામર્થ્યયોગ પ્રગટ થાય છે.

**ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ પણ ચિંતન-ભાવન-અનુભવ દ્વારા અનેક પ્રકારની અનુભવ શક્તિઓને ઉત્પન્ન કરે છે, તે સામર્થ્યયોગના બીજક સમાન બને છે.**

શાસ્ત્રમાં મોક્ષના ઉપાય ભૂત આરાધના-સાધનાઓ બતાવી છે. સામર્થ્યયોગ આ ઉપાયભૂત આરાધનાઓથી પણ આગળ વધુ સૂક્ષ્મતા તરફ લઇ જાય છે. શાસ્ત્રના દરેક ક્રિયા-ઉપાયો ફળ સુધી બતાવ્યા હોય છે. એમાં સામર્થ્યયોગ પોતાનું ફળ=કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત કરાવે છે.

શાસ્ત્રોમાં તે-તેના બતાવેલા લક્ષણો નિશ્ચયગર્ભિત વ્યવહારની અપેક્ષાએ હોય છે. તેથી ઇચ્છાદિ ત્રણેય યોગના બતાવેલા લક્ષણો વ્યવહારનયની અપેક્ષાએ જાણવા. **પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનનો સમાવેશ ઇચ્છાયોગમાં થાય છે. વચન અનુષ્ઠાન ઇચ્છાયોગમાં ય આવે ને વધારે નિર્મળ બને ત્યારે શાસ્ત્રયોગમાં આવે. અસંગ અનુષ્ઠાન શાસ્ત્રયોગરુપ છે, એને સામર્થ્યયોગરુપ સમજવો નહીં.**

પરિણામની દ્રષ્ટિએ વિચારીએ, તો અપુનર્બંધક દશાથી અને વૈરાગ્યભાવના આરંભથી ઇચ્છાયોગ શરુ થાય છે. તે વખતે ગુણોની પ્રાપ્તિ-ધર્મકાર્યોની પ્રાપ્તિ-પ્રવૃત્તિની અપેક્ષાએ ઇચ્છાયોગ છે. અને તે વખતની વિષયકષાયમાં પ્રવૃત્તિની નિવૃત્તિ પણ ઇચ્છાયોગરુપ છે.

શુભભાવની તીવ્રતા સામર્થ્યયોગની અને તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવી આપે છે. પણ આ સામર્થ્યયોગની પ્રાપ્તિ પૂર્વે અર્થજ્ઞાનનો એવો તીવ્ર-વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે કે જેથી સૂત્રજ્ઞાન ન હોય તો પણ ચૌદપૂર્વના અર્થનું જ્ઞાન કરાવનારો ક્ષયોપશમ પ્રગટે છે આ વખતે શાસ્ત્રયોગ પ્રાપ્ત થાય છે અને સંયમની પરિણતિ પણ પ્રાપ્ત થાય છે. આ વ્યવહાર નયનો વિષય ન બને. આ આંતરિક શાસ્ત્રયોગ પ્રાય: અલ્પકાલીન-અંતર્મુહૂર્ત સુધી જ હોય છે. છદ્મસ્થનો સામર્થ્યયોગ પણ અંતર્મુહૂર્ત કાલીન હોય છે. ૧) વ્યવહાર સંયમ હોવા છતાં અને શાસ્ત્રનું વિશેષજ્ઞાન ન હોય તો પણ જ્ઞાનીની નિશ્રામાં રહેનારને વ્યવહારથી શાસ્ત્રયોગ હોય છે. ૨) સંયમી અને જ્ઞાનીને શાસ્ત્રયોગ દીર્ઘકાલીન હોય છે. ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વ કરોડ વર્ષ સુધી હોઇ શકે. ૩) બાકીનાને ક્યારેક પરિણામની ધારામાં

અંતર્મુહૂર્ત માટે શાસ્ત્રયોગ આવી શકે.

કાળની અપેક્ષાએ ઇચ્છાયોગ અનેક ભવ સુધી રહી શકે એટલો દીર્ઘકાલીન હોઇ શકે છે. નિર્મળ સમ્યક્ત્વી હોય એવા પરમાત્મા તથા બીજા જીવોને દીક્ષા પૂર્વે ઇચ્છાયોગ હોય છે. આ વિચારણા પરિણામની દ્રષ્ટિથી કરી. જો પાંચમા ગુણસ્થાનથી આચાર પાલનરુપ ઇચ્છાયોગ ગણો, તો ઇચ્છાયોગ પરમાત્માને ગૃહસ્થાવા-સમાં ન માની શકાય. આચાર રુચિ અને તેની તીવ્રતારુપે માનો, તો ઇચ્છાયોગ માની શકાય. દીક્ષા પછી પરમાત્માઓને, સ્વયંસંબુદ્ધોને, પ્રત્યેકબુદ્ધોને-પ્રતિમાધારી વગેરેને સામર્થ્યયોગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાસ્ત્રયોગ હોય. પૂર્વાપર વિચારતા આમ લાગે છે.



# પરાધીનતા-અવિવેક લગાવવી ક્યાં બ્રેક

**સંસારમાં આત્માને રખડાવનાર મુખ્ય બે દોષ-પરાધીનતા અને અવિવેક.**

આ બન્નેમાંથી છૂટવા શું કરવું ? પહેલા શેનાથી છૂટાય આ એક વિચારણીય મુદ્દો છે. અવિવેક પોતાનામાં હોવા છતાં જીવને સમજાતો નથી, ઓળખાતો નથી. અવિવેકી માણસ પોતાને વિવેકી માને છે. પોતે જે કાંઇ કરે છે તે અન્યની દ્રષ્ટિએ ખોટું હોય તો પણ પોતે સારું માને છે. **અવિવેકી માણસની પરાધીનતા કાયમી હોય છે. એ બાહ્યથી સ્વાધીન દેખાતો હોય તો પણ પરાધીન જેવો હોય છે. જેમ ગાંડો માણસ સ્વતંત્ર કે નિરોગી હોય તો પણ પ્રશંસનીય બનતો નથી તેમ અવિવેકી પણ ક્યારેક સ્વાધીન દેખાય-સુંદર કાર્યો કરે તો પણ પ્રશંસનીય બનતો નથી.** પૂર્વેથી પરાધીન થયેલ વિવેકીની પરાધીનતા વધતી નથી. વિવેકી ધીમે ધીમે સ્વાધીન કે સ્વાધીન જેવો બને છે. જ્યારે વિવેક વિનાનો બાહ્ય સ્વાધીન પણ પરાધીન બને છે. પરાધીનતા લાવનાર-ટકાવનાર અને વધારનાર અવિવેક છે. વિવેક પરાધીનતાને રોકનાર-ઘટાડનાર-દૂર કરનાર છે.

**કોઇ પણ કામમાં જોડાવા માટે પરાધીનતાની જેટલી જરુર છે તેના કરતા વિવેકની વધારે જરુર છે.** અવિવેકીને કોઇ પણ કાર્ય સોંપાય નહીં અને સોંપાયેલું કાર્ય સફળ થાય તો પણ પ્રશંસાય નહિ. માટે વિવેક પ્રથમ નંબરે-સ્વાધીનતા બીજા નંબરે છે.

**દુનિયામાં પણ યોગ્યતાવાળાને સ્વાધીનતા અપાય છે. આ યોગ્યતામાં પ્રથમ વિવેકશક્તિ આવે, બીજી આવડત, ત્રીજી કાર્ય-શક્તિ અને ચોથા નંબરે પુણ્ય આવે. સહાયકશક્તિ અને સાધન શક્તિને કાર્યશક્તિમાં સમાવિષ્ટ કરી લેવી.**

વિવેક એટલે તે તે કાર્ય વગેરેની અપેક્ષાએ જ્ઞાન અને રુચિથી સ્વાધીન. પ્રવૃત્તિથી કદાચ પરાધીન પણ હોય. વિવેક એટલે જે ઉચિત-અનુચિત, ગૌણ-મુખ્ય, સ્વ-પર લાભ-નુકશાન, કર્તવ્ય-અકર્તવ્ય, અવસર-અનવસર સમજે. **શ્રી આચારાંગ સૂત્રમાં** દ્રવ્યજ્ઞ-ક્ષેત્રજ્ઞ-કાલજ્ઞ-બલજ્ઞ વગેરે પ્રકારના જાણકાર બતાવ્યા જ છે.

ભૌતિક કાર્ય અંગે પણ અમુક વિવેક જરુરી છે. જેથી ભૌતિક પરાધીનતા ન રહે, ઓછી રહે, હોય તો નીકળી જાય. આધ્યાત્મિક વિવેકથી બાહ્ય અને આધ્યાત્મિક પરાધીનતા ઘટતી જાય-કાબૂમાં આવે. એની ઉગ્રતામાં પણ જીવ વિવેક સંપન્ન હોવાથી સ્વસ્થ હોય.

સ્વપક્ષની પરાધીનતા હોય તો તે અલ્પબાધક છે પણ પરપક્ષની પરાધીનતા વિશેષ બાધક છે. અવિવેકી આત્મા પરપક્ષમાં ભળે, તેને પરાધીન થાય તો સપક્ષનો નાશ થાય જ્યારે વિવેકી માણસ પરપક્ષમાં ભળે તો સ્વપક્ષનું રક્ષણ થાય, પરપક્ષનો નાશ પણ થાય. અર્થાત્ વિવેકી જ્યાં જાય ત્યાં સ્વ અને સ્વપક્ષનું રક્ષણ કરે.

**ફૂટેલો જાસૂસ કે ફૂટેલો સેવક કે રક્ષક એટલે પરપક્ષને**

**આધીન થયેલ અવિવેકી સ્વપક્ષનો માણસ.** તે સ્વપક્ષનો નાશ જ કરે છે. જ્યારે સ્વપક્ષનો મક્કમ-સ્વસ્થ-વિવેકી પરપક્ષમાં રહેવા છતાં પરપક્ષને માત્ર બાહ્યપણે આધીન રહે છે. અને સ્વપક્ષનો રક્ષક-વર્ધક તથા પરપક્ષનો નાશક બને છે.

**ભાવથી ધર્મી એટલે વિવેકી. ભાવથી વિશેષ લાગણી-ઓચિત્ય-સમર્પણ અને પ્રજ્ઞાપનીયતા ન હોય તે અવિવેકી.**

ભાવધર્મ રહિત ફક્ત વ્યવહારધર્મી=બાહ્યધર્મી હોય તે અવિવેકી સંસારના પોષક અને ધર્મના હ્રાસ કરનાર તથા નાશક હોય છે. જેઓ ભાવધર્મી છે તેઓ સંસારમાં હોવા છતાં સ્વ-પરના સંસારને અને સંસારના વ્યવહારને ઘટાડવા માટે પ્રયત્નશીલ રહે છે, તેમ જ ધર્મનું પોષણ કરે છે. વિવેકીપણાના કારણે તે જ્યાં હોય ત્યાં ગુણ-કારક દોષનાશક થાય છે.

વિવેકી આંતરિક રીતે પરાધીન નથી. બાહ્ય વ્યવહારથી પરાધીન છે. જ્યારે અવિવેકી આંતરિક રીતે પરાધીન છે. તદુપરાંત બાહ્ય પરાધીનતા પણ વધે છે. **વિવેકી આત્મા શાંતિ જાળવી શકે છે, કાળની રાહ જોઇ શકે છે, તથા કળથી કામ કરે છે. આ ત્રણ વાત તેને પરાધીનતામાંથી છોડાવે છે.** અવિવેકી ઉત્સાહ-આવેશ કે આવેગના કારણે શાંતિ રાખી ન શકે, અકાળે કામ કરી લેવા મથે. તેમ જ કળથી કામ લેતા ન આવડે.

માટે વિવેક એ સ્વાધીનતાનું કારણ છે. અવિવેક પરાધીન-તાનું કારણ છે. જે અવિવેકથી છૂટે તે પરાધીનતાથી છૂટે અને મોક્ષમાં પહોંચી શકે.

卐 卐 卐

कोपादिहापि दह्यंते स्वार्थे मुह्यंति चासकृत् ।
विपद्य चानंतदुःखं प्रयांति नरकं नराः ॥

(ત્રિષ. ૬ પર્વ-૮ સર્ગ)

વિષ્ણુકુમારે નમુચીને શિક્ષા કરવા મોટું શરીર બનાવ્યું ત્યારે તેમના ગુસ્સાને શાંત કરવા માટે કાન પાસે આવીને દેવીઓએ આ શ્લોક ગાયેલ છે. આનો અર્થ છે-

કોપથી અહીં પણ જીવ બળે છે, સ્વાર્થમાં વારંવાર મુંઝાય છે અને મરીને અનંત દુઃખ આપનારી નરકમાં માણસો (જીવો) જાય છે.

ગુસ્સાથી તપીને મન અસ્વસ્થ થાય છે, કોઇ પણ કાર્યમાં પછી મન લાગતું નથી. શરીર તપે છે તેનાથી રોગો ઉત્પન્ન થાય છે. વાતાવરણ બગડે છે. ખળભળાટ મચી જાય છે. ગુસ્સાથી માણસ ગમે તેવા શબ્દો ગમે તેને બોલે છે. મારવાના કે જાતે મરવાના વિચારો કે કાર્યો કરે છે. બીજા પર કે જેઓ આ વાત કે પ્રસંગ સાથે સંબંધિત નથી તેમની સાથે પણ ગુસ્સો-અસભ્ય વચન-અયોગ્યવર્તન કરીને તેમને પણ અપસેટ કરે છે.

પોતાને લાભકારી અનેક કાર્યોમાં મુંઝાય છે એટલે કે તેને બગાડે છે અથવા છોડે છે. એને ગૌણ કરે છે, એની ઉપેક્ષા કરે છે. આનાથી પોતાને વારંવાર અનેક રીતે નુકશાન થાય છે. અંતે જીવ ગુસ્સાથી નરકનું આયુષ્ય બાંધીને મરીને અહીંની અપેક્ષાએ સર્વ રીતે અનંતગણા દુઃખવાળા નરકના સ્થાનમાં જાય છે.

જે સંયોગ કે કારણોથી જીવ ગુસ્સો કરે છે તે સંયોગ બદલાઇ જાય, કારણો ખસી જાય તો પણ ગુસ્સાથી ઉત્પન્ન થયેલ આત્માની વિકૃતિ અને અશુભ સ્વભાવ જીવને સર્વત્ર પાપ બંધાવે છે, વિવેકહીન કરે છે. અને અનેક અંતરાયો અને દુર્ગતિની પરંપરા ખડી કરે છે. આ રીતે ગુસ્સાથી આલોક અને પરલોકમાં જે નુકશાન થાય છે તેનું માપ કરી શકાતું નથી. જ્યારે જીવ સત્વ ફોરવીને ક્ષમાને ધારણ કરે, આલોકનું બીજા દ્વારા થતું થોડું નુકશાન વેઠી લે તો ઘણા નુકશાનથી બચે છે. થોડું નુકશાન તો કાળથી પણ વાળી શકાય છે.

**કરોડોના નુકશાન કરતાં દુર્ગતિનું અને સ્વભાવ વિકૃતિનું નુકશાન ઘણું મોટું છે.** ચંડકૌશિકે અપમાન ન વેઠી શકવાથી માનહાનિના નુકશાનને બચાવવા જે ગુસ્સો કર્યો તેના ફળમાં કેટલા ભવ બગાડ્યા ? અંતે પ્રભુના પસાયે પ્રાણના ભોગે ૧૫ દિવસ કીડીઓની ઘોર વેદના સમતાથી સહન કરી તો સ્વભાવ સુધર્યો ને સદ્ગતિ મળી. માટે **જો ધર્મથી ભ્રષ્ટ ન થવું હોય, ગુણોને બાળી ન નાખવા હોય, બાહ્ય આંતરિક સુખનો નાશ ન કરવો હોય, દુ:ખોની અને દુર્ગુણોની ખીણમાં ન પડવું હોય તો સત્વ વિકસિત કરીને ક્ષમામાં કટિબદ્ધ બની આવેલ પરિસ્થિતિ-સંયોગોનો પ્રસન્નતા પૂર્વક નિર્વાહ કરવો, સહન કરવા, પસાર કરવા. પરંતુ ગુસ્સાને-અસભ્યતાને-અવિવેકને વશ ન થવું.**

ધર્મી કે ધર્મની યોગ્યતાવાળો જીવ અસભ્યવર્તનવાળો કે અવિવેકી ન હોય.

ગુસ્સો સર્વ દોષોનું અને પાપોનું મૂળ છે. જ્યારે સમતા-સહિષ્ણુતા સર્વ ગુણો અને પુણ્યનું સ્થાન છે. જો ૨-૫ ભવમાં મોક્ષે જવું હોય તો પ્રાણાંતે પણ સમતા ટકે તેવી ભાવના અને પુરુષાર્થ કરવા જરુરી છે. આવા ભાવો વિકસે તેમ આત્માનો ક્ષમાગુણ વિકસે છે, પરાકાષ્ટાએ પહોંચે છે અને અંતે આત્મા સિદ્ધિ સુખનો ભોક્તા બને છે.



# જિણપડિમા જિણ સારિખી

શ્રી વીતરાગ ભગવાનની મૂર્તિની અંજનશલાકા-પ્રાણ પ્રતિષ્ઠા કરવાથી એમાં ચૈતન્ય આવે છે, ચૈતન્યનો અંશ આવે છે. આ વાત ઘણી વાર સાંભળી છે, વાંચી પણ છે છતાં મન ક્યારેક સ્વીકારવા તૈયાર નથી થતું તો એનું સમાધાન એ છે કે :

વીતરાગ ભગવાનની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા-અંજન શલાકાની વિધિમાં જિનશાસનની રીતિ મુજબ એ પ્રતિમાજીમાં ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-મોક્ષ એમ પાંચ કલ્યાણકની ઉજવણી આદિ કરાય છે.

જેમાં બીજાના પુત્રને ગોદ લેવાની વિધિથી એ પુત્ર કાયદાથી ગોદે લેનારનો બને છે,

લગ્નના મંડપમાં ચોરીનો ચોથો ફેરો ફર્યા પછી કન્યા વધૂ બને છે,

રિઝર્વ બેન્કના ગવર્નરની સહી થયા પછી નોટ કરન્સી બને છે, એમ અંજનશલાકા પ્રતિષ્ઠાની વિધિ બાદ પ્રતિમાજી સાક્ષાત્ વીતરાગતુલ્ય ફળપ્રદાયી=લાભદાયી બને છે.

આપણા દેવસ્વરુપ વીતરાગ સિધ્ધ ભગવંતો અજન્મા બન્યા

છે, સંપૂર્ણ રાગ-દ્વેષ રહિત બન્યા છે. તેઓ ચૌદરાજલોકના છેડે સિધ્ધશીલાની પણ ઉપર બિરાજમાન થયા છે. પ્રાણ પ્રતિષ્ઠા-અંજનશલાકા વિધિ કરવાથી તેઓ પ્રતિમામાં કે પ્રતિષ્ઠા કરનારમાં આવે=ઉતરે એવી કલ્પના જ ન થઇ શકે. પોતાના આત્મામાં કે પ્રતિમામાં વીતરાગ ખુદ આવી ના શકે, માટે સ્વ આત્માની અંદર વીતરાગતાનું, વીતરાગપણાનું આરોપણ = સ્થાપના = પ્રતિષ્ઠા કરવામાં આવે છે. અહીં પોતાના ભાવની પ્રતિષ્ઠાને જ તે રુપે માનવી ઉચિત છે-યુક્તિસંગત છે. હવે વાત રહી પ્રાણની. પ્રાણનો અર્થ ચૈતન્ય કે ચૈતન્યનો અંશ કરવામાં બહુ મોટી ભૂલ થાય છે. પ્રાણનો અર્થ 'જીવન' એમ કરવાનો છે. જીવનનો પ્રતિપક્ષ=વિરોધી શબ્દ છે મૃત્યુ. મૃત્યુ એટલે પોતાની જે કાર્યશક્તિ હોય તે કાર્યશક્તિને ગુમાવી બેઠેલું. અર્થાત્ નકામું થઇ ગયેલ, જેમકે (એકસપાઇસી તારીખવાળી દવાએ પોતાની કાર્ય શક્તિ ગુમાવી દીધી છે એવું સમજી એને નકામી ગણાય છે. મરી ગયેલા=મારેલા ઝેરમાં જીવને મારવાની શક્તિ હણાય છે એટલે એનું વિષપણું મરી ગયું ગણાય છે.

અંજનશલાકા વિધિ દ્વારા મૂર્તિની પૂજ્યતા-પ્રભાવકતા=સાક્ષાત્ વીતરાગતુલ્ય. ફળદાતૃતાના અર્થમાં કાર્યક્ષમ=જીવંત બનેલી છે. એવી કલ્પના છે, આ જ વાત પ્રાણ પ્રતિષ્ઠા શબ્દો દ્વારા જણાવાય છે, નહીં કે નાડી ધબકાર-શ્વાસોશ્વાસના અર્થમાં. ટુંકમાં તે-તે પ્રકારના શ્રધ્ધા પરિણામથી અર્થાત્ પાણીમાં અમૃતની કલ્પનાથી પાણી અમૃત જેવું કાર્ય=ફળ આપે છે, (કલ્યાણમંદિર શાસ્ત્ર)

ખોળે=ગોદે લીધેલા છોકરામાં પોતાના છોકરાની કલ્પના કાયદાથી સાક્ષાત્ પોતાનો પુત્ર હોય તેવું ફળ આપે છે.

તેમ પ્રતિમામાં વીતરાગતાની કલ્પના સાક્ષાત્ વીતરાગતુલ્ય ફળવતી=લાભદાયી=જીવંત બને છે.

યાદ રહે કે **મંત્રમાં-દેવમાં-ગુરુમાં-તીર્થમાં-નિમિત્તિયામાં-સ્વપ્નમાં- ઓષધમાં આરાધકની જેવી શુભ-અશુભ ભાવના હોય તેવી સિધ્ધિ મળે છે.** જો આવું જ હોય આરાધક શા માટે પ્રતિમાને સાક્ષાત્ જિનેશ્વરતુલ્ય લાભદાયી માની સાચો લાભ ન મેળવે ?

આ અંજનશલાકા અંગેની નોટ-કન્યા-દત્તકપુત્ર વગેરેની સામાન્યવાતો થઇ. હવે વિશેષ=અસામાન્ય વાતો પણ શ્રધ્ધાળું જનો એ વિચારવા જેવી છે.

રુપિયાની નોટ-કન્યા-ગોદ લીધેલો પુત્ર વગેરેમાં સ્વરુપ વ્યવહારથી બદલાય છે, જ્યારે આચાર્ય મહારાજ વૈરાગ્ય-ઉપશમ ભાવમાં તરબોળ બનીને મંત્રોચ્ચાર દ્વારા પ્રતિમામાં વૈરાગ્યભાવ અને વીતરાગભાવને ઉતારે છે એટલે જ પ્રતિમાજીમાં સ્વરુપ પ્રભાવથી બદલાય છે. આચાર્ય ભગવંતો ઘણા દિવસો સુધી સવિશેષ પોતાના ઉપશમભાવ-વૈરાગ્યની તીવ્રતા દ્વારા વીતરાગભાવનો પોતાનામાં આરોપ કરી તેનાથી પોતાની જાતને ભાવિત કરે છે અને પછીથી નિર્મળ મન અને સ્વભાવથી અંજનની શુભવિધિ કરે છે. આનાથી પ્રતિમાજીમાં વિશેષ શક્તિ સંચાર થાય છે. તે સંચાર દ્વારા પ્રતિમાજીનું તેજ-રુપ-પ્રભાવ વધે છે.

કેવળજ્ઞાનીઓ પણ પ્રતિમાજીની અંજનવિધિ કરે છે. એમના આધારે-આચાર્ય મ. ના આધારે, દેવાધિષ્ઠિત મંત્રનો આધારે પ્રતિમામાં તત્ત્વ-તેજ ઉત્પન્ન થાય છે, માટે કન્યા વગેરેની વાતો પરસ્પર સરખાવી શકાતી નથી.

જીવના સત્ત્વથી પુદ્‌ગલમાં-કર્મમાં અનેક ગુણો-શક્તિઓ ઉત્પન્ન થાય છે, તેમ જીવના ભાવના પ્રભાવે પ્રતિમામાં પણ એ શક્તિનો આવિર્ભાવ થાય છે. શક્તિસંપન્ન વ્યક્તિ, યોગ્ય વ્યક્તિમાં=ઉપ-ક્રમ પામી શકે તેવા કર્મવાળી વ્યક્તિમાં શક્તિપાત=પ્રભાવ-શક્તિ ઉત્પન્ન કરે છે અર્થાત્ એ સામેવાળી વ્યક્તિમાં શક્તિ ઉત્પન્ન થાય છે=કર્મનો ક્ષયોપશમ થાય છે, તે રીતે યોગ્ય એવા પુદ્‌ગલોમાં યોગ્ય સ્કંધોમાં પણ શક્તિ ઉત્પન્ન થાય=તેવા ભાવો ઉત્પન્ન કરે તેવા પુદ્‌-ગલો બને છે.

જેમ વાતાવરણ પણ ભાવથી વાસિત પુદ્‌ગલવાળું બને છે, તેમ ભાવથી વાસિત પુદ્‌ગલો બને છે = તેના સંપર્કમાં આવનારને ભાવ ઉત્પન્ન કરે છે. જેમ શુભ પુદ્‌ગલો શુભભાવ આપાદક છે તેમ અશુભ વસ્તુઓ-રુચિ વગેરે અશુભ ભાવ આપાદક પણ બને છે.

જે વ્યક્તિનો એવો ક્ષયોપશમ અને પુણ્ય હોય છે કે તેના હાથે કરેલ કાર્ય = દીક્ષા વગેરે સ્થિર=કાયમી થાય છે. આના દ્વારા જીવના અંતરાય તૂટે છે. તે જ રીતે તેના દ્વારા પુદ્‌ગલોમાં પણ એક શક્તિ ઉત્પન્ન થાય છે.

મંત્રિત વાસક્ષેપ દ્વારા પણ કાર્યસિદ્ધિ અને આપત્તિ નિવારણ થતા દેખાય છે. કારણ કે મંત્ર દ્વારા વાસક્ષેપમાં એક જાતની શક્તિ ઉત્પન્ન થાય છે. જે વ્યક્તિ એ વાસક્ષેપને શ્રદ્ધા-બહુમાનથી માથે ચઢાવે છે. તેને એ ફળ આપે છે.

વિશેષ પ્રભાવક-વિશેષ વ્યક્તિથી સ્થાપિત પ્રભુજીની પ્રતિ-માજીમાં પણ એવી શક્તિઓ ચાર્જ થયેલી-ઉત્પન્ન થયેલી હોય છે કે જેથી તેના ન્હવણ જળથી રોગ દૂર થાય છે, ઉપદ્રવો દૂર થાય છે,

ઇચ્છિત કાર્ય સિદ્ધિ થાય છે.

શાંતિસ્નાત્ર વગેરેના જળથી જે શાંતિ થાય છે, તેનું કારણ પ્રભુજીની પ્રતિમામાં આચાર્યોએ અંજનવિધિ વખતે પોતાની સાધનાથી ઉત્પન્ન કરેલી શક્તિ છે.

આ શક્તિના કારણે જિનેશ્વરની ભક્તિ કરવા ઇન્દ્રો અને દેવો પણ લાગણીથી આવતા હોય છે.

**અંજનવિધાન એ એક પ્રકારનો શક્તિપાત છે. શક્તિપાતના અનેકાનેક પ્રકારો છે. તે કરનાર અને લેનારની યોગ્યતા મુજબ થાય છે. આમાં જીવો પણ હોઇ શકે છે અને મૂર્તિ અને બીજા પણ પુદ્‌ગલ દ્રવ્યો-વસ્તુઓ હોઇ શકે છે.**

સામાન્યથી ઉત્તમ વસ્તુની સ્થાપના ઉત્તમ વસ્તુમાં કરવામાં આવે છે. એમાં શક્તિ સંચાર થાય છે. જેમકે દક્ષિણાવર્ત શંખમાં પણ પંચ પરમેષ્ઠિની સ્થાપના થાય છે.

કલ્પવૃક્ષ-કામધેનુ-કામકુંભ-કામલતા-ચિંતામણિ-ચક્રવર્તીના ચૌદ રત્નો-પ્રતિવાસુદેવ-વાસુદેવના ચક્રરત્નો વગેરેમાં આવો પ્રભાવ શાસ્ત્રમાં વર્ણવાયેલો છે. વાસ્તુશાસ્ત્રની વિધિ મુજબ તૈયાર કરવામાં આવેલા ઇંટ-ચૂનાના મકાનોમાં પણ વિશિષ્ટ પ્રકારના પ્રભાવની વાતો તે-તે શાસ્ત્રમાં બતાવેલી છે અને અનેકને અનુભવ સિદ્ધ પણ હોય છે. તે તે પ્રકારના મંગળપ્રદ ઘોડા-હાથી-કુંભ વગેરેની વાતો પણ લોકપ્રસિદ્ધ છે, તો પછી અધિકૃત મહાપુરુષ વડે અંજન કરાયેલી જિન પ્રતિમાની પ્રભાવકતા-વિશિષ્ટ શક્તિ-તેજ સ્વીકારવામાં શ્રદ્ધાળુ-જને બીજો વિકલ્પ રાખવાની જરૂર ક્યાં છે ?

# મિથ્યાદુષ્કૃતની સાર્થકતા

જિનશાસન અનેકવિધ મહાન પ્રક્રિયાઓને ધરાવનારું મહાન શાસન છે. ગાગરમાં સાગર ભરવાની તેની તાકાત અનોખી છે. નાની-નાની પ્રક્રિયાઓથી મહાન આત્મશુદ્ધિના પરિણામ સુધી લઇ જાય છે. આવી અનેક પ્રક્રિયાઓમાંની એક પ્રક્રિયા છે **મિચ્છામિ દુક્કડંની...**

**મિચ્છામિ દુક્કડમ્**-એ જૈનોની દોષ સ્વીકાર અને દોષનિવૃત્તિના પુરુષાર્થની પારિભાષિક પ્રક્રિયાસૂચક શબ્દ છે. અપેક્ષાએ આંશિકપણે એ વાત માટે લોકપરિભાષામાં 'I am sorry' નો પ્રયોગ થાય છે. આનો અર્થ -''હું આ વાત-બાબત માટે દિલગીર છું.''

ભૂલ બે પ્રકારે હોય છે. **૧) બીજા જીવને અડચણ-પીડારુપ. ૨) પોતાના નિશ્ચિત કરેલ કાર્યમાં નહી વર્તવારુપ કે વિરુદ્ધ વર્તવા રુપ.**

આમાં પ્રથમ નંબરની ભૂલને સુધારવા રુપે ભાવપૂર્વક વ્યવહારિક ક્ષમાપના કરવાની હોય છે. ત્યાં પણ મિચ્છામિ દુક્કડં શબ્દ પ્રયોગ થાય છે. આ મિચ્છામિ દુક્કડં સ્વ-પર ઉભય સૂચક છે. બીજાને ખબર પડે છે કે જે ભૂલ થઇ તેનું એને દુઃખ છે તેથી માફી માંગવા રુપે આમ કહે છે. અને પોતાને પણ ભૂલ લાગે છે તેથી નિંદા-ગર્હારુપ આ મિચ્છામિ દુક્કડં છે.

બીજા નંબરની ભૂલમાં જે આત્મદ્રષ્ટિથી દુષ્કૃત હોય-પાપ-રુપ હોય-હેય (છોડવા જેવું) હોય તે પ્રવૃત્તિમાં મિથ્યાદુષ્કૃત (મિચ્છામિ દુક્કડં) આપવાનું હોય છે. ગુરુસાક્ષીએ આલોચના કરતાં આત્મશુદ્ધિ માટે આની સાથે પ્રસંગાનુસાર બીજા પણ પ્રાયશ્ચિત્ત ગુરુ આપે.

**આ મિચ્છામિ દુક્કડં-ભૂલો છોડવાની ભાવના હોય, યથા શક્ય છોડવાના પુરુષાર્થની તૈયારી હોય, ફરી ન થાય તેની કાળજી હોય, અને પાપ પશ્ચાત્તાપ યુક્ત હોય તો જ તે વાસ્તવિક અને ગુણકારી બને.**

ભૂલને સ્વીકારવી તે એક જાતની નમ્રતા છે. માનવાળા જીવો ભૂલ સ્વીકારતા નથી. **ભૂલથી અટકવાની ભાવનાવાળો પોતા-નામાં ભૂલ થવાની શકયતા જ્યાં-જ્યાં જણાય ત્યાં-ત્યાં તે ચોક્કસ થતો જાય. ભૂલ થઇ છે કે નહીં તે તપાસતો જાય, ભૂલ ન થાય તેની કાળજી રાખતો થાય. અને થાય તો ક્ષમા વગેરેથી તે સુધારતો જાય.**

આ મિચ્છામિ દુક્કડંના કારણ રુપ ભૂલ એ દોષ-પાપસ્થાન છે તેના પર નિર્વેદ=કંટાળો આવે તો વાસ્તવિક મિચ્છામિ દુક્કડં આવે. માટે આ દોષનિવૃત્તિરુપ પણ છે. દોષમુક્તિની રુચિ-ગરજ-વાળા આ (ભૂલ) ન કરે. આ મિથ્યાદુષ્કૃત આત્મામાં પાપભય-પાપજુગુપ્સાના ગુણને પ્રગટ કરે છે. વારંવાર દોષો જોવા, દોષોથી અટકવું એ આત્મામાં અપ્રમાદગુણની ઉત્પત્તિનું કારણ છે અને કેવળજ્ઞાનનું મૂળ છે.

(પોતાની ભૂલમાં પશ્ચાત્તાપવાળાને મિચ્છામિ દુક્કડં વાસ્ત-વિક આવે છે અને તરત ભૂલ સુધારવા તૈયાર થાય છે. મૃગાવતીજી

અને ચંદનબાલા ભૂલના પશ્ચાત્તાપથી કેવળજ્ઞાન પામ્યા. શ્રી બાહુબલી માનની ભૂલને જોઇ સુધારવા પગ ઉપાડતા કેવળજ્ઞાન પામ્યા. પ્રસન્નચંદ્ર રાજર્ષિ માથે હાથ અડતા પોતાની મમતા અને દુર્ધ્યાનનો દોષ પકડાતા પશ્ચાત્તાપથી તે અશુભ ધ્યાન છોડી શુભધ્યાનમાં લાગ્યા. ભૂલ જાણવી, શોધવી, છોડવી અને સુધારવી તે મિથ્યાદુષ્કૃતનું કાર્ય છે.

જીવને જે કોઇ કષાયોની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ થાય છે તે આત્માની પ્રમાદ-કષાય-વિષયોની ભૂલ છે એજ રીતે વૈષયિક વૃત્તિઓ-એ જ રીતે અનુપયોગ પ્રવૃત્તિઓ, આ બધામાં જીવ જાગ્રત બને, તેમાં પશ્ચાત્તાપ જાગે, તેને ભૂલ લાગે ત્યારે મિથ્યાદુષ્કૃતની લાગણીથી પાપને, પાપના વલણને, રુચિને અને પાપની પ્રવૃત્તિને છોડવાપૂર્વક તેની નિંદા-ગર્હા કરવી જોઇએ. જાણીને કરેલ પાપોમાં પણ આ જ રીતે પશ્ચાત્તાપપૂર્વક મિથ્છામિદુક્કડં દેવું જોઇએ. બીજા જે પ્રાયશ્ચિત્ત આવે તે પણ વહન કરવા. સૌ પ્રથમ આને ભૂલ સ્વીકારવા અને છોડવારુપે કરવું જરૂરી છે.

આમ ભૂલમુક્તિ-પાપમુક્તિ-દોષમુક્તિ-કર્મમુક્તિ અને સંસાર મુક્તિ સુધી પહોંચવા મિચ્છામિ દુક્કડં અનિવાર્ય બીજ છે.



પછી પ્રાપ્ત થાય છે તેથી કેટલાક આ જ્ઞાનને અનુભવજ્ઞાન પણ કહે છે. પરંતુ ક્યારેક તેવા અનુભવ વિના પણ તેવા ક્ષયોપશમથી આદર અને સમર્પણ ભાવની તીવ્રતાથી વાસ્તવિક માર્ગની સૂઝ મળી જાય છે. આ પણ અસંમોહજ્ઞાન જ છે.

આ જ્ઞાનવાળાને સાધન અંગે કે ધ્યેય અંગે કોઇ ભ્રમણા હોતી નથી, ઉત્સર્ગ પ્રત્યે વિવેકપૂર્વકની દ્રઢ પકડ હોય છે. જ્યાં ત્યાં, જ્યારે ત્યારે, જેમ ફાવે તેમ આચરણ-પ્રરુપણ વગેરે રુપ વ્યવહારની શિથિલતા નથી હોતી. આ જ્ઞાનને શુદ્ધ ઉત્સર્ગ કે ઉત્સર્ગને સંલગ્ન અપવાદ આમ ઉત્સર્ગ-અપવાદના પરસ્પર સંકલનને સાપેક્ષ હોવાથી જ અસંમોહ જ્ઞાન કહે છે.

આ અસંમોહજ્ઞાનનું શ્રેષ્ઠ ફળ છે શીઘ્ર મુક્તિની પ્રાપ્તિ. જો દરેક વિચાર-વાણી-વર્તનમાં આવી અસંમોહ અવસ્થા આવે તો જીવ તરત જ તે ભવમાં અથવા ૨-૩ ભવમાં મોક્ષ પામે છે.

તેથી જેમ દરેક ક્રિયા, વ્યવહાર, પ્રવૃત્તિ, વિચારણામાં શાસ્ત્રજ્ઞાન જરુરી મનાયું છે, તેમ તેનાથી પણ ઉપરની ભૂમિકામાં રહેલા માટે તે-તે ક્રિયાદિમાં આ અનુભવજ્ઞાન-અસંમોહજ્ઞાન વિશેષ ઉપાદેય અને જરુરી મનાયું છે.

આ જ્ઞાનની પ્રાપ્તિ શાસ્ત્રજ્ઞાન અને જ્ઞાનયોગથી થાય છે.

**दिशा दर्शितया शास्त्रै गच्छन्नच्छमतिः पथि ।**
**ज्ञानयोगं प्रयुञ्जीत तद्विशेषोपलब्धये ।।१।।**
**योगजादृष्टजनितः स तु प्रातिभसंज्ञितः ।**
**सन्ध्येव दिन रात्रिभ्यां केवल श्रुतयोः पृथक् ।।२।।**

पदमात्रं हि नान्वेति शास्त्रं दिग्दर्शनोत्तरम् ।
ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुञ्चति ॥३॥

(અધ્યાત્મોપનિષત્પ્રકરણ બીજો જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર)

૧) શાસ્ત્રોએ બતાવેલા માર્ગે જતો સ્વચ્છ-નિર્મળ બુદ્ધિવાળો જીવ તદવિશેષની ઉપલબ્ધિ માટે જ્ઞાનયોગનો ઉપયોગ કરે છે. (અહીં જ્ઞાનયોગ એટલે શાસ્ત્રાનુસારે પણ શાસ્ત્રથી કથંચિત્ ભિન્ન એવો અનુભવયોગ સમજવાનો છે.) તેનાથી તદવિશેષ=અનુભવજ્ઞાન વિશેષરુપ કાર્ય-ફળની ઉપલબ્ધિ સમજવાની છે.)

૨) આ જ્ઞાનયોગ યોગજન્ય ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. જે વ્યક્તિ પ્રયત્નપૂર્વક વિચારણા અને શાસ્ત્રબોધ દ્વારા તે-તે સાધના વગેરે મમતા-લાગણી-વિવેક અને તન્મયતા પૂર્વક કરે છે. તેના આત્મામાં આ પ્રયત્નજન્ય એક પ્રાતિભ નામની શક્તિ ઉત્પન્ન થાય છે. આ પ્રાતિભ શક્તિ (જેમ સંધ્યા દિવસ અને રાત બંનેથી ભિન્ન છે એમ) કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્નેથી ભિન્ન છે. (આ પ્રાતિભજ્ઞાન પૂર્ણ ન હોવાથી કેવળજ્ઞાન રૂપ નથી અને શ્રુતમાં બતાવેલું સ્પષ્ટ નિર્દેશરુપ નથી, તેથી વ્યવહારથી શ્રુત પણ નથી.)

૩) શાસ્ત્ર એટલે કે શાસ્ત્રજ્ઞાન દિશા બતાવ્યા પછી એક ડગલું પણ સાથે નથી આવતું. એ બીજી દિશાઓ છોડાવી એક સાચી દિશા નક્કી કરાવી આપે છે, પણ આ શાસ્ત્રયોગ શાસ્ત્રજ્ઞાન આગળના ઉપાયો-અનુભવો વગેરે રુપે સાથે નથી આવતો. તે માટે તો શાસ્ત્રના સમર્પણ, મનન, ચિંતન, અધ્યયન, લાગણીની પ્રતિબદ્ધતા વગેરેથી પ્રગટેલો જ્ઞાનયોગ-અસંમોહ-અનુભવયોગ જ જોઇએ. આ જ્ઞાનયોગ મુનિની સાથે કેવળજ્ઞાન સુધી રહે છે.

આમ શાસ્ત્રયોગનું ફળ જ્ઞાનયોગ છે અને જ્ઞાનયોગનું ફળ કેવળજ્ઞાન છે. આ સર્વોત્તમ જ્ઞાનયોગ નય-નિક્ષેપ-નિશ્ચય-વ્યવહાર-ઉત્સર્ગ- અપવાદ વગેરેથી બધી રીતે વણાયેલો હોય છે. તેથી આ જ્ઞાનયોગમાં માત્ર જ્ઞાનરુચિ કે માત્ર ક્રિયારુચિ ઇત્યાદિરૂપ એકાંતવાદથી મુક્ત એવા પ્રજ્ઞાપનીયતા-સર્વતોમુખી દ્રષ્ટિકોણ વગેરે પ્રગટ થાય છે.

પરમાત્માને કે તેમના જેવા અતિઉત્તમ જીવોને આ જ્ઞાનયોગ ૪-૫ મેં ગુણસ્થાનકે પણ સંભવે. પણ મુખ્ય રુપે ૬-૭મેં ગુણસ્થાનકે રહેલા જ્ઞાનપ્રધાન, વિવેક અને ઉપયોગ પ્રધાન જીવને આ જ્ઞાનયોગ હોય છે. તેથી જ યોગદ્રષ્ટિમાં સંયમીને જ્ઞાનયોગ બતાવ્યો છે.

આ જ્ઞાનયોગી જ્ઞાન બળથી અને ઉચિત આચરણબળથી નિરંતર આગળ વધતા હોય છે. આ અસંમોહજ્ઞાન-અનુભવજ્ઞાન મેળવવા અને તીવ્ર બનાવવા તથા જીવ બીજે આડે-અવળે માર્ગે ફંટાઇ ન જાય એ માટે બાળજીવોથી માંડી બધા માટે શાસ્ત્રયોગ અનિવાર્ય ગણાય છે.

જીવના બધા જ વિચારો-વાણી પ્રયોગો-પ્રવૃત્તિઓમાં ઉદ્દેશ અને યોગ્ય પ્રવર્ત્તન-નિવર્ત્તન શાસ્ત્રયોગ-શાસ્ત્રજ્ઞાનના આધારે જ થાય.

આ જ્ઞાન પ્રધાનતયા સર્વજ્ઞ વીતરાગ કથિત માર્ગને અનુસર નારાને જ હોય. કવૃચિત્ બીજા ઉત્તમ આરાધકોને આંશિકરુપે હોઇ શકે.

**૨) શાસ્ત્રજ્ઞાન** :- જે વ્યક્તિ શિષ્ટ પુરુષ અને એના કથ-નને બંધાયેલા રહે અને એમના કહેલા વચનોને સ્વીકારે-માને એ પણ શિષ્ટ કહેવાય છે. શિષ્ટ પુરુષ અને શિષ્ટ પુરુષને આશ્રિત થઇને રહેનારી વ્યક્તિ જીવનની દરેકે દરેક બાબતમાં શિષ્ટતા જોનારી,

સમજનારી અને શક્યતાનુસાર આચરનારી હોય છે.

વ્યવહારથી આ દ્રષ્ટિકોણ-આ પ્રવૃત્તિ શિષ્ટયોગ કહેવાય છે. જેઓ શાસ્ત્ર અને જ્ઞાની ગુરુને વફાદાર રહે છે. દરેક બાબતમાં શાસ્ત્રાજ્ઞા વિચારે છે, જુએ છે, એ મુજબ શક્ય આચરે છે અને અશક્ય પાલન અંગે શક્તિ-સંયોગને ઇચ્છે છે એની એ જ્ઞાનક્રિયા શાસ્ત્રજ્ઞાન ક્રિયા બને છે, એ શાસ્ત્રજ્ઞાન ક્રિયાના પ્રભાવે ઉન્માર્ગપતન, નુકસાનકારિતા, સ્વચ્છંદપણું, ઉચ્છૃંખલપણું વગેરે અપાયોથી તે બચી જાય છે. આમ ઉન્માર્ગ પતનથી બચવાથી એના કારણે બંધાતા પાપ, લાગતા અશુભ અનુબંધો અને થતી દુર્ગતિથી પણ એ બચી જાય છે.

આમ શાસ્ત્રોને, શિષ્ટ પુરુષોને, વડીલોને આરાધ્ય તરીકે ધ્યેયમાં રાખી થતી હોવાથી આ જ્ઞાનક્રિયા-પ્રવૃત્તિ-વિચારણા-વાણી પાપબંધને તોડનારી, પુણ્ય-પુણ્યાનુબંધને આપનારી અને જીવને ધીમે ધીમે આગળ વધારનારી બને છે.

તેથી અહીં જ્ઞાનક્રિયાનો અર્થ બરાબર સમજી લેવો જોઇએ. **જ્ઞાન એટલે પોતાનું જ્ઞાન અર્થાત્ પોતાને જે સુઝે-લાગે તે મુજબ ક્રિયા કરવી તે જ્ઞાનક્રિયા એવો અર્થ નથી લેવાનો પણ શાસ્ત્રકારો, શિષ્ટ પુરુષો, શિષ્ટ વડીલોને વફાદાર રહેવારૂપે-અનુસરવા રુપે જે લાગણી થવી, તે જ્ઞાન અને તેના અનુસારે થતી ક્રિયા તે જ્ઞાનક્રિયા. આવું જ્ઞાન અને આવી ક્રિયા મોક્ષનું ક્રમિક કારણ બને છે.**

આમ સ્વમતિકલ્પનાના ત્યાગમાં અને શિષ્ટોની વફાદારીમાં રહેલી નમ્રતા જ આમાં કારણભૂત છે. કેમ કે આમાં વડીલો-શિષ્ટ પુરુષોઓને સમર્પિત થવાનું અને તેમના વચનને સ્વીકારવાનું લક્ષ્ય

છે. તેથી ખરી જ્ઞાનક્રિયા આ જ છે.

આ જ્ઞાનક્રિયા પુણ્યનું કારણ છે. આ જ્ઞાનક્રિયા મોહ-અજ્ઞાન-અવિવેકને ઘટાડે છે. અને જીવને મોક્ષ યોગ્ય બનાવે છે. જ્યારે જીવમાં પ્રજ્ઞાપનીયતા ગુણ આવે ત્યારે એ જીવ આ જ્ઞાનક્રિયાને યોગ્ય બને છે. આનો આંશિક આરંભ અપુનર્બંધક અવસ્થાથી થાય.

**જ્યારે જે વાત મગજમાં ન બેસે, ત્યારે તે વાત અંગે વડીલો, શિષ્ટો, શાસ્ત્રો, જીવંત જ્ઞાનીઓને સમર્પિત થઇ તેઓ જે કહે, તે સ્વીકારે-માની લે તો જ્ઞાનક્રિયાપણું રહે. જમાલી-રોહગુપ્ત જેવાઓ વિશેષ જ્ઞાન હોવા છતાં, જ્ઞાનીએ કહેલી વાત બેઠી નહીં. અને તેમની વાત કરતાં પણ પોતાની બુદ્ધિને પ્રધાન-મુખ્ય કરવા ગયા, અને જ્ઞાનીની વાતને ખોટી કહેવા માંડ્યા, તેથી તેઓ બુદ્ધિપ્રધાન થયા, પણ જ્ઞાનપ્રધાન ન થયા. તેમની ક્રિયા જ્ઞાનક્રિયા ન રહી.**

તેથી જે પોતાની બુદ્ધિ કરતાં પણ જ્ઞાનીની વાતને પ્રધાનતા આપે છે, તે નિકટમાં મોક્ષગમન માટે યોગ્ય બને છે. જ્ઞાનીની વાતના બદલે પોતાની બુદ્ધિને પ્રધાનતા આપવાવાળા અનંતકાળ સંસારભ્રમણને યોગ્ય બને છે.

તર્ક અને બુદ્ધિની તાકાત ઉંધી દેખાતી વાતને સીધી કરી બતાવે અને સીધી દેખાતી વાતને ઉંધી ઠેરવી શકે. તેથી તર્ક-બુદ્ધિનો ઉપયોગ જ્ઞાનીઓના વચનને વ્યવહારમાં સિદ્ધ કરવામાં વપરાય તો તે બરાબર છે. પણ જો જ્ઞાનીઓના વચનને વખોડવા, તોડવા, ખોટા સિદ્ધ કરવા વપરાય તો તે જ્ઞાનની વિકૃતિ છે, તે તર્ક-બુદ્ધિ નકામા છે.

જેની બુદ્ધિ જ્ઞાની-શિષ્ટ-વડિલોનાં વાક્યને બંધાયેલી છે, તે આસન્ન મોક્ષગામી-સદ્ગતિગામી છે. અસંમોહજ્ઞાનથી શીઘ્ર મોક્ષ મળે. શાસ્ત્રજ્ઞાન જીવને ક્રમશ : આગળ વધારતા વધારતા મોક્ષદાયક બને. આ શાસ્ત્રજ્ઞાનથી જ પોતાની તમામ વૃત્તિ-પ્રવૃત્તિને જોવા-જાણવાથી સદ્વૃત્તિ અને સત્પ્રવૃત્તિ આવે. અને જ્યાં અસદ્વૃત્તિ-પ્રવૃત્તિ દેખાય, ત્યાં એ બાબતની પકડ રહે નહીં. એ બાબતમાં રુચિ મોળી પડવા માંડે. કેમકે **સાચા જ્ઞાનનું કાર્ય જ એ છે કે દરેક સ્થળે ખોટાની રુચિ-પકડ છોડાવી છેવટે એ ખોટી પ્રવૃત્તિ થતી અટકાવી દે.**

તેથી જીવનના દરેક પાસાઓમાં અનેકાંતમય દ્રષ્ટિથી શાસ્ત્ર-દ્રષ્ટિ ખીલવવી જોઇએ. **જેની દ્રષ્ટિમાં એ વાત બેસેલી છે કે મુખ્ય-વૃત્ત્યા ઉત્સર્ગ વિધાનો જ પ્રધાનધ્યેયરુપ છે અને ચક્રની નાભિની જેમ સ્થિર છે, તથા જે અપવાદમાર્ગનો પણ ખંડક-ભંજક-નિંદક નથી, તે આ શાસ્ત્રજ્ઞાનવાળો કહેવાય. પણ જો તે અપવાદ વગેરેથી નિરપેક્ષ હોય, તો તે જ્ઞાનસમર્પિત નથી. પણ બુદ્ધિપ્રધાન છે તે શાસ્ત્રજ્ઞાની ન કહેવાય. તેથી ઉત્સર્ગને પ્રધાનતા આપી સદા શાસ્ત્રોના દરેક અંગોને વફાદાર રહેવું એ જ્ઞાનક્રિયા છે.**

શાસ્ત્રની એક વાત, એક અંગને પણ બુદ્ધિના આલંબને સ્વાર્થથી-મોહથી-અજ્ઞાનથી આવેશથી અપ્રમાણ ઠેરવવામાં આવે કે ઉપેક્ષિત કરવામાં આવે, તો તેની માત્ર તે વાત નહીં, બધી વાતો અપ્રમાણભૂત ઠરે, કેમકે એ પ્રમાણે કરનારો પોતાની બુદ્ધિબળનો ઉપયોગ કરે છે. તેથી ક્યારેય પોતાની બુદ્ધિને શાસ્ત્રસાપેક્ષપણું છોડી સ્વતંત્ર-પ્રધાનપણું ન આપવું.

૩) **બુદ્ધિજ્ઞાન** : છદ્મસ્થ આત્મા કર્મને પરાધીન છે તેથી

તેને જેમ જ્ઞાનાવરણના ઉદય કે ક્ષયોપશમ હોય છે, તેને મોહનીયના પણ ઉદય કે ક્ષયોપશમ હોય છે.

જે બુદ્ધિ મોહનીયના ક્ષયોપશમથી યુક્ત હોય તો તેની બુદ્ધિ નિર્મળ થાય છે. અને તે નમ્ર, સમર્પિત, વિવેકી થાય છે. પણ જો બુદ્ધિ મોહનીયના ઉદયથી યુક્ત હોય તો તે સ્વયં ઉચ્છૃંખલ, કામી, ક્રોધી, વિષયાસક્ત, અવિવેકી બને છે.

તેથી જે બુદ્ધિ શાસ્ત્રને, જ્ઞાનીને, શિષ્ટ પુરુષને સમર્પિત નથી, તે બુદ્ધિ અને તે બુદ્ધિથી થતાં કાર્યો સંસાર ફળવાળા બને છે, અર્થાત્ સંસાર ભ્રમણના કારણ બને છે. શાસ્ત્રમાં બે પ્રકારના મેધાવી બતાવ્યા છે. ૧) મર્યાદા મેધાવી ૨) ધારણા મેધાવી. **જે મર્યાદા મેધાવી છે, તે જ જ્ઞાન અને શાસન માટે યોગ્ય છે. જે મર્યાદા મેધાવી નથી, તે ધારણ મેધાવી હોય, તો પણ શાસન માટે યોગ્ય નથી.**

**જે બુદ્ધિ મર્યાદાઓ તોડે, સંવરને છોડે, સંઘ-એકતા-સંગઠન તોડે, શ્રી સંઘનું ગૌરવ ઘટાડે અથવા માત્ર સ્વાર્થની સિદ્ધિ કરે-બીજાને અપમાનિત કરે, તે બુદ્ધિનું ફળ છે. તેથી તે બુદ્ધિ સંસારફળક છે.**

**બુદ્ધિક્રિયા ભાવફળ દીએજી, જ્ઞાનક્રિયા શિવઅંગ,**
**અસંમોહ ક્રિયા દીએજી, શીઘ્ર મુક્તિફળ ચંગ ॥**
**(યોગદષ્ટિ ૪ દષ્ટિની સજ્ઝાય.)**

બુદ્ધિ એટલે છદ્મસ્થ જીવની અવિશ્વાસ્ય શક્તિ. જે જે શક્તિ નિયંત્રિત હોય તે પ્રશસ્ય બને, અને જે અનિયંત્રિત હોય તે સ્વ-પરના નાશનું કારણ બને. આમ અનિયંત્રિત, વિવેકહીન, કષાય-વિષય

પક્ષપાતી, અપ્રજ્ઞાપનીય બુદ્ધિ સંસારફળદાયક બને છે. તેથી શ્રમણ પ્રધાન શ્રી સંઘમાં ટ્રસ્ટીઓ પૂજનીય શ્રી સંઘ પ્રત્યે વફાદારી વાળા હોવા જોઇએ. અહીં ૧) વફાદારી અને બુદ્ધિ બંને હોય ૨) વફાદારી હોય, પણ તેવી પ્રતિભાવાળી બુદ્ધિ ન હોય ૩) વફાદારી ન હોય, બુદ્ધિ જોરદાર હોય અને ૪) બંને ન હોય, આવી ચતુર્ભંગીમાં પ્રથમ નંબરે તો ટ્રસ્ટી પ્રથમ ભાંગાવાળો જ હોવો જોઇએ. એટલે વફાદારી અને બુદ્ધિ બન્ને હોવા જોઇએ. બંને હોય એવા ટ્રસ્ટી ન મળે, તો બીજા નંબરનો ભાંગો પસંદ કરવો. એટલે કે ટ્રસ્ટીમાં વફાદારી તો હોવી જોઇએ જ. હા, એ ટ્રસ્ટીએ બીજા બુદ્ધિમાનોની સલાહ લઇને કામ કરવું. નહિંતર અનિચ્છાએ પણ અનર્થ થવાની સંભાવના છે. આમ વફાદારીનો નંબર પહેલો છે. બીજા નંબરે બુદ્ધિ પણ હોવી જોઇએ.

આમ શાસ્ત્ર નિરપેક્ષ બુદ્ધિજન્યજ્ઞાન ત્યાજ્ય છે, અથવા બુદ્ધિને શાસ્ત્રજ્ઞાન સાપેક્ષ બનાવવી, શાસ્ત્રજ્ઞાન સાપેક્ષતા અસંમોહ જ્ઞાન તરફ લઇ જાય. અને તેનાથી શીઘ્ર મોક્ષ થાય. આમ અસંમોહ જ્ઞાનથી થતી ક્રિયા અસંમોહ ક્રિયા, શાસ્ત્રજ્ઞાનથી થતી ક્રિયા શાસ્ત્ર જ્ઞાનક્રિયા અને બુદ્ધિજ્ઞાનથી થતી ક્રિયા બુદ્ધિજન્યક્રિયા કહેવાય.



# પ્રથમ ચક્રી પર ચિંતન

ભરત મહારાજા દિગ્વિજય પછી ભાઇઓને મળવા ન ગયા, ભાઇઓ ભરતમહારાજાને મળવા ન આવ્યા. કારણ એમ જ બની શકે. પછી જઇશું એવો પણ વિકલ્પ હોય, બધા ભેગા થઇને જઇશું, આપણે ત્યાં બોલાવીશું વિગેરે અનેક વિચારો હોઇ શકે, પરંતુ ભરતને શરણે જવું પડશે એવો વિચાર હોય અથવા ન પણ હોય.

સામે પક્ષે ભરત ચક્રવર્તી ભાઇઓને ન જોવા છતાં મળવા ન આવ્યા કારણ ઘણી ધમાલમાં યાદ પણ ન આવે.

યાદ આવ્યું, જ્યારે ચક્રરત્ન આયુધ શાળામાં ન પ્રવેશ્યું ત્યારે, પણ ભરત મહારાજાને ભાઇ આવ્યા નથી તેની ઓછાશ ન લાગી. ભરતે પણ ભાઇને બોલાવવા મોકલ્યા નથી, આમંત્રણ ન મોકલ્યું તેની ભરતને ભૂલ નથી લાગી, હવે ભાઇઓ પાસે પોતે જવું જોઇએ એ નથી સૂઝતું, મોટા મંત્રીને મોકલી ગૌરવથી બોલાવવા જોઇએ એ નથી સૂઝતું, પણ દૂતને મોકલવાનું કરે છે. જેમ આશ્રિત પારકા કે અનાશ્રીત પારકા પાસે માણસ દ્વારા કામ થાય તેમ ભરત મહારાજાએ ભાઇઓ પાસે પણ દૂત જ મોકલ્યો, તેના ફળમાં ભાઇઓ અપમાન થવાથી અને ભરતની આજ્ઞા માનવાની મુખ્ય વાત હોવાથી તૈયાર ન થયા.

જો ભરત પોતે આવ્યા હોત, પરસ્પર ભાઇઓ સ્નેહથી મળ્યા હોત પછી પ્રેમ-સ્નેહથી પોતાનું કાર્ય ચક્રપ્રવેશના કારણ રુપે વ્યવહારથી આજ્ઞા માનવાની વિનંતિ કરી હોત તો બધાની માનવાની શક્યતા હતી. ભાઇને સહાય કરવાનું, ભાઇનું ગૌરવ વધારવાનું કોણ ન કરે ? આ કાર્ય માટે પણ મોટાભાઇએ નાના ભાઇઓનું ગૌરવ વધારવું જોઇએ. જો લાવ-લશ્કર સાથે વગર આમંત્રણે ભાઇ-ઓને ત્યાં મહેમાન થાય તો ભાઇઓનો ભાવ કેટલો વધે ? પણ આ બધા વ્યવહારના બદલે ભાઇના સંબંધોમાં સેવકના સંબંધ આવ્યા તેથી વ્યવહાર બગડ્યા.

નાના ભાઇઓની વિશેષ યોગ્યતા હતી તેથી મોટાભાઇની સામે ન પડતાં પિતાજીની સલાહ લેવા ગયા.

ભરત મહારાજે છેલ્લે માફી માંગી પણ પોતે વ્યવહારમાં ભૂલ્યા છે, તેથી આવું બન્યું તે કહેતા નથી. સત્તાના કારણે ઘરના માણસો જોડે પ્રેમ-વાત્સલ્યના જે વ્યવહાર જોઇએ તેના બદલે સત્તાનો વ્યવહાર આવે તેનાથી વ્યવહાર-વાતાવરણ બગડે છે. જો આમંત્રણ આપવા અને મળવા ભરતજી ગયા હોત તો વ્યવહાર સુધરત. પહે-લાના વ્યવહાર બધા ભાઇઓના સારા હતા. ભરત મહારાજા ન ગયા તેમાં સત્તાનું કારણ ગૌણ હશે, અનુપયોગ, બીજા કાર્યોથી વ્યાક્ષિ-પ્તતા, નજીકના સલાહકારની જે રીતની સૂચના, તેને વિશેષ વિચાર વગર અમલ કરે વગેરે કારણે ન ગયા હોય. સલાહ ખાનદાનીની અપેક્ષાએ અધમ માણસની અધમ હોય, મધ્યમ માણસની મધ્યમ હોય, ઉત્તમ માણસની ઉત્તમ હોય, **જ્ઞાનના આધારે સલાહ નથી હોતી, પરિણતિના આધારે સલાહ હોય છે.**

**પ્રશ્ન :** ભરત મહારાજને સારી સલાહ આપનાર કેમ કોઇ મળ્યા નહી ? નાના ભાઇઓની બાબતમાં વાત બીજા જાણતા ન હોય. અંદર અંદર રાજા દૂત અને કોઇક તેવા સલાહકાર મંત્રીથી કામ થયું, જે ફળ આવ્યા પહેલાં બહાર ખબર ન પડે.

બીજું મોટા માણસોના કામમાં મંત્રી વગેરે કે બીજા કોઇ પૂછયા વગર કે અવસર વગર હસ્તક્ષેપ કરતા નથી, જ્યારે મોટા માણસો ક્યારેક પૂછ્યા વગર કામ કરે છે, જેથી આવું સર્જાય. ત્રીજું વ્યવહારમાં સારા પ્રસંગમાં પહેલાં મોટાને આમંત્રણ અપાય, પછી નાનાને યાદ કરાય, આમાં સત્તાની રુએ પહેલાં નાનાઓને કહેવરાવ્યું પછી મોટાને. આ પણ પ્રેમના બદલે સત્તાનું સૂચક હતું. માટે સલાહકારો સામેથી સલાહ આપવા નથી જતા, સત્તાવાળા માંગે તો સલાહ આપે. મિત્રતાના વ્યવહારમાં પણ જેના પર પોતાનું વર્ચસ્વ હોય, દબાણ કરી શકે ત્યાં સામેથી સલાહ આપે. જેની પાસે સત્તા છે તે રાજા વિગેરેથી ઉપરના મોટા રાજા વિગેરે ક્યારેક મોટી નુકસાની વિગેરેમાં સત્તાપૂર્વક સલાહ-હુકમ કરે છે અને કરવો જ જોઇએ.

પૂજ્યની ઉપેક્ષા બીજા સલાહકારોની ગૌણતા-ઉપેક્ષા કરાવે છે, ક્યાંક વ્યક્તિગત સ્નેહ કે અવિચારક અવસ્થા કે પ્રકૃતિ ભેદના કારણે બીજા સલાહકારની ઉપેક્ષા કરાવે છે. અનેક મંત્રીઓ, અનેક સલાહકારો રાખવાનું પ્રયોજન એ જ છે. દરેક મહત્વની વાતોનો અનેકાંત રીતે-અનેક દ્રષ્ટિથી સાંગોપાંગ વિચાર થઇ શકે. માટે ઇન્દ્રો-રાજાઓ વિ., મહત્વના સ્થાનવાળાને અનેક સલાહકારો અવશ્ય હોય છે અને હોવા જોઇએ. આ સલાહકારોને અભ્યંતર પર્ષદા કહેવાય, આ પર્ષદાની વ્યક્તિઓ કાર્ય માટે માલિક બોલાવે ત્યારે

આવે, બોલાવ્યા વગર માલિકની વિચારણાના કાર્ય માટે ન આવે માલિકના ચાલુ ગૌરવ માટે કે પોતાના કાર્ય માટે આવે એ વાત જુદી. ગચ્છનાયક આચાર્ય ભગવંત આદિને પણ ગીતાર્થોનું (સ્વશિષ્યો કે આશ્રિતોનું) આવું સલાહકાર મંડળ હોય છે જેઓ સત્તાના પુણ્યની ઉણપ સિવાય બાકી બુધ્ધિની સ્થિરતા, વિચારકતા વિગેરે અનુભવોથી ઉંડાણ પામેલા હોય છે, માટે જેને અનેક સલાહકારો નથી, જેના સલાહકારો પીઢ-અનુભવી-વિચારકો નથી તેઓની સત્તા અને કાર્ય ક્યારેક જોખમાય છે. પુણ્યના બળે ક્યારેક સફળ પણ થાય તે વાત જુદી. માટે રાજા નાની-મોટી ઉમ્મરવાળા ચાલે પણ સલાહકાર પીઢ-ઠરેલ, બુધ્ધિશાળી, વિચારક, દીર્ઘદર્શી, કળવાળા, અવસરના જાણ જોઇએ. **જેમ રાજાના પુણ્યથી રાજ્ય ટકે છે. તેમ મંત્રીની બુધ્ધિથી રાજ્ય ટકે છે.**

ભરત મહારાજાને ૯૯ ભાઇઓ સાથેના વ્યવહારનું કલંક એમની મંત્રિઓની ઉપરવટના વ્યવહારને આધીન કે પૂછ્યા વગરના વ્યવહારને આધીન, કે કોઇક ઉછાંછળીયા મંત્રીની સલાહને આધીન કાર્ય રુપ વિચારાય. અથવા છેવટે ભવિતવ્યતા માનવી પડે.

**પ્રશ્ન** :- ૯૮ ભાઇના પ્રસંગમાં ૯૮ ભાઇઓએ મોટાભાઇની વાત ન સ્વીકારી, સામે યુધ્ધ કરવા તૈયાર ન થયા અને પિતાની પાસે સલાહ લેવા તૈયાર થયા. સંસારની વાત અને ઉકેલ સાધુ મહારાજને પૂછાય-સાધુ એનો ઉત્તર આપે ?

**ઉત્તર** : ૯૮ ભાઇઓએ ભરતજીએ મોટા ભાઇ તરીકેનું ગૌરવ-ઔચિત્ય ન સાચવ્યું તેથી વાત ન માની. પોતાની શક્તિ એની સામે યુધ્ધ કરવાની હતી-યુધ્ધ કરવાની તૈયારી પણ હતી (શક્તિ-

હિમ્મત રુપે) તેથી પણ વાત ન સ્વીકારી. પણ મોટાભાઇ સાથે યુધ્ધ કરવું અનુચિત લાગ્યું તેથી યુધ્ધ કરવાની શક્તિ હતી છતાં યુધ્ધ કરવા તૈયાર ન થયા. બન્ને પ્રશ્ને મુંઝાતા માણસો-વડિલ-આપ્તજનની સલાહ લેવી જોઇએ, પિતાજી તરીકે સલાહ લેવા ગયા, સંસારમાં મુંઝાતી વ્યક્તિએ સાધુ પાસે, જ્ઞાની-ગીતાર્થ ગુરુ પાસે સલાહ ન લેવાય એવું નથી, જ્ઞાની-ગીતાર્થ ગુરુ ધર્મની યોગ્યતાને અનુરુપ આત્મ કલ્યાણની સલાહ આપે તેથી ભગવાને યુધ્ધ ન કરવા પુરતી સલાહ ન આપતાં કર્મ, ભોગ, સંસાર સામે યુધ્ધ કરવાની સલાહ આપી. **સાધુ સંસારની સલાહ ન આપે પણ સંસારની પ્રવૃત્તિઓમાં દોષોના ત્યાગનો ગુણકારક ઉપાય માર્ગ જરુર બતાવે.**

**પ્રશ્ન :** તરત બાહુબલિ સાથે પણ દુત મોકલવાનો વ્યવહાર કેમ કર્યો ? ૯૮ ભાઇઓએ સંયમ લીધું પછી પણ ન સમજ્યા ?

ચક્રરત્ન પ્રવેશ નથી પામતું. ચક્રીપણાનું પુણ્ય છે. તેથી બીજી વાતોની ઉપેક્ષા કે ગૌણતા કરવા જીવ તૈયાર થાય છે.

૯૮ ભાઇઓમાં ભાઇઓ યુધ્ધ કરવા તૈયાર છે, છતાં નિર્ણય આપ્યો નથી તેથી ભરત યુધ્ધ કરવા આવ્યા નથી.

બાહુબલિ અને એમના પુત્રો સમર્થ છે માટે યુધ્ધની તૈયારી બતાવી દીધી. ભાઇઓની દીક્ષાના કારણે બાહુબલિનો રોષ વધ્યો હતો, બળ અને પુણ્ય ઉપર પાકો વિશ્વાસ હતો, સામે અનૌચિત્ય હતું તેથી બાહુબલિને કોઇને પૂછવાની કે સલાહની જરૂર ન લાગે.

ભરત યુધ્ધ માટે આવ્યા તેથી બાહુબલિ તૈયાર થયા મોટા પ્રારંભ કરે તો નાના શું કામ પીછેહઠ કરે ?

યુધ્ધમાં ૫-૫ કરોડનું લશ્કર નાશ પામ્યું, ત્યાં સુધી કોઇ

સમજાવવા કે સલાહ આપવા કે સુલેહ માટે ન આવ્યા-નહી ભગ-વાન, ન બ્રાહ્મી-સુંદરી. કારણ તરીકે ભવિતવ્યતા, સત્તા, પુણ્ય અને સત્યનું યુધ્ધ હતું તેમ ગણી શકાય. જો પુણ્યવાળાને અટકાવી શકાતો નથી તો પછી સત્યવાળાને શી રીતે અટકાવાય ? તેથી બે મહાસત્તા અથડાઇ રહી છે ત્યારે ક્ષેત્રાધિપતિ સૌધર્મેન્દ્ર પોતાની ફરજ બજા-વવા, સંહાર અટકાવવા વચ્ચે આવ્યા અને બન્ને વચ્ચે શરતો મુકી તે મુજબ બન્ને વચ્ચે યુધ્ધ થયું. ઇન્દ્ર જ્ઞાનથી જાણે છે છતાં બન્ને વચ્ચે યુધ્ધ નક્કી કરાવ્યું. યુધ્ધ થયું અને બાહુબલિ જીત્યા-ભરત હાર્યા.


જ્ઞાની પણ ક્યારેક નિર્ણય જાણવા છતાં આવો વ્યવહાર થવા દે છે. ભરતે બધી રીતે હારવાથી ચક્રરત્ન પ્રવેશની ચક્રીપણાની મહત્વાકાંક્ષાથી છેલ્લું શસ્ત્ર-ચક્ર ભાઇ ઉપર મુક્યું. ચક્ર હજાર દેવોથી અધિષ્ઠિત છે, માલિક ચક્રી છે, પણ યોગ્ય આદેશ માટે દેવો અને ચક્ર સ્વાધીન છે. ચક્રાધિષ્ઠાયક દેવો અનુચિત કાર્ય કરતા નથી, માણસ ભૂલે તો દેવો સજાગ કરે, એક ગોત્ર ઉપર ભૂલથી કે જાણીને મૂકાએલું ચક્ર એને પ્રદક્ષિણા દઇને પાછું આવે છે. લવ-કુશ ઉપર લક્ષ્મણે ન જાણવાથી મુક્યું હતું તે વાસુદેવનું ચક્ર પ્રદક્ષિણા દઇને પાછું આવ્યું. ભરતે બાહુબલિ ઉપર જાણીને મુક્યું તો પણ ચક્ર બાહુબલિને પ્રદક્ષિણા દઇ પાછું આવ્યું, ભરત ચક્રવર્તીનું પુણ્ય છતાં લશ્કરના યુધ્ધથી ન જીત્યા, ચાર યુધ્ધ દેવોના કરાવેલા તેમાં ન જીત્યા, ચક્રથી પણ ન જીત્યા. કારણ શક્તિશાળી અને પુણ્યવાનને જીતવાની-વશ કરવાની રીત જુદી હોય છે. **શક્તિશાળીને પ્રેમથી સમજાવટથી વશ કરી શકાય, ભયથી કે સંઘર્ષથી નહીં.** ભરતે આવેશથી ચક્ર મૂક્યું તે નિષ્ફળ ગયું કારણ દેવોને આવેશ ન હતો પછી તે પ્રસંગથી બાહુબલિને આવેશ આવ્યો તે બાહુબલિની નબળાઇ

હતી, પોતે જીત્યા બાદ-સામો હાર્યા બાદ આવેશ શા માટે, એને દંડ શા માટે ? પણ સમજાવનાર-સલાહકાર કોઇ નથી, તેથી પોતે ભૂલે તો ય બીજા ન અટકાવે. બાહુબલિએ મારવા મુઠ્ઠી ઉપાડી, પણ ભવિતવ્યતાથી સમજ્યા અને અટક્યા. આ સમજણ ખાનદાનીના કારણે આવી પણ જીવ કર્મ પરાધીન છે, તેથી મોટાભાઇને ન મરાય લોકમાં આબરુ જાય, આ ઉચિત નથી, તે જેમ સમજાયું તેમ નાના-ભાઇઓ સંયમી છે, જ્ઞાની છે, તેમને વંદન કરવામાં મારી નાનમ નથી, વાસ્તવમાં ગુણોથી હું નાનો છું, તે વાત ન સમજાણી અને કોઇ સમજાવનાર પણ ન હતા, તેથી સંયમ લઇ કાઉસગ્ગમાં રહ્યા, પણ પિતા એવા પ્રભુ પાસે જવા તૈયાર ન થયા. આ કાઉસગ્ગમાં રહેવામાં માન કારણ હતું, અને એમાં કારણ અજ્ઞાન હતું.

કેવળજ્ઞાન થાય પછી જાઉં તો વંદન ન કરવું પડે, આ અજ્ઞાને માન દ્વારા કેવળજ્ઞાન રોકી રાખ્યું. જ્યારે બાર મહિના પછી બહેનો બ્રાહ્મી-સુંદરી આવ્યા, પ્રભુજીએ મોકલ્યા ત્યારે તેમના, "માનથી નાના ભાઇઓને વંદન ન કરવાના પરિણામથી કેવળજ્ઞાન ન થાય માટે માનથી નીચા ઉતરો" એ વચન સાંભળતાં ભાઇઓને વંદન કરવાની ભાવના થઇ અને પ્રભુ પાસે જવા તૈયાર થયા આટલી જ નમ્રતામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, કારણ કે **ભૂલેલા સરળ માણસને સલાહકાર સાચો રસ્તો બતાડે ત્યારે સરળ-ગરજુ માણસ તે તરત સ્વીકારે છે.**

જે સરળ અને ગરજુ છે તે હંમેશાં સલાહકારની અપેક્ષા રાખે છે. "**બાલાદપિ હિતં ગ્રાહ્યં**" આ વાત પણ લોકમાં પ્રસિદ્ધ છે. એથી જ **મોટા-નાના કે સમોવડીયા સલાહકારની કલ્યાણ**

મિત્ર રુપે સર્વત્ર આવશ્યકતા છે, પરંતુ જે પોતાને સમર્થ માને, સમજુ માને, બીજા કરતાં ઉંચો માને, હું ક્યાંય ન ભૂલું, મને બીજાએ સલાહ ન આપવી, બીજા કહે તેમ મારે વર્તવાનું નથી, વિગેરે માનના ધોરણોથી જે ઘેરાયેલ છે, જે સ્વ કાર્ય કરતાં પણ માનને મુખ્ય કરે, તે આત્માને કોઇ સલાહકાર વાસ્તવિકપણે હોતા નથી. માત્ર જી હજુરીયા હોય છે અને એ લોકો ખોટા માર્ગેથી વારણા કરતા નથી, સાચો-સારો માર્ગ યાદ કરાવતા નથી. સાધુઓમાં પરસ્પર જે સ્મારણા-વારણા વિગેરે કર્તવ્યો બતાવ્યાં છે, તે પણ આરાધકતાની અપેક્ષાએ પરસ્પર સરળતા અને ગરજુંપણું અવશ્ય હોય છે, તેમ સમજીને છે. આ સ્મારણા, વારણા ઉલ્લાસથી અને લાભકારી સમજીને જે સ્વીકારે તેઓ બાહુબલિની જેમ સંયમાદિની પરંપરાએ કેવળજ્ઞાનાદિ ગુણોના અધિકારી બને છે.



# ઉદ્દેશના ૪ પ્રકાર

સવિ જીવોને શાસન પમાડવા દ્વારા મોક્ષ સુધી પહોંચાડવાના ઉદ્દેશ દ્વારા બંધાતું પુણ્ય એ પ્રભુ શાસનને સ્થાપન કરનાર મુખ્ય પરિબળ છે. આ પ્રભુશાસનની સ્થાપનાનો ઉદ્દેશ પણ જીવો કર્મથી મુક્ત બને અને મોક્ષને પ્રાપ્ત કરે એ જ હોય છે.

મુખ્યત્વે ઉદ્દેશ ચાર પ્રકારના છે.

પ્રધાન ઉદ્દેશ, અપ્રધાન ઉદ્દેશ, ઉપેક્ષણીય ઉદ્દેશ, નિંદ્ય ઉદ્દેશ.

૧) જે કારણનું જે મુખ્ય કાર્ય હોય તેના લક્ષથી કારણમાં પ્રવૃત્ત થાય તો તે પ્રધાન ઉદ્દેશ કહેવાય...જેમકે ધર્મક્રિયાનું મુખ્ય કાર્ય મોક્ષપ્રાપ્તિ છે તો તેનો ઉદ્દેશ તે પ્રધાન ઉદ્દેશ કહેવાય...

૨) કાર્યનું પરંપરાએ કારણ હોય તેવા કારણમાં પ્રવર્તનાર મુખ્યકાર્યનો ઉદ્દેશ રાખીને વચગાળાના કાર્યનો ઉદ્દેશ રાખે તે ગૌણ ઉદ્દેશ કહેવાય અને મુખ્યકાર્યના ઉદ્દેશ વગર માત્ર વચગાળાના કાર્યોનો ઉદ્દેશ રાખે તે અપ્રધાન ઉદ્દેશ કહેવાય.

વચગાળાના ઉદ્દેશવાળો વચ્ચે અટકી પણ જાય જ્યારે મુખ્ય ઉદ્દેશવાળો વચ્ચે ન અટકે...સતત શ્રીમંતાઇના લક્ષવાળો જીવનભર

કે પેઢીઓ સુધી સુખી રહી શકે તેટલી સંપત્તિના અર્જન પછી પણ વેપાર બંધ ન કરે જ્યારે લાખ રુપિયાના ઉદ્દેશવાળો લાખ રુપિયા મળ્યા પછી આગળ ઇચ્છા ન જાગે તો વેપાર બંધ પણ કરી દે.

જેમ અમદાવાદથી મુંબઇ જવા નીકળેલને વચ્ચે વડોદરા ઉતરવું પડે તેમ હોય તો પણ વડોદરાનો ઉદ્દેશ ગૌણ હોવાથી ત્યાં ન અટકતા આગળ વધે જ્યારે માત્ર વડોદરાનો ઉદ્દેશ લઇને નીકળેલ મુંબઇ પ્રાય : ન પહોંચે.

મોક્ષના ઉદ્દેશ સાથે સંકળાયેલા બધા જ આરાધનાના ઉદ્દેશો અને ગુણોના ઉદ્દેશો ગૌણ હોવા છતાં પ્રધાન ઉદ્દેશ સાથે સંકળાયેલ હોવાથી ઉપાદેય છે પરંતુ પ્રધાન સાથે સંકળાયેલ ન હોય તો તે અપ્રધાન હોવાથી રાજમાર્ગે ઉપાદેય ન ગણાય. તેથી જૈનેતર માર્ગમાં બાહ્યથી દેખાતા ત્યાગ-વૈરાગ્યાદિ ગુણોયુક્ત અનુષ્ઠાનો પ્રધાનરુપે ઉપાદેય નથી. તે જ રીતે **ગીતાર્થ અનિશ્રિત અગીતાર્થની ઉગ્રચર્યા અને શ્રમણ પ્રધાન શ્રી સંઘને અનિશ્રિત ગીતાર્થ પણ ઉપાદેય કે પ્રશંસનીય નથી કરાણ કે પ્રભુ પછી બીજે નંબર શ્રમણ પ્રધાન શ્રી સંઘનો છે અને મોક્ષના ઉદ્દેશવાળાને તેની નિશ્રા વિના પાલવે નહીં તેથી શ્રી સંઘ કે ગીતાર્થની નિશ્રા વિનાના તાત્વિક રીતે મોક્ષના ઉદ્દેશાથી વંચિત છે.**

૩) જે ઉદ્દેશ કાર્યને સાધતો પણ નથી અને બગાડતો પણ નથી એવા ઉદ્દેશ માટે પ્રધાન કાર્યના કારણનો ઉપયોગ કરવામાં આવે તો તે કાર્ય અને કારણ બન્નેની આંશિક કદર્થના છે તેથી તેને ઉપેક્ષણીય ઉદ્દેશ કહેવાય છે. આરોગ્ય માટે, ખાધું પચે અને શક્તિ

આવે માટે તપ કરવો, ધન વધે માટે દાન આપવું, જ્ઞાન ભણીએ તો માન મળે, આચાર પાળીએ તો સારા કહેવાઇએ વગેરે ઉદ્દેશો ફક્ત હોય તો તે ઉપેક્ષણીય ઉદ્દેશ કહેવાય...આ ઉદ્દેશમાં, આત્મગુણો કે મોક્ષનો ઉદ્દેશ આંશિક હોય તો તે સામાન્ય ઉપાદેય ગણાય પરંતુ એવો આંશિક ઉદ્દેશ પણ ન હોય અને અતિ ઉત્કંઠા વિનાના માત્ર અર્થ-કામના ઉદ્દેશ હોય તો તે ઉપેક્ષણીય છે.

**જીવન વ્યવહારના આરોગ્યાદિક કે વ્યવહારિક આપત્તિ નિવારણ આદિ ઉદ્દેશો ઉપેક્ષણીય હોવા છતાં આ ઉદ્દેશોની સિદ્ધિ થતાં શ્રદ્ધા અને ધર્મ પ્રવૃત્તિ વધે છે માટે નિન્દ્ય નથી.**

આ ઉપેક્ષણીય ઉદ્દેશ બે પ્રકારે છે-પ્રભુના પ્રભાવથી માંગણી અને ધર્મકરણીના ફળરુપે માંગણી-બન્નેમાં શ્રદ્ધા-વિશ્વાસ છે તેથી કથંચિત ઉપાદેય છે. જો આ આશંસાની તીવ્રતા થાય તો તે નિન્દ્ય બને...

૪) અત્યંત ભોગની ગૃદ્ધિથી, કઠોરતાથી, ક્રૂરતાથી કે ગાઢ મોહાંધતાથી અર્થ-કામોપાર્જન, ઉચ્ચાટન, મારણ આદિના ઉદ્દેશ ઉત્પન્ન થાય, જે શિષ્ટ લોકોમાં પણ નિંદ્ય ગણાય એ નિન્દ્ય ઉદ્દેશ કહેવાય...દા.ત. કમઠ, અગ્નિશર્મા આદિના...જેમ આ ઉદ્દેશ અત્યંત નિન્દ્ય છે તેમ તેનાથી કરાતું કાર્ય સ્વરુપથી સારું હોવા છતાં પ્રશંસનીય થતું નથી...આવો ઉદ્દેશ સર્વથા વર્જ્ય ગણાય...

**પંચસૂત્ર પ્રથમસૂત્રની ટીકામાં** નિયાણાનું સ્વરુપ ઉપર પ્રમાણે બતાવેલ છે. નિન્દ્ય ઉદ્દેશ જ નિયાણામાં આવે, બાકીના નહીં....

पुनरपि सहनीयो दुःखपाकस्त्वयाऽयं ।
न खलु भवति नाशः सञ्चितानां तु कर्मणाम् ॥

જીવે બાંધેલ કર્મ સામાન્યથી ભોગવ્યા વગર નાશ પામતું નથી. એમાં પણ જે કર્મ ઉદયમાં આવ્યું છે તેને સહન કરીને ખપાવી નાખવું. નહિંતર ભવિષ્યમાં પણ સહન કરવું પડશે. કારણ બાંધેલા કર્મનો ભોગવ્યા વગર નાશ થતો નતી. 'वेइत्ता मोक्खो नत्थि अवेइत्ता' આ વાક્ય એક અપેક્ષાએ છે.

જે દુ:ખ-કર્મ ઉદયમાં આવ્યું છે તેને સહન કરીને જીવે ખપાવવું, નાશ કરવો. તેમાં અકળાવવું નહિ. જે જીવ દુ:ખના ઉદ-યમાં દીન બને છે તેને ફરી ફરી પાપ બંધાય છે અને દુ:ખ ભોગવવું પડે છે. કદાચ કોઇ દવા વગેરે ઉપાયથી દુ:ખ ખસી જાય તો કાલાન્તરે ભોગવવું પડે છે. કારણ કે બાંધેલા કર્મનો ભોગવ્યા વગર નાશ નથી થતો. નિકાચિત કર્મની અપેક્ષાએ આ વિચારણા છે.

નિકાચિત અને અતિપ્રબળ કર્મના ઉદય વખતે ઉપરની વિચા-રણા જેમ જરુરી છે તેમ સામાન્ય પણ પાપ કર્મના ઉદયથી આવેલ દુ:ખમાં વિહ્વળ બની તેનાથી છૂટવા ફાફાં મારનારે આ લક્ષ રાખ-વાનું કે સમતાથી સહન કરી લેવું જેથી ફરી સહન ન કરવું પડે.

જીવ પાપ કર્મના ઉદયકાળમાં દુ:ખમુક્તિના ઉપાયોને ગોતતો દવા વગેરેની પાછળ આર્તધ્યાનથી વધારે કર્મો બાંધે છે. ધનની-કુટુંબની-માનની કે બીજી કોઇ વિષમ પરિસ્થિતિમાં જીવ સમતાથી તે સહન કરે તો તે કર્મ તો ખપે, બીજા પણ ઘણા ખપે, નવા કર્મ પાપકર્મ ન બંધાય. આ એક મુખ્ય ઉપાય ઉદયમાં આવેલા કર્મ ખપાવવાનો બતાવ્યો.

જીવને ધર્મ આરાધનામાં અંતરાય થતો હોય અથવા સહન કરવાની ધૈર્ય, સમતા ન હોય તો શું કરવું એ પ્રશ્ન સામે જવાબ છે કે ઉદયમાં આવેલા કર્મ ઉપાયથી ન ખસે અને ભોગવવા પડે તો સમતા ધૈર્ય ન હોય તો રડીને પરાણે પણ સહન કરવા જ પડે છે અને તે વખતે કર્મ ભોગવાય છે તેથી અનેકગણું પાપ જીવ બાંધે છે જેથી વારંવાર જીવે સહન કરવું પડે. તો માનસિક તૈયારી કેળવીને ધર્મની આરાધના માટે-સમતા માટે દુ:ખને દૂર કરવા પ્રયત્ન કરનારને આર્તધ્યાનમાંથી બચવાનો ઉદ્દેશ હોવાથી અને સમાધિ ટકાવવાની, ધર્મ કરવાની ભાવના હોવાથી નવા પાપકર્મ નથી બંધાતા. આવા પ્રયત્નોથી દુ:ખ જાય તો આરાધના વધે અને ન જાય તો સહન કરવાની તૈયારી પહેલેથી જ રાખી હોવાથી એ સહન કરવા, સમાધિ પકડી રાખવા પ્રયત્ન કરે. તેથી જીવનું સત્વ વિકસિત થાય. જૂના પાપકર્મ ભોગવાય, નવા ન બંધાય અને સમતાના કારણે બીજા પણ ઘણા પાપ કર્મ ખપે. આ દુ:ખ એકલું અશાતાવેદનીયનું જ ન સમજવું. સંસારમાં જેટલા દુ:ખના, પાપના, જીવની અરુચિના પ્રકારો છે તે બધા જ પાપકર્મ માટે સમજવું. પૂર્વે જે મોહ, અજ્ઞાન, અવિવેક, રાગદ્વેષ વગેરે અઢાર પાપસ્થાનોથી કે તેમાંના કોઇ પણ પાપસ્થાનમાં રસ-આનંદ-પ્રશંસા-અનુમોદના-ઇર્ષ્યા વગેરેથી ભૂતકાળમાં બાંધેલા, આત્મામાં સત્તામાં રહેલા કર્મો જ્યાં સુધી ઉદયમાં નથી આવ્યા ત્યાં સુધી એને ખપાવવા શ્રી પરમાત્માના શાસનમાં ઉપાયો બતાવ્યા છે તે જ ઉપાયો તમે આચરો તો પાપકર્મ ભોગવ્યા વગર પણ ખપાવીને જીવ દુ:ખ અને પાપથી મુક્ત થાય છે.

પાપકર્મ બાંધનાર આત્મા છે તેમ પાપકર્મ ખપાવનાર પણ આત્મા છે. **આત્માની પાપ તરફની રુચિ, પ્રવૃત્તિ અને રસથી કર્મ**

બંધાય છે. તીવ્ર બને છે. તેમ પાપની હેયરુપે અરુચિ, પ્રવૃત્તિના બદલે શક્ય હોય તો નિવૃત્તિ, પૂર્વે થયેલા પોતાના પાપોના પશ્ચાત્તાપ, નિંદા, ગર્હા, બીજી વ્યક્તિઓના પાપની ઉપેક્ષા અને વ્યક્તિની નિંદા-ગર્હા ન થાય તે લક્ષમાં રાખીને તે વ્યક્તિ અંગે કર્મ-મોહ-અજ્ઞાનની- પરાધીનતાની વિચારણા અને તેમના પણ પાપોની પાપરુપે હેયપણાની લાગણીથી પાપો નાશ પામે છે કે નબળા પડે છે.

પાપકર્મને બાંધનાર પાપસ્થાનો પ્રત્યેની તીવ્ર અરુચિ તથા વિરોધી ધર્મસ્થાનોની હૃદયથી-મમતાથી-લાગણીથી અને વાણીથી-કાયાથી સ્વીકાર આ જેટલા તીવ્ર બને તેટલા તે તે પાપસ્થાનોથી બંધાયેલા પાપકર્મો પ્રતિપક્ષ ઉપાયોથી નાશ પામે. ક્રોધનું પાપકર્મ ક્ષમાથી નાશ પામે ચંડકૌશિકની જેમ, માનનું પાપકર્મ નમ્રતાથી નાશ પામે અચુંકારી ભટ્ટાની જેમ, માયાનું પાપકર્મ સરળતાથી નાશ પામે. આ રીતે જીવ ગુણોનો-સંવરનો અભ્યાસ કરે તો પાપકર્મ નાશ પામે. જ્યાં સુધી તે તે પાપકર્મ વિશેષરુપે આત્માને બંધાયેલા છે એમ જણાય નહિ ત્યાં સુધી તેનાથી છૂટવાનો પુરુષાર્થ થઇ ન શકે. પાપથી છૂટવા દાન-શીલ-તપ અને ભાવને સર્વત્ર સ્વીકારવાથી, આરાધવાથી બધા પાપકર્મ નાશ પામે છે. પાપ નાશનો મુખ્ય ઉપાય પાપસ્થાન અને એનાથી લાગતા પાપની જીવ શ્રદ્ધા કરે, જીવ લાગણીથી સ્વીકારે ત્યારે પાપકર્મના અનુબંધો તૂટે છે. તીવ્ર પાપ બંધાતા નથી. **આ હેયપણાની લાગણી દરેક પાપસ્થાનોમાં જીવને થવી તે સમ્યક્ત્વના એક મહત્ત્વના અંશ સ્વરુપ છે.** નવા પાપકર્મને અટકાવવા તેમજ જુના પાપકર્મને વગર ભોગવે ખપાવવા એટલે કે રસોદય વગર વિખેરી નાખવામાં આ પ્રધાન કારણ છે. **જેના હૃદયમાંથી જે વાતનું-જે વસ્તુનું ખેંચાણ જાય તેના હૃદયમાંથી તે વ્યક્તિ-વસ્તુ-ક્રિયા પણ સહેલાઇથી જાય છે.** પાપને પાપરુપે હેયપણાની લાગ-

ણીથી અનુભવવાથી એમાં પશ્ચાત્તાપની લાગણી આવતી જ રહે છે. આપણા પાપકર્મને અને એના રસને શક્તિને ભોગવ્યા વગર તોડે છે. એના કારણે મોટામાં મોટા અને નાનામાં નાના પાપોનો ત્યાગ હૃદયના પરિણામથી અને બાહ્ય રીતે જીવ સહજરીતે કરે છે. જે ચીજનો જીવ મનપૂર્વક, લાગણીપૂર્વક ત્યાગ કરે ત્યારે તે નિમિત્તે બાંધેલ કર્મો પણ ઢીલા પડે અને નાશ પામે છે. માટે જિનશાસનમાં ક્ષમાપના અને બધા જ પાપોમાં મિચ્છામિદુક્કડં અત્યંત લાગણી પૂર્વક કરવાથી જીવને બધા જ પાપો નાશ પામે અને કેવળજ્ઞાન પણ મળે. ચારિત્ર એ આત્મામાં રહેલા ભૂતકાળના કરેલ પાપો અને પાપ સંસ્કારોના નાશનો પ્રધાન ઉપાય છે તથા પાપ જુગુપ્સા તથા ધર્મરસથી રસાયેલ બધી જ ધર્મકરણીઓ અને ધર્મવ્યવહારો વિશેષથી તે તે કર્મોના નાશના અને સામાન્યથી સર્વકર્મના નાશના પ્રબળ ઉપાય છે.

**એક પાપ બધા પાપસ્થાનનું સાગરીત છે તેમ એક ધર્મ-સ્થાનની લાગણી બધા ધર્મસ્થાનની-લાગણીઓની સાગરીત=મિત્ર છે.** માટે એક પાપત્યાગથી સર્વ પાપ નાશ સુધી પહોંચી શકાય છે. તથા સર્વ પાપત્યાગમાંથી એક પાપકર્મના સર્વથા નાશ સુધી પહોંચી શકાય છે. આ પાપની નિવૃત્તિ અને ધર્મની પ્રવૃત્તિ ભાવ-લાગણી-ઉપયોગવાળી ત્યારે જ બને જ્યારે અપ્રમત્તતા-યોગની કાળજી આવે અને તે યોગની કાળજી-ઉપયોગની કાળજી (જયણા)થી આવે છે. એટલે જયણાને શાસ્ત્રોમાં પ્રધાન બતાવી છે. **અપેક્ષાએ સંયમ કરતા પણ જયણા પ્રધાન છે. જયણા વગર સંયમ તો લાંબુ રહેતું નથી, સમ્યક્ત્વ પણ રહેતું નથી. જયણા એ તે-તે ધર્મના અપ્રમાદનો અંશ છે.** આમ સહનશીલતા, સત્વયુક્તતા, પાપજુગુપ્સા, તથા ધર્મમાં અપ્રમત્તતાથી જીવ વગર ભોગવે એક ભવ બે-પાંચ-સાત ભવમાં બધા કર્મ ખપાવી મોક્ષે જાય છે.

■ ■ ■

# વિશ્વ સંચાલન નિયામકો

અનાદિ અનંતકાળથી સતતપણે અને સુવ્યવસ્થિપણે ચાલતા સમગ્ર વિશ્વનું સંચાલન અનેકવિધ કારણોથી થાય છે. **જિનશાસને વિશ્વના સંચાલક તરીકે કોઇ ઇશ્વરને નથી માન્યા. વિશ્વનું સંચાલન કરે છે પાંચ ભાવો.** જેને શાસ્ત્રીય પરિભાષામાં પંચ સમવાયિકારણ કહેવાય છે. કોઇ પણ સંસારી જીવવિષયક કાર્ય બને તેમાં આ પંચ સમવાયિકારણની હાજરી ગૌણ-મુખ્ય ભાવે અવશ્ય હોય છે. ક્યારેક કોક મુખ્ય તો ક્યારેક કોક મુખ્ય બને બાકીના ગૌણ બની હાજરી આપે. **આ પાંચ કારણો છે. કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ, અને પુરુષાર્થ...**

અહીં પાંચમાંથી છેલ્લા બે કર્મ અને પુરુષાર્થ પર મુખ્ય વિચારણા કરવી છે.

છેલ્લો જે **પુરુષાર્થ** બતાવ્યો છે તે જીવનો પ્રયત્ન વિશેષ સમજવો.

સંસારી જીવના પ્રયત્નમાં જ્ઞાન-અનુભવ-આવડત એ **અંતરંગ કારણ છે.**

સામગ્રીની અનુકૂળતા-પ્રવૃત્તિ અને ચોક્કસાઇ એ **બાહ્ય કારણ છે.**

સાધક-બાધક રુપે અનુકૂળ-પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-

ભવ વગેરે **નિમિત્ત કારણ** છે.

પુરુષાર્થ જ્ઞાન દ્વારા થાય છે માટે પ્રથમ જ્ઞાન આપવું પડે છે, તે જ્ઞાન પદ્ધતિસર-વ્યવસ્થિત-સચોટ હોય તો સારું અને શીઘ્ર પકડાય છે આને **ગ્રહણશિક્ષા** કહેવાય.

આ જ જ્ઞાન મળ્યા પછી જો પ્રેક્ટીકલ અનુભવ ન મેળવે તો કાર્ય થતું નથી, બરાબર થતું નથી, યશસ્વી બનતું નથી. આ અનુભવ મેળવવાના પ્રયત્નને **આસેવનશિક્ષા** કહેવાય.

આ જ્ઞાન અને અનુભવ મેળવવામાં જીવની જેટલી ક્ષયોપશમ શક્તિની પ્રગટ યોગ્યતા-ઉલ્લાસ-કાળજી-એકાગ્રતા-વિક્ષેપત્યાગ-યાદ રાખવું-સકારણ પૂર્વાપરવિચારણા-કાર્યમાં થતા લાભ-નુકશાન-ફેરફારને જોવા, આ બધાથી જીવ આવડતવાળો બને છે.

આ ગ્રહણ-આસેવન અને આવડત જ્ઞાન દરેક પુરુષાર્થ માટે આંતરિક પ્રધાન કારણો છે. ઔચિત્યજ્ઞાન આના ૩ જા ભેદમાં (આવડતમાં) આવે.

કાર્ય સાધનોથી અને ક્રિયાથી થાય છે. સાધનો બાહ્ય વસ્તુરુપ એની ક્વોલીટી રુપ અનુકૂળ-તકલાદી વગેરે જેમ હોય છે તેમ પોતાના પુણ્ય-પાપના ઉદયો, સામાના પુણ્ય-પાપના ઉદયો, સાધ્યતા અસાધ્યતા એ કારણ હોય છે. પુણ્યના ઉદયકાળમાં અલ્પ મહેનતે કાર્ય સફળ થાય છે. પાપના ઉદયમાં કાર્ય નિષ્ફળ જાય, અપયશ મળે. માટે કાર્યના સાધનોમાં બાહ્ય સામગ્રી-દ્રવ્યાદિ સામગ્રી-કર્મના ઉદય-ક્ષયોપશમાદિ સામગ્રી સ્વની અને પરની જાણવી-પારખવી આ પણ આવડત છે. વ્યક્તિ-તેની કેપેસીટી-સ્વભાવ પણ પકડવા પડે. વસ્તુ-તેની ક્ષમતા પણ જાણવી પડે.

**તેથી દ્રવ્યાદિ અનુકૂળ સામગ્રીમાં પ્રયત્ન કરવો. પ્રતિકૂળ સામગ્રીમાં શાંતિથી રાહ જોવી. શક્ય પ્રયત્નથી દ્રવ્યાદિને અનુકૂળ કરવા, પ્રતિકૂળથી ખસી જવું, તેને દૂર કરવા. આ પણ પુરુષાર્થની સફળતાનું કારણ છે. વિપરિતમાં નિષ્ફળતા કે અલ્પફળનું કારણ છે.**

પુરુષાર્થ (૨) પ્રકારના - સાંસારિક અને ધાર્મિક...

સાંસારિક એટલે ભૌતિક-બાહ્ય સત્તા-સંપત્તિ-વૈભવાદિ પ્રાપક.

ધાર્મિક એટલે સ્વભાવ પ્રાપક, શુદ્ધાત્મસ્વરુપ પ્રાપક, અધ્યાત્મિકતા પ્રાપક. **જે આત્મા સત્પુરુષાર્થવાળા અને ઉપર બતાવેલ અનુભવવાળા હોય છે તેને ભૌતિકપુરુષાર્થ સ્વાભાવિક થયા કરે છે અને તે આધ્યાત્મિકનો બાધક ન બનતાં અપેક્ષાએ સાધક બને છે.**

આ ધાર્મિક પુરુષાર્થ ચરમાવર્તમાં અપુનર્બંધકથી જીવને પ્રાપ્ત થાય છે. જેથી આનુષંગિક સાંસારિક ઊંચા સુખો ધર્મીને વિવેકીને-આસક્તિની મંદતાવાળાને પ્રાપ્ત થાય છે અને અધ્યાત્મમાં બાધક બનતા નથી. અપુનર્બંધકદશા વગર પુરુષાર્થની અપ્રધાનતા છે. કારણ આંતરિક જ્ઞાન-અનુભવ-આવડત અને કારણ પરીક્ષા વગેરેનું લક્ષ્ય નથી. આ લક્ષ્ય માધ્યસ્થભાવથી અને જિજ્ઞાસાથી આવે છે. આવેશ-ઉતાવળાપણું-એકાંતપક્ષ વગેરે-અન્યજિજ્ઞાસા વગેરે પુરુષાર્થને દૂષિત કરે છે. કુંઠીત કરે છે. માટે ભવાભિનંદી જીવનો પુરુષાર્થ નિષ્ફળ બતાવ્યો છે. **भवाभिनन्दी स्यान्निष्फलारंभसंगतः** (પૂ.ઉપા. શ્રી યશો વિ. મ. કૃત ૧૦ મી બત્રીશી) અથવા અલ્પફળ કે વિપરિત ફળના આરંભવાળો બતાવેલ છે. **(विपरितफलवहा)** કારણ કે ધર્મ-પુરુષાર્થના બાધક કારણ ક્ષુદ્રતા-લાભરતિ-દીન-મત્સરી-ભયવાન-શઠ-અજ્ઞ-નિષ્ફળઆરંભ છે. જે ભવાભિનંદીમાં રહેલ હોય છે. માટે

માર્મિક-વાસ્તવિક-પ્રબળ ધર્મપુરુષાર્થની યોગ્યતા-પ્રગટીકરણ ચરમાવર્તમાં અપુનર્બંધકથી થાય છે. પુરુષાર્થનું કાર્ય અલ્પ પ્રયત્ને સ્થાયિ- વિશિષ્ટ લાભ થાય. એ સિવાય ઘણી મહેનતે અલ્પલાભ થાય. ન પણ થાય.

માટે દ્રવ્યાદિ સામગ્રીને લક્ષમાં રાખીને અનુકૂળ પ્રવૃત્તિ ને ધર્મ પુરુષાર્થ કરવાથી અધ્યાત્મનો પણ ઘણો વિકાસ થાય છે. માટે શાસ્ત્ર આજ્ઞા, દ્રવ્ય-ક્ષેત્ર આદિને લક્ષમાં લઇને-અનુસરીને પ્રવર્તે છે તેથી વક્રને-જડને, સરળને-બુદ્ધિશાળીને, સમર્પિતને-સ્વચ્છંદને, ઉદારને-કંજૂસને, આળસુને-ઉદ્યતને, ધનવાનને-નિર્ધનને, બીમારને-નિરોગીને, સુકાળમાં-દુકાળમાં, સામુહિકમાં-વ્યક્તિગતમાં, અવસ્થા ભેદથી પુરુષાર્થની આજ્ઞા ભિન્ન-ભિન્ન હોય છે. જેમ ડો. ની દવાની ક્વોલીટી-માત્રા-પથ્યના પ્રકાર વ્યક્તિને આશ્રયી બદલાય. ન્યાયાધીશની દંડ-શિક્ષા પણ બદલાય.

**તેથી પુરુષાર્થનો અર્થ મહેનત-પ્રયત્ન એવો સામાન્ય ન કરતા વિવેકગર્ભિત યોગ્ય-અયોગ્ય પરિસ્થિતિના વિચારપૂર્વક અવસર-અનવસરને સમજીને સ્વ-પર વ્યક્તિગત અને સમષ્ટિગત લાભ-નુકશાન માપીને ઉચિત રીતે પ્રવર્તવું.** જેમ મરતી વખતે મનને બધા વ્યવહારમાંથી છોડીને આત્મામાં લગાડવું તેમ જીવન વ્યવહારના કાળે આત્માને લક્ષમાં રાખી બાહ્ય ઉચિત વ્યવહાર પ્રવર્તાવવો. અન્યથા બધુ છોડીને બેસવું પડે.

ચરમાવર્તમાં પુરુષાર્થ પ્રધાન છે. વિવેકી-ઔચિત્યસંપન્ન-જ્ઞાની-અનુભવી-આવડત વાળાનો પુરુષાર્થ પ્રધાન છે. દ્રવ્યાદિની અપેક્ષાને જોનાર-તદનુસાર પ્રવૃત્તિ કરનારનો પુરુષાર્થ પ્રધાન છે. બાકીના પુરુષાર્થ કર્મથી-અજ્ઞાનથી-મોહ-રાગ-દ્વેષથી દૂષિત છે માટે વિશિષ્ટતમ

ફળથી રહિત દુ:ખના કારણભૂત સંસાર ભ્રમણ રુપ હોવાથી અપ્રધાન પુરુષાર્થ છે. માટે અચરમાવર્તમાં=અપુનર્બંધકથી પહેલાની **ભૂમિકામાં કર્મ પ્રધાન છે. પુરુષાર્થ તે-તે કર્મ મુજબ થાય છે. જ્યારે અપુનર્બંધકથી પુરુષાર્થ જ્ઞાન-વિવેક અને ઔચિત્યના આધાર પર થાય છે.**

કર્મ ચરમાવર્તમાં ગૌણ છે. કારણ અલ્પકાળમાં નાશ પામનાર છે. એનું જોર વધારનાર-ટકાવનાર અજ્ઞાનદ્રષ્ટિનો-અવિવેકનો-અનૌચિત્યનો-આવેશોનો અને અસત્પ્રવૃત્તિઓના પક્ષપાતનો હ્રાસ-નાશ થાય છે. એવી જ રીતે વિપરિતરુપમાં જ્ઞાનદ્રષ્ટિ-વિવેક-ઔચિત્ય-શાંતિ-સત્પ્રવૃત્તિઓ અને તેનું વલણ-રુચિ ઉત્પન્ન થાય છે. તેથી અત્યાર સુધી જે દ્રવ્ય-ક્ષેત્રાદિ હેતુઓ કર્મને જોર આપનાર-સર્જનાર હતા તે હવે કર્મક્ષયના હ્રાસમાં-સત્પુરુષાર્થમાં સહાયક બને છે. જેમ શસ્ત્ર દુષ્ટના હાથમાં નાશક-મારક બને છે. અને સજ્જનના હાથમાં રક્ષક થાય છે. એ રીતે અસત્પ્રયત્ન-કર્મોદયવાળા જીવને દ્રવ્યાદિ મારક બને છે અને સત્પ્રવૃત્ત-સત્પુરુષાર્થવાળાને તે જ દ્રવ્યાદિ વિવેક દ્વારા આગળ વધારે છે. ટૂંકમાં કર્મ ચરમાવર્તમાં ગૌણ છે, અચરમાવર્તમાં બળવાન છે.

**કાળ** એ ત્રીજું કારણ છે. કાળથી દ્રવ્ય-ક્ષેત્ર-ભવ-ભાવ ચારેય લેવા. ચરમાવર્ત-અચરમાવર્ત એ કાળકૃત ભેદ છે માટે કાળને મુખ્ય કરવામાં આવ્યું છે. બાકીના દ્રવ્યાદિ (૪) બદલાતા રહે છે તેથી પણ કાળને મુખ્ય કર્યું છે. ભાવ પણ ચરમાવર્તમાં શુદ્ધ-તીવ્ર-વાસ્તવિક આવે છે. અચરમાવર્તમાં અપ્રધાન છે. માટે ભાવની યોગ્યતા સદ્દ્રષ્ટિને આધીન છે અને તે ચરમાવર્ત ને અપુનર્બંધક અવસ્થા આધીન છે. તેથી તેને પણ કાળની પ્રધાનતામાં સમાવેશ કર્યો છે.

દ્રવ્યાદિના વિશેષ ભેદો-એની સફળતા-નિષ્ફળતા, પ્રધાનતા-ગૌણતા વગેરેની દ્રષ્ટિ પણ કાળની પ્રધાનતાથી ચરમાવર્તમાં આવે છે. માટે બધામાં (દ્રવ્યાદિ ૫ માં) કાળની મુખ્યતા ગણી છે. કાળના કારણે જીવ મોહ-અજ્ઞાન-ઇન્દ્રિય-કષાયને પરતંત્ર બનીને અસત્પુરુષાર્થ અને અસત્કર્મનિર્માણ કરતો સંસારમાં ભમે છે. કાળ પરિપાક થતા બધી ગાડી સીધી લાઇન ઉપર આવીને જીવ સદ્દ્રષ્ટિ અને સત્પુરુષાર્થ દ્વારા કર્મ ખપાવી મોક્ષે જાય છે.

કાળનું બળ **ભવિતવ્યતા** અને **સ્વભાવના** આધારપર છે. અહીં જીવના બે પ્રકારના સ્વભાવ છે. સ્વભાવ અને ભવિતવ્યતા.

સ્વભાવ માટે કર્મનો વિયોગ થાય તેવા સ્વભાવને ભવ્યત્વ કહેવાય અને કર્મનો વિયોગ ન થાય તેવા સ્વભાવને અભવ્યત્વ કહેવાય. આત્માના જ્ઞાનાદિ ગુણોનો સ્વભાવ તો બધા જ આત્માનો છે પરંતુ કેટલાક જીવોનો સ્વભાવ તે પ્રગટ થાય તેવો છે અને કેટલાક જીવોનો સ્વભાવ એ પ્રગટ જ ન થાય-કર્મના ઉદયોને તોડે જ નહીં તેવો છે. આ જેમ એક મુખ્ય સ્વભાવ છે તેવા બીજા પણ જે કોઇ નિત્યકાલીન અને અલ્પકાલીન સ્વભાવ હોય તેને અનુસરીને જીવમાં તેવા-તેવા ભાવો જોવા મળે તેથી ભવ્યત્વ અને સહજમલ બન્ને નિવર્તન (નાશ) થાય તેવો જીવનો સ્વભાવ છે.

સહજમળ-કાળક્રમથી ઘટતા-ઘટતા જીવ મોક્ષે જાય ત્યારે સંપૂર્ણ નાશ પામે છે. **સહજમળ એટલે સંસારી જીવમાં કર્મબંધની યોગ્યતા.** તે યોગ્યતા કાળ પસાર થતાં થતાં ઘસાઇને કેટલાક જીવોની સંપૂર્ણ નાશ પામે છે. કેટલાકની વહેલી નાશ પામે. કેટલાકની મોડી નાશ પામે અને અનેકાનેકની નાશ ન જ પામે તેવી પણ સહજમળની

યોગ્યતા હોય છે. આ પણ જીવનો સ્વભાવ છે.

બીજો સ્વભાવ જેને તથાભવ્યત્વ-નિયતી-ભવિતવ્યતા કહેવાય છે. જેના આધાર ઉપર કાળ-પુરુષાર્થ-કર્મના ગૌણ-મુખ્યભાવ આવ્યા કરે છે. તથાભવ્યત્વ બધાનું જુદું જુદું છે તેથી ભવિતવ્યતા બધાની જુદી પડે છે. એક વ્યક્તિ સારા કાર્યમાં આગળ વધેલો પાછો પડે છે, બીજા પાછળથી સારુ કાર્ય કરતાં આગળ વધે છે. એક ચડીને પડે છે-બીજો ઉતરીને ચડે છે. એક આત્મા ગુણો-આરાધના મેળવીને પણ પાછળથી હારી જાય છે. બીજો તેની આરાધનાની અનુમોદના-પ્રશંસા અને ભાવના દ્વારા ગુણોને મેળવવાની યોગ્યતા મેળવે છે અને ગુણો મેળવી પરાકાષ્ટાએ પહોંચે છે. આ બધી જીવની નિયતી-તથાભવ્યત્વ કહેવાય. આમાં ચરમાવર્તમાં ન આવે ત્યાં સુધી જીવના હાથમાં ખાસ કશું નથી હોતું કારણ ત્યાં લગી કર્મ બળવાન હોય છે. પરંતુ પોતે ચરમાવર્તમાં આવ્યો છે કે અચરમાવર્તમાં જ છે તે વિશિષ્ટ જ્ઞાની સિવાય જાણી શકાતું નથી.

ચરમાવર્તકાળમાં ધર્મક્રિયાની રુચિ-જ્ઞાન-પરિણતિ-વિવેકની સમજણ આવેથી જીવને સહજમલ હ્રાસ થયેલ છે. તથાભવ્યત્વ અનુકૂળ છે, કર્મ લઘુ થયા છે, ચરમાવર્ત છે તેથી કાળ અનુકૂળ છે. જ્ઞાન-વિવેક-ઔચિત્યના બળથી આચાર દ્વારા દ્રવ્યાદિને અનુકૂળ રીતે વર્તીને પુરુષાર્થ દ્વારા જીવ કર્મોને ખપાવીને સત્પુરુષાર્થ-ભાવના-કાળજી દ્વારા ગુણોને મેળવતો ગુણોની પરાકાષ્ટ રુપ મોક્ષને પામે છે. અને સર્વકર્મરહિત સ્વના સંપૂર્ણ શુદ્ધ સ્વરુપને પ્રગટ કરે છે. કર્મકલંકથી રહિત થાય છે. આ આરાધનાનો ઉપાય-મોક્ષપ્રાપ્તિનો રસ્તો છે.

卐 卐 卐

# વૃદ્ધાવસ્થામાં આરાધકભાવ ટકાવી રાખવાના સચોટ ઉપાયો

અનેક ગતિ, ભવ, યોનિ આદિથી સંકુલ વિશ્વમાં મનુષ્યભવ પામવો એ ય દુર્લભ છે ત્યારે પ્રભુશાસન પામવું, સમજવું, દ્રવ્યથી તેમજ ભાવથી સ્વીકારવું અને આરાધનાની ભૂમિકાએ પહોંચવું આ બધામાં કેટલું વિરાટ પુણ્ય જોઇએ ? વર્તમાનમાં જેઓ પ્રભુશાસનની આરાધના કરી રહ્યા છે તેઓ અત્યંત પુણ્યશાલી છે.

વિરાટ અને વિશિષ્ટ પુણ્યના બળે જગતના સર્વોત્તમ ધર્મને પામ્યા-સમજ્યા અને આરાધવા માટે ઉદ્યત થયા પછી જો આપણી જાગૃતિ, કાળજી અને ઉલ્લાસ વધતા રહે તો તે તત્વનું મહત્વ આપણે સમજ્યા છીએ એમ નક્કી થાય અને જો જાગૃતિ-કાળજી-ઉલ્લાસ ન વધે તો તેની મહત્તા આપણા મનમાં વસી નથી તેમ ફલિત થાય. **જેના મનમાં જેનું મહત્ત્વ હોય તેની કાળજી, જાગૃતિ અને ઉલ્લાસ વધ્યા વિના ન રહે.**

આ ભવમાં પ્રાપ્ત થયેલ જિનશાસન ભવાંતરમાં સાથે આવે તે માટે ઘડપણના કારણે આવતી શરીરની પીડા, આરોગ્યની મંદતા કે બાહ્ય મુશ્કેલીઓ વચ્ચે પણ આરાધના અને સમાધિને મજબૂત પકડી રાખવી જોઇએ. તે માટે આરાધનાની આળસ-પ્રમાદને ખંખેરી આત્માને બળવાન બનાવીને, મનને મક્કમ બનાવીને અને શરીરને સહનશીલ બનાવીને પણ જાપ, સ્વાધ્યાય, દૈનિક ક્રિયાઓમાં વિશેષ

રુચિવાળા બનવું. થોડું સહન કરીને પણ આચાર પાલનમાં દ્રઢ બનવું.

શરીરને કેળવવા ખાવા-પીવાનો ત્યાગ વધારવો, શારીરિક શ્રમ થોડો-થોડો ચાલુ જ રાખવો. દેહની વિશેષ સંભાળ-આળપંપાળ એ વૈરાગ્યને મંદ બનાવે છે અને એથી ઘડપણ કે બિમારી વગેરેમાં જીવ આરાધનાથી ચૂકી જાય છે.

માનસિક સ્તરે ૧) મનમાં કોઇ પણ નબળાઇ, ઉણપ કે શિથિલતા અંગે ઓછું ન લાવવું. જેવા અને જેટલા સંયોગો મળ્યા છે તેનો સદુપયોગ કરી લેવો.

૨) મનને સદા કાબુમાં રાખવું. આર્ત-રૌદ્રધ્યાન કે સંકલ્પ-વિકલ્પ ન થાય તેની કાળજી કરવી. હકારાત્મક વિચારસરણી રાખવી.

૩) અધ્યાત્મપ્રેરક તેમજ વૈરાગ્યપ્રેરક ગ્રંથોનું વાંચન-ચિંતન કરતા રહેવું.

૪) નકામી વાતો, વિકથાઓ, છાપા-મેગેઝિનો, ટી.વી., ચર્ચા- વિવાદો આદિથી દૂર જ રહેવું. **કરોડો રત્નો દેતાં ય ન મળે તેવું કિંમતી આ માનવમન છે તેને બગાડે તેવા એક પણ તત્વને પ્રવેશ કેમ અપાય ?**

૫) જાપમાં મન પરોવવા વિશેષ પ્રયત્ન કરવો. વારંવાર અને વધુમાં વધુ જાપ કરી મનને પ્રભુનામથી વાસિત કરવું.

૬) શુભ ભાવનાઓથી ભાવિત બનવા સતત પ્રયત્ન કરવો.

આટલું કરવાથી ઘડપણમાં પણ જીવ આરાધના કરીને સદ્-ગતિને નિશ્ચિત કરી શકે છે.

પ.પૂ. ઉમાસ્વાતિ વાચક વિરચિત તત્વાર્થ સૂત્રમાં એક સૂત્ર


આવે છે **'માર્ગાચ્યવનનિર્જરાર્થં પરિષોઢવ્યા પરિષહાઃ ।'** અહીં પરિસહો સહન કરવાના મુખ્ય બે કારણો બતાવ્યા છે. સહુ પ્રથમ કારણ છે-**જીવ (મોક્ષ) માર્ગમાંથી ભ્રષ્ટ ન થાય તે માટે પરિષહો સહન કરવા.** અહીં માર્ગ એટલે સમ્યક્ત્વ અને ચારિત્ર બન્ને ભેગા અથવા જુદા જુદા પણ લઇ શકાય. આનો અર્થ એ કે ઉપદ્રવ-પીડા વગેરેમાં જીવ વિહ્વળ બને. પૂર્વે સહન કરવાની ટેવ નહીં પાડી હોવાથી આકુળ-વ્યાકુળ બની આર્ત-રૌદ્રધ્યાન કરે તો તે ચારિત્રથી તો ભ્રષ્ટ થાય છે, પણ સમ્યગ્દર્શનથી પણ ભ્રષ્ટ થાય છે. મળેલો ધર્મ અને ભવ હારી જાય છે. આવી સ્થિતિ ન આવે તે માટે, ઉપસર્ગ-પરિષહોમાં પણ જીવ સમતા-સ્વસ્થતા ટકાવી શકે તે માટે સામે ચાલીને પરિષહો સહન કરવા, તપ-ત્યાગ વિગેરેથી પણ સહન કરવાનું રાખવું.

જીવને સહન કરવાની ટેવ પડે, અભ્યાસ-મહાવરો વધે તેમ સહનશીલતા વધે. અને સમાધિની ઇચ્છા અને કાળજીવાળા જીવને જેમ સહનશીલતા વધે તેમ અલ્પ પ્રયત્ને સહજપણે સમાધિ પ્રાપ્ત થાય. તેથી સહનશીલતા કેળવવાનો પ્રયત્ન કરવો.

**પરિષહ સહન કરવાનું બીજું કારણ કર્મનિર્જરા બતાવ્યું** છે. પરિષહ-ઉપસર્ગોમાં આવતી પીડાને જીવ સમતાપૂર્વક સહન કરે તો વિશિષ્ટ કોટિની સકામ નિર્જરા થાય છે. વિપુલપણે કર્મનો નાશ થાય છે. જ્યારે અરુચિથી, મન વગર-પરાણે સહન કરે તો (કર્મોદયે આવેલી પીડા સહન તો કરવાની જ છે તેથી) સામાન્ય અકામ નિર્જરા થાય, પણ અઢળક નવો કર્મબંધ પણ થાય. તેથી કર્મનિર્જરા માટે પણ આવેલ પીડાને પ્રસન્નતાથી સ[illegible]ન કરવી.

શ્રી આચારાંગ સૂત્રમાં તો વૃદ્ધાવસ્થામાં વિકૃષ્ટ (ઉગ્ર) તપ કરવાનું પણ ખાસ વિધાન આવે છે. તેનું કારણ પણ છે કે વિકૃષ્ટ તપથી જીવની સહનશીલતા વિકસે છે અને શરીર જીર્ણપ્રાય: થઇ જાય છે. તેથી અંતકાળે સમાધિથી શરીર છોડી શકાય છે. જેઓ **ઘડપણમાં શરીરની વિશેષ સંભાળ અને પોષણ કરે છે. ખાનપાન આદિથી તગડું બનાવવા પ્રયત્ન કરે છે તેમને શરીરની સુખશીલતાના કારણે અંતકાળે સમાધિ દુર્લભ બને છે, સદ્ગતિની સંભાવનાઓ ઘટી જાય છે.**

માટે ઘડપણમાં શરીરને તપ-ત્યાગ- આદિથી સહનશીલ બનાવવું અને મનને સ્વસ્થ રાખવું. તો સમાધિ સહેલાઇથી પ્રાપ્ત થાય છે.



लब्धीनामुपयोगं च न ते कुर्युः यथा तथा ।
उपयोगोऽपि लब्धीनां संघकार्ये न दुष्यति ।।

त्रिषष्ठी ६ पर्व ८ सर्ग १५९/१६३

જીવને પુણ્યના યોગથી ઓદયિક ભાવની કે ક્ષયોપશમભાવની અનેકવિધ શક્તિઓ પ્રાપ્ત થાય છે. આ શક્તિઓ બે પ્રકારની હોય છે સામાન્ય અને વિશિષ્ટ.

**જે વિશિષ્ટ કે અતિવિશિષ્ટ શક્તિઓ હોય છે તેને લબ્ધિરુપ કહેવાય. જેમકે મંત્રશક્તિ, યોગશક્તિ, ચૂર્ણશક્તિ, અષ્ટસિદ્ધિ-વચનસિદ્ધિ-ઇચ્છાસિદ્ધિ.** આવી અનેક વિશિષ્ટ શક્તિઓનું શાસ્ત્રોમાં અને કથાનકોમાં વર્ણન આવે છે. આ શક્તિઓવાળા જીવો અને આરાધક મહાત્માઓનું સ્વરુપ પણ બતાવાયું છે.

**શ્રી વિતરાગ પરમાત્મા અને સર્વજ્ઞના શાસનને પામેલા પુણ્યાત્માઓમાં અનેકાનેક શક્તિઓ અવશ્ય હોય છે છતાં તેઓ પ્રાયઃ આ શક્તિઓનો ઉપયોગ કરતા નથી.** પરમાત્માના જન્મથી ચાર કર્મક્ષયથી અગિયાર અને દેવકૃત ઓગણીસ આ ૩૪ અતિશયો પણ વર્ણવેલા છે. વાણીના ૩૫ અતિશયો પણ છે.

આ વિશિષ્ટ શક્તિઓ સંસારી આત્માઓને, રાગ-દ્વેષ-મોહથી વ્યાપ્ત આત્માઓને પ્રાપ્ત થતી નથી. પરંતુ તેની મંદતામાં અને ધર્મ-સાધના તથા સદ્‌ભાવની પ્રબલતામાં ક્યારેક કોઇકને આવી શક્તિ સહજપણે ઉત્પન્ન થાય છે અને ક્યારેક તે-તે શક્તિ માટેના પ્રબળ પ્રયત્ન કરવાથી પણ ઉત્પન્ન થાય છે. આ શક્તિઓ વિવેકીને ક્યારેક સ્વસાધનામાં સહાયક થાય છે. તો ક્યારેક પરોપકાર અને અન્યને

આરાધનામાં સહાય કે રક્ષણ વગેરેમાં પણ કામ લાગે છે, સંઘ-શાસનની રક્ષા-પ્રભાવનામાં પણ ઉપયોગી બને છે. માટે તે તે શક્તિઓ સંસારી જીવો માટે નિન્દ્ય કે ઉપેક્ષણીય નથી. પરંતુ તે સાધન છે, અર્થાત્ માત્ર પ્રબળ જરુરિયાત ઉભી થાય તો જ તેનો ઉપયોગ કરાય. તેને બદલે જ્યારે-ત્યારે, જ્યાં-ત્યાં, જેમ-તેમ માન બતાવવા, ગુસ્સો ઉતારવા કે વિષમ પરિસ્થિતિ સિવાય વાતવાતમાં જે ઉપયોગ કરે તે લબ્ધિનો દુરુપયોગ કરવા દ્વારા અંતરાય પામીને પુનઃ લબ્ધિ મેળવી શકતા નથી. તેઓ અનધિકારી ઠરે છે. જેમ બીજા માણસને આદેશ કરવો તે અભિયોગ છે અને તે કરનાર જો વિશેષ પ્રયોજન વગર કરે તો તે આભિયોગિક કર્મ બાંધે છે, તેમ લબ્ધિનો પણ ઉપયોગ નિરર્થક કે અપ્રધાન રીતે બિનમહત્વના પ્રસંગે અપ્રધાન કાર્ય કે વ્યક્તિમાં કરે તો તે પણ અભિયોગિક કર્મ બાંધે છે.

આરાધના માટે અને જીવન નભાવવા માટે સામાન્ય શક્તિઓનો ઉપયોગ અનિવાર્ય છે. પરંતુ આડંબર-મોજશોખ-એશઆરામ-બીજાને દબાવવા-ઉતારી પાડવા વગેરેમાં ઉપયોગ અનુચિત છે. તેવી જ રીતે વિશિષ્ટ શક્તિઓનો ઉપયોગ પોતાનો પ્રભાવ દેખાડવા, ગૌરવ વધારવા, બીજાને હલકા બતાવવા ન કરાય. પરંતુ શાસનની, સંઘની વિશિષ્ટ કટોકટીના પ્રસંગમાં લબ્ધિનો ઉપયોગ એ દૂષણ નથી પરંતુ કર્તવ્ય છે અને વિશિષ્ટ શાસન સેવા છે. જરુર પડે ત્યારે શક્તિઓ ઉત્પન્ન થતી નથી પરંતુ પહેલેથી ઉત્પન્ન થયેલ શક્તિઓ જરુર પડે વપરાય છે. માટે વિવેકી-ત્યાગી-શાંત-ગંભીર-પરોપકારી આત્માઓ સાધના દ્વારા આવી વિશિષ્ટ શક્તિઓ પ્રાપ્ત કરે છે. અનેક પુણ્યાત્માઓ પાસે આજે પણ નાની-મોટી અનેક શક્તિઓ હોવા છતાં ઉપયોગ વગર તે જાણી શકાતી નથી અને વિના કારણ

એ બહાર જણાવવાની ચીજ પણ નથી. જિનશાસનનાં મંત્ર-તંત્ર-ચૂર્ણ-યોગ વગેરેના ઉપયોગો સાધુઓને સામાન્ય સંજોગોમાં નિષિદ્ધ છે તેથી તે સાધુ-સાધ્વીજી મ. પાસે માંગવા કે કરાવવા ન જોઇએ. તથા સાધુ-સાધ્વીજીઓએ કરવા પણ ન જોઇએ. **અતિવિશિષ્ટ આપત્તિકાળમાં કરવાના રક્ષારુપ કાર્ય વડીલો યોગ્યસ્થળેથી કરે તે ઉચિત ગણાય, બાકી બજારુચીજની જેમ ગમે તે વ્યક્તિ-ગમે ત્યારે ઉપયોગ કરે તો ઉપયોગ કરનારની અને વસ્તુની કિંમત ઘટે છે.**

સંઘરક્ષાના ગંભીર, પ્રશ્નોમાં અને તેવા મહાન કાર્યોમાં અનેક મહાપુરુષોએ જેમ કવચિત્ લબ્ધિનો ઉપયોગ કર્યો હોય તેમ ક્યારેક કોઇ કરે તો તે દૂષણ નથી. સંયમી સાધુ જેમ-તેમ જ્યારે-ત્યારે લબ્ધિનો ઉપયોગ કરે નહીં. આ વાત શ્લોકની બીજી લીટીમાં બતાવેલ છે. નમુચિના શ્રી સંઘને દેશનિકાલ કરવાના પ્રસંગમાં વિષ્ણુકુમાર મુનિ પાસે તેમને સંઘનો સંદેશો આપવા જનાર સાધુ ચોમાસામાં આકાશગામિની વિદ્યાથી જાય છે. ત્યાં વિષ્ણુકુમાર મુનિ વિચારે છે કે મહાન આપત્તિ વિના લબ્ધિનો ઉપયોગ નથી કરાતો માટે મહાન કાર્ય આવી પડ્યું લાગે છે. એ જ રીતે વિષ્ણુ મુનિ પાસે જવા કોણ સમર્થ છે તે કોઇ જાણતું ન હોવાથી શ્રી સંઘ ભેગો થઇને જાહેરાત કરે છે કે જો કોઇ ત્યાં જવા શક્તિશાળી હોય તો અત્યારે લબ્ધિનો ઉપયોગ દૂષણ નથી પણ કર્તવ્ય છે. માટે આગળ આવે. ત્યારે એક સાધુએ કહ્યું કે હું જવા માટે સમર્થ છું પણ પાછા આવવા સમર્થ નથી ત્યારે સંઘે કહ્યું "વિષ્ણુ મુનિ તમને પાછા લાવશે". આના પરથી એ ફલિત થાય છે કે ઉત્પન્ન થયેલ શક્તિઓને પણ જાહેરાતનો અને ચાલુ વપરાશનો વિષય ન બનાવાય.

લબ્ધિઓ-શક્તિઓની જાહેરાત-જાહેર વપરાશ અને વારં-વારનો વપરાશ જીવને આગળની આંતર આરાધનામાં વિઘ્ન કરનાર અને પાડનાર બને છે. માટે અતિ વિશિષ્ટ પુણ્યહીન અને ગુણહીન સામાન્ય આરાધકોએ મંત્ર-તંત્ર વગેરેમાં પ્રવેશ ન કરતાં આરાધનામાં મગ્ન બનવું-અને વિશિષ્ટ પુણ્યવાન-ધીર-ગંભીર-દેશ-કાલ-ભાવને જાણનાર આરાધકોને ગુપ્ત રીતે ગુરુની અનુજ્ઞાથી યથાયોગ્ય આરા-ધનાપૂર્વક આ પ્રયત્ન આદરણીય બને, આવો પ્રયત્ન એકાંતે હેય અને ઉપેક્ષણીય નથી.



# ધર્મિ-અધર્મિનું સ્વરુપ

- જે આત્માને ધર્મની ક્રિયા-વ્યક્તિ-વસ્તુ-પદ્ધતિ આ ગમે, રુચે, તેમજ એક પણ ધર્મસ્થાન-ધર્મક્રિયા-ધાર્મિક વ્યક્તિ વગેરે ઉપર અરુચિ ન હોય તે આત્મા **ધર્મી** હોય.
- જેને ધર્મની કોઇ પણ વાત ઉપર અરુચિ હોય તે આત્મા ધર્મની બીજી કોઇક વાતો ઉપર રુચિ ધરાવતો હોય તો તે આત્મા અધ-કચરો ધર્મિ-**મંદધર્મી** હોય. એને સંસારની વાતો-વ્યક્તિ-વ્યવહાર વગેરે પર પણ રુચિ હોય તેને **વ્યવહારધર્મી** કહેવાય. મંદ મિથ્યાત્વની આ અવસ્થા હોય છે.
- જેને ધર્મની એકે વાત ન ગમે તે **ગાઢમિથ્યાત્વી** હોય. સંસારની એકે વાત પર આદર-રુચિ ન હોય તે **નિર્મળદ્રઢધર્મિ** હોય.
- ધર્મનો પ્રારંભ ધર્મક્રિયાઓ, ધર્મસ્થાનો, ધાર્મિક વ્યક્તિઓ, ધર્મની વિધિઓ, ધર્મની વસ્તુઓ પરની રુચી આદર-પ્રેમથી થાય છે. એ જોવાનું, સાંભળવાનું અને તેનું સાન્નિધ્ય ગમે છે.
- એના સાંનિધ્યથી એમાં ગુણો-લાભ દેખાવાથી જીવને એ કરવાની ઇચ્છા થાય છે. અન્ય કરનારની પ્રશંસા-અનુમોદના કરે છે. તથા તેને સહાયક થવાની ભાવના થાય છે.
- ધર્મિનું અને ધર્મસ્થાનક વગેરેનું સાંનિધ્ય જેમને ન ગમે તે આત્મા ભાવધર્મી નથી અને દ્રવ્યધર્મથી પણ કાળક્રમે ભ્રષ્ટ થાય છે.
- જેમને ધર્મની વસ્તુ-વ્યક્તિ-વિધિ સ્થાન વગેરેમાં લાભ નથી દેખાતા તે

આત્મા ધર્મથી ભ્રષ્ટ થાય છે અને તેને ધર્મના સંયોગો પ્રાપ્ત થતા નથી.

- **જેઓ દહેરાસર-ઉપાશ્રય અને ધર્મિલોકને પાડોશી તરીકે ઇચ્છતા નથી તેઓને ધર્મિ અને ધર્મનો પડછાયો પણ મળતો નથી અને સુખ અને સારા જીવો પણ એના પડખે ચડતા નથી.** પાપી-ક્રૂર બદમાશ-હલકા જીવો એના વર્તુળમાં ગોઠવાય છે અને તે પણ તેના જેવો થાય છે.
- ધર્મ-ધર્મિ ગમવાથી ધર્મ કરવાની ભાવના જાગે. આ ભાવના જાગવાથી ધર્મના અંતરાયો તુટે, ધર્મ કરવાના સંયોગો-સામગ્રી-શક્તિ-ધર્મગુરુઓનો અને ધર્મિલોકોનો યોગ આ બધુ મળે.

'એજ રીતે'

- સંસારની ચીજ-વસ્તુ-સ્થાન ઉપર ઉદાસીનતા અને અરુચિ પણ થાય છે, એના તરફનું ખેંચાણ ઘટે છે, એનું મહત્વ ઘટે છે. એ ઘટાડવાની-છોડવાની લાગણી-ભાવના જન્મે છે. તેથી સમ્યગ્દ-ર્શન-ત્યાગ-તપ ચારિત્રના અંતરાયો તુટે છે. સંસારની સામગ્રી ઉચ્ચ-ઉચ્ચતમ હોવા છતાં બંધન કરનારી થતી નથી. ઘાસના તણખલાની જેમ છોડી શકાય તેવી માનસિક-આંતરિક શક્તિ મળે છે, સમજણ મળે છે, છોડવાની રુચિ મળે છે.
- **ધર્મ અને ધર્મિ પરની રુચિ સંસાર અને સંસારી ઉપરની રુચિનો-લાગણીનો-પ્રવૃત્તિનો નાશ કરીને જીવને બાહ્ય રીતે ધર્મમય બનાવે છે. અંતરથી ભાવધર્મિ અને ધર્મસ્વરુપમય બનાવે છે.**
- આ ભૂમિકા મેળવીને જે ધર્મ કરે છે તે ધર્મ પાવરફુલ બને અને જીવ ઉલ્લાસમય ચઢતા રંગે નિરંતર આરાધનામાં, સત્ત્વમાં, જ્ઞાનમાં, વિવેકમાં, વિશુદ્ધિમાં આગળ વધતો રહે છે.
- આ સિવાયના આત્માઓ ચડ-ઉતર કરતા કરતા અવસરે મજબૂત

બનીને આગળ વધે છે.

માટે સંસારની, પાપની, મોહની, પ્રમાદની અરુચી, ત્યાગ, વૈરાગ્ય જેમ વધારતા જવાનો છે તેમ ધર્મસ્થાનો, ધર્મિલોકો, ધર્મક્રિયાઓ વગેરે અને આંતરિક જ્ઞાન, ગુણાભ્યાસ, કષાય નિગ્રહ, વિષય ત્યાગ વગેરે દ્વારા ધર્મનું આચરણ, ધર્મમાં સહાય-સેવા-પ્રશંસા-અનુમોદના પણ વધારવાના છે તેનાથી જીવ ધર્મી બને છે, સ્વભાવશુદ્ધ પવિત્ર બને છે.

ઉપરની વાતોની ઉપેક્ષા, કચાશ, અભાવ એ સંસારી જીવનું, ધર્મવિહિન, ધર્મ અયોગ્ય જીવનું સ્વરુપ છે. માટે જૈનોએ પ્રભુ-પ્રભુશાસન-ચતુર્વિધસંઘ, તેની આરાધનાઓ આ બધા ઉપર ખૂબ આદર-બહુમાન-વાત્સલ્ય-અનુમોદના-પ્રશંસા-સહાય-ઉપબૃંહણા કરવી. તે જીવને આગળ વધવાનો ઉપાય છે.

જૈનેતર દર્શનમાં રહેલાએ જીવનમાંથી મોહ-માયા-મમતા ઘટાડતા જવી, મગજ ઠંડુ બનાવવું, કષાયો શાંત કરવા, વાસના મુક્ત બનવું. દાન-શીલ-તપ-જીવદયા-સહાનુભૂતિ-સજ્જનતા-ન્યાય નીતિ વગેરે સદ્ગુણો ઉપર પ્રેમ, સદ્ગુણોવાળા ઉપર પ્રેમ, સદ્ગુણોને આચરવા, દુર્ગુણો છોડવા પ્રયત્ન કરવો.

આ રીતે કરનારને ભવાંતરમાં પરમાત્માનો સાક્ષાત્ ભેટો થાય છે અને ઉચ્ચતમ આરાધના કરી પરમાત્માના સ્વરુપને મેળવે છે **"શ્રી તીર્થંકર-ગણધર પ્રસાદાત્-(પ્રભાવાત્) મમ વૈરાગ્યં-શાંતિ-સમાધિ પ્રસન્નતા-આપત્તિ નિવારણમસ્તુ"** આ મંત્રનો રોજ ૧૦૮ વાર જાપ શાંતિથી બને એટલી સ્થિરતાથી કરવાથી જીવનમાં સર્વ પ્રકારે શાંતિ પ્રસન્નતા અને ધર્મની આરાધના વિકાસ પામે છે.

# "વચન એક લબ્ધિ છે"

ઋષભદેવ પ્રભુએ વરસીતપ કર્યો કે થયો ? થયો તો કેમ થયો ? ભિક્ષા ન મલી માટે, તો ભિક્ષા કેમ ન મલી ? ૧) સાધુ ભગવંતને શું વહોરાવવું તે વખતે લોકો જાણતા નથી. ૨) પ્રભુએ ગૃહસ્થ અવસ્થામાં અન્નદાન બતાવ્યું નથી. ૩) લોકો સુખી-સમૃદ્ધ છે તેથી આ વાતનો ખ્યાલ નથી, પરંતુ આ બધા કારણો ગૌણ છે. કારણ, દરેક અવસર્પિણીમાં પ્રથમ પ્રભુ માટે આવો જ પ્રશ્ન આવે.

પ્રભુએ જે અંતરાય કર્મ બાંધ્યું હતું, તેના કારણ ભિક્ષા ન મળી અને તે ભોગવાયું કે તરત શ્રેયાંસને સ્વપ્ન આવ્યું, પ્રભુના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન અને વહોરાવવાનું જ્ઞાન થયું અને વહોરાવ્યું.

બીજી અવસર્પિણીઓમાં અન્ન વહોરાવવાની દાતાને સાહજિક બુદ્ધિ થાય, જાતિસ્મરણવાળા પણ કોઇક હોય, અનેક બીજા કારણો પણ સંભવે છે, કે જેથી પ્રભુને ભિક્ષા મળી રહે, પરંતુ જ્યારે અંતરાય કર્મ ઉદયમાં આવે ત્યારે ભિક્ષા મળવાના બધા કારણો ન હોય અથવા હોય તો પણ કાર્ય ન થાય.

**પ્રશ્ન :-** પ્રભુએ કર્મ શાથી બાંધ્યું ?

**ઉત્તર :-** પૂર્વના કોઇ ભવમાં પ્રભુનો આત્મા જતો હતો,

ખેડુતો ઉભા હતા, અને બળદો બાજુમાં પડેલું અનાજ ખાઇ જતા હતા, ખેડુતો બળદોને રોકવા ઘણી મહેનત કરતા હતા છતાં રોકાતા ન હતા, આ જોઇ પ્રભુના જીવે તે ખેડુતોને સલાહ આપી કે બળદોના મોઢાં બાંધી દો જેથી ખાઇ ના શકે. અહીં ભગવાનના માથે સલાહ આપવાની કોઇ ફરજ ન હતી. પોતાનું કશું બગડતું ન હતું. આ સલાહથી જેમ ખેડુતને લાભ થાય તેમ બળદીયાઓને નુકસાન-અંત-રાય પણ થાય. જો કે બળદીયાઓને ખાવાનું પુરતું મળતું હતું પરંતુ આ રીતે આપ્યા વગરનું પણ લેવામાં તો એમને વિઘ્ન હતું.

પ્રભુએ સલાહ આપી અને સવા વર્ષે ભોગવાય તેવું અંતરાય કર્મ બાંધ્યું.

**વચનથી બીજાના કાર્યમાં વિઘ્ન નાંખીયે, અંતરાય પાડીએ, રોકાણ કરીએ, તો ધન-ધાન્ય-માન-વસ્તુ વગેરે કોઇ બાબતમાં આડું વેતરનારને તે-તે અંતરાય બંધાય છે, અને તે ભોગવતાં જીવ દુઃખી થાય છે માટે બોલતાં ખૂબ વિચાર કરવો જોઇએ.**

વરસીતપ કરનારા તપસ્વીઓએ પ્રભુનું આલંબન લઇ "બોલ-વાના પાપથી મારે અટકવું છે" એમ નિર્ણય કરીને ભૂતકાળમાં બંધાયેલા પાપોને તોડવા માટે અને ભૂતકાળમાં બાંધેલા પાપોને ભોગવવા પડે તો તેમાં સમાધિ મળે-સમાધિ રહે તે માટે વરસીતપનું ફળ પ્રાયશ્ચિત્ત-નિવૃત્તિ-પાપકર્મક્ષય અને સમાધિ લક્ષમાં રાખવા-તપના જાપમાં પણ આ લક્ષબિન્દુ રાખવું.

ઋષભદેવ પ્રભુને વચનના કારણે દુઃખ ભોગવવું પડ્યું. તેમ કલાવતીના જીવનમાં પણ બન્યું. કલાવતીના પૂર્વ ભવમાં પોતે વિધવા મા તરીકે હતી અને તેને એક જુવાન દીકરો હતો. દરિદ્ર

અવસ્થાના કારણે, મા વાસણ માંજવાનું કામ કરતી, છોકરો ઢોરા ચરાવે. મા એક પ્રસંગે મોડી આવવાની હતી તેથી છોકરા માટે રોટલા તૈયાર કરી શીકામાં મૂકીને ગયેલી, છોકરાને ખબર નહીં. તેથી ઘરે આવ્યો ત્યારે ભૂખ્યો તરસ્યો થયો છે, 'મા' દેખાતી નથી. ને અંદરથી અકળાયેલો છોકરો બેઠો છે. એટલામાં મા આવી, છોકરાએ માને કહ્યું કે શૂળીએ ચઢવા ગઇ હતી. હું ભૂખ્યો થયો છું ખબર નથી ? આવા કડવા વેણ સાંભળી માએ પણ જવાબ આપ્યો-કેમ ! કાંડા કપાઇ ગયા હતા તે ઉપરથી લેવાનું નથી ! છોકરો પોતાની ભૂલ સમજ્યો પણ બોલાયેલા શબ્દોનો પશ્ચાત્તાપ ન થયો, માફી ન માંગી, સુધર્યો નહી-એ જ રીતે માને પણ પશ્ચાત્તાપ ન થયો-પરિણામે બીજા ભવોમાં કલાવતીના બોલાયેલા શબ્દોથી કલાવતીના કાંડા કપાયા અને છોકરાના બોલાયેલા શબ્દોથી છોકરાને શૂળીએ ચડવું પડ્યું.

માટે (સ્વાર્થથી, આવેશથી, અજ્ઞાનથી, અવિવેકથી, ક્રોધથી બીજાને દુ:ખ થાય તેમ ન બોલાય. બીજાને અંતરાય થાય તેવું પણ ન બોલાય. બોલનારને તેના વિપાકો ભોગવવા પડે છે માટે અપશબ્દ ન બોલવા-અપ્રીતિ થાય તેવું ન બોલવું. મજાકમાં પણ દુ:ખ થાય તેવું ન બોલવું.

જીવને સ્વાભાવિકપણે મીઠું બોલતાં, ગુણગાતાં, બીજાને પ્રસન્ન કરતાં આવડતું નથી અને સહજ કડવા શબ્દો બોલે છે.)

જો સ્વાભાવિક બીજાને આનંદ થાય, પ્રસન્નતા આપે, એવા મીઠા શબ્દોનો વ્યવહાર રાખે તો એનાથી સામાન્ય પુણ્ય બંધ, સૌભાગ્ય-આદેય-યશ નામકર્મ પણ બંધાય. માટે વિશેષ કારણ વગર કટુઅપ્રિય વચન ન બોલવાં અને હિતકારી પ્રિય-મધુર વચન વ્યવહાર રાખવો.

卐 卐 卐

न तं अरि कंठछेत्ता करेइ जं स करे अप्पणिया दुरप्पा ।
स नाहइ मच्चुमुहं तु पत्ते पच्छाणुतावेण दयाविहूणो ॥

(उत्तराध्ययन-२०-४)

ગળું કાપી નાખનાર શત્રુ જે નુકશાન નથી કરતો તે નુકશાન પોતાનો જ આત્મા દુષ્ટ બનેલો કરે છે. આ વાતની ખબર મરણ પાસે આવે ત્યારે દયાથી રહિત જીવ પશ્ચાત્તાપથી જાણશે.

**મરણાન્ત કષ્ટ આપનાર જીવ આ ભવ સંબંધી નુકશાન કરી શકે છે, દુર્ગતિ કે દુર્બુદ્ધિ અને એની પરંપરા આપી શકતો નથી.**

જે દુષ્ટ આત્મા છે, દુરાત્મા છે એટલે કે વિનય-વિવેક-મર્યાદાથી રહિત છે, જે ઔચિત્ય રહિત છે, જે ભક્ષ્યાભક્ષ્ય, ગમ્યાગમ્ય, પેયાપેય, કર્તવ્ય અકર્તવ્યના ભેદ રહિત છે. વાસના અને ઇન્દ્રિયોના વિષયોમાં લોલુપી છે. કષાયથી કલુષિત છે આવો દુરાત્મા દુર્બુદ્ધિ દ્વારા પોતાના આત્માને અનંતકાળ સુધી દુર્ગતિની પરંપરામાં ભ્રમણ કરનાર બનાવે છે. ગાઢ નિકાચિત કર્મો ઉત્પન્ન કરીને દુર્ગતિમાં જાય છે. અને અશુભ અનુબંધો દ્રઢ બનાવી અનંતકાળ સુધી રીબાયા કરે છે. આવા આત્માને જ્યારે મરણ નજીક આવે ત્યારે જીવનભર કઠોર પરિણામ હોવાથી દયારહિતપણું હોય છે. જ્ઞાન દ્વારા દુર્ગતિ આંખ સામે દેખાતી હોવાથી પશ્ચાત્તાપવાળો દીન-હીન-અશરણ બને છે. માટે મરણ આવ્યા પહેલાં **"જ્યારથી જાગ્યા ત્યારથી સવાર"** એમ માની આત્માની દુર્બુદ્ધિ ભાવના અને જ્ઞાન દ્વારા સતત છોડતા રહેવી જોઇએ અને દુરાચાર-પાપાચારને સતત

યથાશક્ય પુરુષાર્થથી ઘટાડતા રહેવા જોઇએ. આ ઘટાડવાની ભાવના અને પ્રવૃત્તિથી આત્માની કઠોરતા ઘટે છે. સદ્આચારો દ્વારા આત્મામાં મૃદુતા-કોમળતા આવે છે. સદ્બુદ્ધિ આવે છે. સદ્બુદ્ધિ, સદ્ભાવના અને સત્પ્રવૃત્તિના બળથી જીવ સદ્ગતિને નિશ્ચિત કરે છે. જેથી એને મરણ કે દુર્ગતિનો ભય પણ નથી હોતો. એ હસતા હસતા-સ્વસ્થતા પૂર્વક પરલોકમાં જાય છે. માટે જીવનમાંથી કાળજીથી દરેક વિચાર-વાણી-વર્તનમાંથી દુરાત્મપણું અને દુષ્ટાચાર છોડવા પ્રયત્ન કરવો. સદ્ભાવના-સદ્બુદ્ધિ-સદાચારથી જીવન સ્વસ્થતા પૂર્વક, ધર્મમય, સજ્જ-નતામય વિતાવવું જોઇએ. જો આમ કરવામાં આવે તો જીવ ધીમે ધીમે આગળ વધતો મોક્ષે પહોંચે છે. ક્યારેય જીવને દુર્ગતિમાં જવું પડતું નથી.

સદાચારના અનેક પ્રકારો છે પરંતુ સમગ્ર ધર્મનો પાયો અને મૂળ અહિંસા છે. બધા ધર્મો દયારુપી નદીના કિનારે ઉગેલા ઘાસ જેવા છે. બધા મહાવ્રતો અહિંસાવૃક્ષની વાડ જેવા છે. તેથી અહિંસાનું સ્વરુપ વિચારી લઇએ.

૧) જીવોને ન મારવા-અન્ય કોઇ મારતા હોય તો તેનાથી બચાવવા.

૨) જીવોને દુ:ખ ન આપવું. દુ:ખી જીવોને ઓષધ, ખોરાક, માવજતથી દુ:ખમુક્ત કરવા.

૩) કોઇને માનસિક પણ દુ:ખ ઉત્પન્ન થાય તેમ ન કરવું,ન બોલવું-દુ:ખી જીવોને આશ્વાસન, સત્ પ્રેરણા, સત્ માર્ગદર્શનથી માનસિક દુ:ખોથી મુક્ત કરવા. આ બીજા જીવોની દયા મુખ્યતયા

પંચેન્દ્રિય તિર્યંચોની પ્રવર્તે છે, તેને લોકમાં પણ જીવદયા કહેવાય છે આ સિવાય નાના જીવો-કીડી, મંકોડા, ઉધઇ, માંખી, મચ્છર વગેરે પણ જીવો છે, એમને દવા વગેરેથી મારી ન નાંખવા. જીવતા રહેવા દેવા તે પણ દયા છે. આ નાના જીવોની દયા ઘણા જીવો સમજતા નથી.

મનુષ્યની પણ દયા લોકમાં અનુકંપા તરીકે પ્રસિદ્ધ છે. નિર્ધન, અશક્ત મનુષ્યોને દવા-ખોરાક વગેરે સામગ્રી આપવી, આશ્વાસન આપવું, સ્નેહ-હૂંફ આપવા.

આ રીતે **બીજા જીવોને બચાવવાની દુઃખમાં રાહત આપવાની જે ભાવના તથા પ્રયત્ન કરે છે તેને પરમાત્માનો અનુગ્રહ મળે છે. તેનો આત્મા પરમાત્માની નિકટ આવે છે.** તેને જ્ઞાન-વિવેક-સમજણ રુપ આત્મિક શક્તિઓ મળે છે, તે મનથી સદા સુખી થાય છે, બાહ્યથી પણ તે સહજપણે સર્વ સામગ્રીઓથી યુક્ત બને છે તેને ભવોભવ જીવદયા-પરોપકાર-બીજાને સહાયક બનવાની ભાવના અને શક્તિ મળે છે અને તે મુજબ પ્રયત્ન કરે છે. અને એથી એ આત્મા ધર્મ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણો માટેની યોગ્યતા પ્રાપ્ત કરે છે.

**જીવદયાના પ્રભાવે તેના દુઃખો નાશ પામે છે, દીર્ઘ આયુષ્ય મળે છે. નિરોગીતા મળે છે તથા દેવો પણ સહાયક બને છે.**

આ અહિંસાના માહાત્મ્યને સમજવા તથા તેની શ્રદ્ધા કરવા માટે જીવને બીજા પ્રત્યે લાગણી જોઇએ. એ લાગણી માટે સ્વાર્થ છોડવો પડે, ઉદાર બની ધન ખરચવું પડે, શ્રમ અને સત્વ પ્રગટ કરવા પડે છે.

**હિંસા કરવાથી કે શક્તિ હોવા છતાં હિંસા ન રોકવાથી,**

તેની ઉપેક્ષા કરવાથી જીવને ભવોભવ વધ-બંધન-મારણ-દૌર્ભાગ્ય-દીનતા- હીનતા-પરાધીનતા-નોકરપણું-અપયશ-રોગ-દુઃખ આવે છે. જ્યારે જીવરક્ષામાં સહાય અને પ્રયત્ન કરવાથી આ બધું નજીક પણ ફરકતું નથી. માટે જીવરક્ષામાં સતત સહાયક બનવું અને આત્મધર્મ તથા પરમાત્મકૃપા મેળવવા ઉદ્યત બનવું. આવી જીવદયા પાળવાથી જીવના ગુણોમાં પણ ક્રમશઃ વિકાસ થાય છે.

જીવદયા પાળનારના હૃદયમાં દયાની લાગણી જન્મે છે તેમજ વધતી જાય છે, ક્રૂરતાની બુદ્ધિ-સંસ્કાર ઘટતા જાય અને કાળક્રમે સંપૂર્ણ નાશ પામે છે.

આથી વિપરીત હિંસા-અજયણા-બેદરકારી દાખવનાર તથા હિંસક વસ્તુઓનો ઉપયોગ કરનારના હૃદયમાં ક્રૂરતા વધતી જાય છે અને દયા ઘટતી જાય છે, કાળક્રમે દયા રહિત બને છે, કઠોર બને છે.

દયાની લાગણી પાપનો પશ્ચાત્તાપ જન્માવે છે, પાપ છોડાવે છે અથવા ઘટાડે છે.

દયાની લાગણી વગરનાને પાપનો પશ્ચાત્તાપ નથી થતો પણ પાપના કારણે આવનાર દુઃખનું દર્દ હોય છે. શ્લોકમાં રહેલા પશ્ચાતાપ શબ્દથી એ દુર્ગતિનો ભય લેવાનો છે.

પાપનો ભય ન જાગે ત્યાં સુધી આત્મામાં અઢારે પાપની તીવ્ર રુચિ હોવાથી એની મન-વચન-કાયાની પ્રવૃત્તિ પ્રાયઃ પાપ-મય-દુષ્કૃતમય હોય છે. જો પ્રગટ દુષ્કૃત સંયોગોવશાત્ કે પાપના અજ્ઞાનથી ન દેખાય તો ય સંસ્કારરુપે પાપની રુચિ પડી હોવાથી નિમિત્ત મળતાં જ પાપ કરવા તૈયાર થઇ જ જાય છે, પાપમાં

આગળ વધવા તૈયાર થઇ જાય છે.

પાપનો ભય-પાપની જુગુપ્સા એ આત્માની દુષ્ટતા ઘટાડ-વાનો-દુર કરવાનો ઉપાય છે.

પાપ જુગુપ્સા જગાડવા ૧) પાપના ફળનો વિચાર કરવો ૨) પાપ છોડવાના લાભનો વિચાર કરવો.

૩) પાપનું દ્રવ્ય-ભાવ સ્વરુપ વિચારવું.

૪) પાપના ત્યાગનું દ્રવ્ય-ભાવ સ્વરુપ વિચારવું.

૫) પાપની પ્રવૃત્તિ અને વિચારણાની ભયંકરતા ભાવવી.

૬) પાપની નિવૃત્તિ અને ધર્મ આચારની ભાવના અને પ્રવૃ-ત્તિથી થતી આત્માની ઉન્નતિ, આત્મિક ગુણોની પ્રાપ્તિ અને જીવન વ્યવહારની નિરાબાધતાને જાણવી. આમ ક્રમે કરી પાપજુગુપ્સા-દોષજુગુપ્સાની તીવ્રતા દ્વારા પાપ અને દોષોનો હ્રાસ તથા નાશ, પુણ્ય અને ગુણોની ક્રમિક પ્રાપ્તિ અને મોક્ષ સુધી જીવ પહોંચે છે.

**૭) આ જગતમાં બીજા જે પ્રકૃષ્ટ ભૌતિક ઉપકાર કરી શકે અને તેનાથી જે લાભ થાય તેના કરતા પરમાત્મા-પરમાત્માનો માર્ગ અને તેને સમર્પિત બનેલ આત્મા સજ્જનતા અને સંયમથી સ્વયં જે લાભ મેળવે છે તે અનંતગુણો અને અપરિમિત હોય છે.**

**૮) ભગવાન સ્વયં આપણને મોક્ષે પહોંચાડી શકતા નથી. પરંતુ આત્મા-પરમાત્મા અને શાસન પ્રત્યેનું આપણું અનુકૂળ વલણ-વચન અને વર્તન જ આપણને મોક્ષે પહોંચાડે છે.**

૯) આ જગતમાં જીવને બીજા નુકશાન કરે છે તે પણ માત્ર

વ્યવહારથી કહેવાય છે. બાકી પોતાના પાપ કર્મો-દુષ્કૃતોથી ઉત્પન્ન થયેલ કર્મો જ જીવને બીજા દ્વારા દુ:ખ આપે છે. આ વાત મગજમાં નિશ્ચિત કરીને બીજાને કોઇ કાર્યમાં દોષ ન આપતા પોતાના કર્મને દોષ આપવો. અને ભવિષ્યમાં દુ:ખની પરંપરા ન જોવી હોય-ન ભોગવવી હોય તો એવા કર્મો ખપાવવા.

પ્રભુ ભક્તિ-તપશ્ચર્યા-જાપ-વ્રત-પચ્ચકખાણના વગેરે ધર્મ-કરણીમાં તત્પર બનવું, તેમજ આર્તરૌદ્રધ્યાનથી-સંક્લેશથી નિવૃત્ત થવું. આમ કરવાથી દુ:ખમુક્તિ અને ભવમુક્તિ સહેલાઇથી થાય છે.



# "ચાલીએ એક-બીજાની આંગળીએ"

સમગ્ર વિશ્વના જીવો વધતે-ઓછે અંશે એક-બીજાની સહાય પર જીવતા હોય છે. તેથી જ **તત્વાર્થ સૂત્રમાં** કહ્યું કે **'પરસ્પરોપગ્રહો જીવાનામ્'....**

બીજાની સહાય જીવો ૩ પ્રકારે લે છે.

૧) પ્રથમ નંબરે આળસુ જીવો, મહેનત કરવી ન પડે, શીખવું ન પડે, જોઇએ એના કરતાં વધારે મળે. તે માટે બીજાની સહાય લે છે. જીવનના બધા ક્ષેત્રમાં અથવા તે તે ક્ષેત્રમાં આવડતવાળા હોવા છતાં, સમર્થ હોવા છતાં કાર્ય કરવાનું છોડીને પડ્યા રહેવું, રખડ્યા કરવું, નિરર્થક કાર્યો કરવા અને બીજાની સહાય લેવી તેવી વૃત્તિ-પ્રવૃત્તિ તે પુરુષાર્થ નાશનું કારણ છે. તેવા જીવો સહાય લઇને પોતાની શક્તિ અને વિકાસનો નાશ કરે છે, શક્તિનો વિકાસ પણ અટકી જાય છે.

જેમ માણસે જીવે ત્યાં સુધી શ્વાસ લેવો પડે છે, હલન-ચલન કરવું પડે છે, ખોરાક લેવો પડે છે. એમાં આળસ નથી ચાલતી તેમ આધ્યાત્મિક રીતે શક્તિ પહોંચે ત્યાં સુધી તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાન-વાચના વગેરે આરાધનાની ક્રિયાઓ કરવી જ જોઇએ. અને એ રીતે

લોકવ્યવહારની ક્રિયાઓમાં બીજાને પરાધીન-આળસુ ન બનવું. બીજા લોકવ્યવહારથી ક્રિયા-સેવા કરે અને આપણે સ્વીકારીએ તે વાત જુદી પણ આપણે અપેક્ષાવાળા કે પરાધીન ન બનવું. અપેક્ષાવાળા આળસું થાય છે, પરાધીન પણ આળસું બને છે, કોઇને પણ પરાધીન-પ્રમાદી બનાવવા હોય તો જ તેના બધા કામ કરી આપવા. બધી પ્રવૃત્તિ છોડાવી દેવી.

**વ્યવહારમાં કે શાસ્ત્રમાં ક્યાંય સંપૂર્ણ રીટાયર-નિવૃત્ત થવાની વાત નથી આવતી, બીજાને તૈયાર કરવાની વાત આવે. બીજા તૈયાર થયા બાદ પણ પોતે નિવૃત્ત થવાનું ન હોય. મહત્ત્વના અન્ય કાર્યમાં પ્રવર્તવું હોય તો મૂળ કાર્ય એ તૈયાર થયેલ સોંપાય. પોતાને અશક્તિના કારણે નિવૃત્ત થવું પડે તે આપવાદિક ઘટના છે બાકી સામાન્યથી નિવૃત્ત ન થવાય. નિવૃત્ત થવું અને મહત્વનું કાર્ય હાથ ન ધરવું તે આળસુંપણાનું લક્ષણ છે. તેનાથી કાયિક-વાચિક-બૌદ્ધિક-માનસિક શક્તિઓ ઘટતી જાય છે.**

સામાન્ય ધોરણથી દરેકે સામાન્ય બધા કાર્યમાં પ્રવીણ બનવું જોઇએ અને મહત્વના કાર્યમાં પણ શક્તિ-સંયોગ પ્રમાણે આવડતવાળા-હોંશિયાર બનવું જોઇએ. પ્રવૃત્તિમાં સૌ પ્રથમ મહત્ત્વના કાર્યો કરતા રહેવા અને તે સિવાયના સામાન્ય કાર્યમાં પણ કાળજીવાળા રહેવું. સારાંશ-મહત્વના કાર્યના કારણે બીજા કરે તે આળસુંપણાનું કારણ નથી, મહત્ત્વના કાર્યનું પોષક છે. અને બીજું મોટા માણસોએ સ્થાનના ગૌરવને વધારે તેવા કાર્ય કરતા રહેવા અને સ્થાનને ગૌણ બનાવે તે કાર્ય કટોકટી વિના ન કરવા. આ વિવેકદ્રષ્ટિ છે.

જુના કાળમાં રાજકુમારોને બધી રીતે તૈયાર કરવામાં આવતા-બધી જાતના અનુભવો આપવામાં આવતા.

**મોટી ઉંમરે પરલોક સાધનાના વિશેષ ઉદ્યમ માટે વ્યવહારમાંથી નિવૃત્તિ લેવામાં આવતી અને આપવામાં પણ આવતી. પરંતુ જેની પરલોકદ્રષ્ટિ નથી, જેને વિશેષ ઉદ્યમ નથી તેઓ નિવૃત્તિ લેતા ન'તા.** તેમને નિવૃત્તિ આપતા પણ નહીં. માટે રાજા-મંત્રી-સેનાપતિ-નગરશેઠ-પુરોહિત-ચક્રવર્તિ-આચાર્ય-યુગપ્રધાન-ગણધર દેવો-પરમાત્મા બીજા પણ લૌકિક કે લોકોત્તર સ્થાનને વહન કરનાર-આવડતવાળા નિવૃત્ત થતા ન'તા. આનો અર્થ એ છે કે **નિવૃત્તિ એ વિશેષ આરાધના અને કાર્ય વગર પ્રમાદ-આળસનું ઘર છે.** અનુભવવાળા માણસો મોટા સ્થાને હોય તો કાર્ય સંચાલન નિર્વિઘ્ને સારુ ચાલે. માટે અન્ય કાર્યમાં વ્યસ્તતા વિના નિવૃત્તિ ન લેવી-ન આપવી. કારણ આ નિવૃત્તિ પુરુષાર્થ નાશક છે.

**૨) મોટા કાર્યમાં પ્રવૃત્તને કે મોટા સ્થાનને શોભાવનારને, અનેકવિધ જવાબદારીઓ એક સાથે વહન કરનારને કે સતત આરાધના અને પરોપકારની પ્રવૃત્તિમાં પ્રયત્નશીલ રહેનારને નાની વાતોથી નિવૃત્તિ આપવી. એટલે કે એમના નાના કાર્યો કરી આપવા જેથી મોટા કાર્યને પોષણ મળે, અનેકને સાક્ષાત્ કે પરંપરાએ લાભ થાય.** શાસનના વિશિષ્ટ કાર્યો-પ્રસંગે આવા શક્તિશાળી આત્માઓને યથાશક્ય જે-જે રીતે સહાયક થવાય તે રીતે સહાયક થવું તે ઉચ્ચકોટિની સ્વ-પરને સર્વતોમુખી ઉન્નત્તિના કારણભૂત સેવા-ભક્તિ છે. આ ઉત્તમ ધર્મપોષક તથા પુણ્યકારક છે. આધ્યાત્મિક ક્ષેત્રના

મોટા કાર્યની અપેક્ષાએ તથા અપેક્ષાએ વ્યાવહારિક મોટા કાર્ય માટે પણ જાણવું.

૩) જે બુદ્ધિહીન, અપંગ, જ્ઞાનહીન, ધનહીન છે અથવા વ્યાવહારિક કાર્યો કરવા લગભગ અશક્ત હોય તેમને દયા-અનુકંપાથી એમના જીવન વ્યવહારાર્થે જે સહાય સેવા-ટેકો આપવો તે એક જરુરી સહાય કહેવાય. વૃદ્ધ માણસો શરીરથી લાચાર બને ત્યારે તેમની બધી સંભાળ-સેવા-સહાય કરવી જોઇએ. એમાં પણ જે ઉત્તમ-ગુણીયલ અને પૂર્વના વિશિષ્ટ ઉપકારી હોય તેમની વિશેષ પ્રેમ-આદરથી ભક્તિ કરવી. કોઇની પણ પરાધીન-અસમર્થ અવસ્થામાં સહાયક થવું અને સેવા કરવી તે એક માનવનું સામાન્ય કર્તવ્ય છે.

એ રીતે નાના બાળકોને જ્યાં સુધી સમજણ ન આવે-સમર્થ ન થાય ત્યાં સુધી સંભાળવા તે પણ ફરજ છે. આને જીવનવૃત્તિની સહાય કહેવાય છે.

**પ્રથમ નંબરની સહાય અપેક્ષાએ શક્તિનાશક ગણાય. બીજા નંબરની સહાય તે ગુણકારી-અધ્યાત્મવૃદ્ધિકરી બને. અને ત્રીજા નંબરની સહાય કરુણાભાવનો સ્ત્રોત બને.**

સહાયવૃત્તિનો ઉત્કર્ષ સાધતા તીર્થંકર નામકર્મ સુધી પણ પહોંચી શકાય છે. તેથી વિવેકયુક્ત સહાયક વૃત્તિ કેળવવી. જેનાથી આત્મ કલ્યાણના ભાગી બનાય.

# ભાવના અને ભાવઃ ક્ષય અને ક્ષયોપશમ

'ભાવના' અને 'ભાવ' વચ્ચેનો ભેદ સમજીએ.

**મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ-આ ચાર વિષયોનું ચિંતન કરવું, પુનઃ પુનઃ મનન કરવું, એ ભાવના કહેવાય. મૈત્રી ભાવના સ્નેહપરિણામરુપ કહેવામાં આવી છે, અને તે ઉપયોગરુપ હોય છે. આ ભાવનાઓના શુભ ચિંતનથી જે કર્મ ક્ષયોપશમ થાય, તેને 'ભાવ' કહેવાય.**

છદ્મસ્થ જીવને મૈત્રી વગેરે ભાવનાઓ ઉપયોગરુપે હોય, અને એક સમયે એક જ ભાવના હોય. 'ભાવ' લબ્ધિરુપે (અપ્રગટ) હોય અને તે એક સમયે ચારેય ભાવ હોઇ શકે.

છદ્મસ્થ જીવોને જે ભાવો ક્ષયોપશમરુપ હોય, તે ભાવો કેવળજ્ઞાનીને ક્ષાયિકભાવે હોય. કેવળજ્ઞાનીને ક્ષયોપશમ ભાવ ન હોય. કેવળજ્ઞાનીને જ્ઞાનોપયોગ-દર્શનોપયોગ કાયમી હોય છે. એ ઉપયોગમાં ઉદાસીન પરિણામ (સમભાવ) રહેલો હોય છે.

એક વાત સમજી રાખવી જોઇએ કે પૂર્ણ જ્ઞાનીને મૈત્રી વગેરે ભાવનાઓ ન હોય, છતાં ચાર ભાવનાઓના ફળરુપે ક્ષાયિક ભાવ તો હોય જ. દેહસ્થ કેવળજ્ઞાનીના વ્યવહારિક જીવનમાં આ ભાવનાઓ કાર્યરુપે જોવા મળે. પરંતુ સિદ્ધ ભગવંતો દેહાતીત હોવાથી એમનામાં કાર્યરુપે ભાવનાઓ ન હોય.

માધ્યસ્થ ભાવના કે જે અવિનીતો પ્રત્યે ભાવવાની હોય છે, તે ભાવના (સ્નેહપરિણામરુપ મૈત્રીના નિગ્રહરુપે) છદ્મસ્થ જીવને હોય, કેવળજ્ઞાનીને ન હોય. **કેવળજ્ઞાનીને કોઇ શુભ-અશુભ ભાવ-**

નાઓ હોતી નથી, તેમનામાં તો શુદ્ધ ભાવોની ક્ષાયિકરુપે પૂર્ણતા હોય છે.

જેવી રીતે કેવળજ્ઞાનમાં શેષ ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મન :પર્યવ) અંતર્ગત હોય છે, નષ્ટ નથી થતાં, તેવી રીતે મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટતા ક્ષમાદિ ગુણો અને મૈત્રી આદિ ભાવો, મોહનીય કર્મનો ક્ષય થતાં ક્ષાયિક ભાવે વીતરાગ આત્મામાં અંતર્ગત થઇ જાય છે. અર્થાત્ સ્વરુપ રમણતારુપ ચારિત્રરુપ બની જાય છે. પછી તે ક્ષમાદિગુણો કે મૈત્રી વગેરે ભાવો જુદા રહેતા નથી, એટલે કે એમનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી.

તાત્પર્ય આ છે કે જેમ મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનનો સમગ્ર વિષય કેવળજ્ઞાનમાં સમાઇ જાય છે, તેવી રીતે મૈત્રી આદિ ભાવોનો સમગ્ર વિષય વીતરાગતામાં સમાવિષ્ટ થઇ જાય છે. આ રીતે, આ ચાર જ્ઞાનના ન્યાયથી મૈત્રી આદિ ભાવો ક્ષાયિક ભાવે (લબ્ધિરુપે) આત્મામાં હોઇ શકે, એમ સમજાય છે.

કેવળજ્ઞાની ભગવંતને ઉપયોગમાં 'સ્નેહપરિણામ' રુપ મૈત્રી ભાવના ન હોય. તેઓને, મોહનીય કર્મના ક્ષયથી આત્મ ભાવમાં રમણવા રુપ, સ્વભાવસ્થતારુપ, વીતરાગતારુપ સંયમ હોય છે. તપ વગેરે પણ નિશ્ચયથી વીતરાગતામાં અભેદ રુપે પરિણમેલા હોય છે. આ પરિણામોમાં કોઇ વધઘટ થતી નથી, કારણ કે આ તપ-સંયમાદિના પરિણામ પ્રકૃષ્ટ પરિણામ હોય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ચાર ઘાતી કર્મોના ક્ષયોપશમથી જે જે ગુણો ઉત્પન્ન થાય છે, તે બધા ગુણો. તે તે કર્મોના ક્ષયથી પૂર્ણ રુપે પ્રગટ થાય છે. અર્થાત્ યોગ્યતારુપે આત્મામાં આવિર્ભૂત થાય છે. કેવળજ્ઞાની ભગવંતમાં આ રીતે અનંતગુણો હોય છે, એમ સમજાય છે. तत्त्वं तु केवलिनो विदन्ति ।

अप्पविसुद्धिनिमित्तं, किलस्ससे तो चाएसु कोवरिवुं ।
विमलत्तमहिलसंतो, कह मज्जसि पंकिलजलम्मि ? ॥

હે જીવ ! તું આત્માની વિશુદ્ધિ-નિર્મલતા માટે મહેનત કરે છે, શ્રમ કરે છે તો કોપરુપી શત્રુને છોડી દે. નિર્મલપણાને ઇચ્છતો શા માટે કાદવવાળા પાણીમાં પડે છે ?

ક્ષમાયુક્ત સાધના એ નિર્મળ જલ છે. તેનાથી આત્મવિશુદ્ધિ સારી થાય છે, શીઘ્ર થાય છે. ભાવના-સત્વ-ઉલ્લાસ-વિવેકરુપી સાબુનું ફીણ ઝટ કામ કરે છે અને આત્મા પૂર્ણપણે નિર્મલ બને છે. ક્ષમા વગરના પરિશ્રમથી ક્રોધ રુપી કાદવના કારણે ભાવના વગેરે ફીણ વળતા નથી, સત્વ ઉલ્લાસ પામતું નથી. જીવ અનુષ્ઠાન વગેરે કરવા છતાં નિર્મલતાને પામતો નથી. માટે આત્માની વિશુદ્ધિ ઇચ્છનારે ક્ષમાપૂર્વક ક્રોધ-અરુચિ-તિરસ્કાર-અવજ્ઞા વગેરેનો મનમાંથી, વચનમાંથી, વર્તનમાંથી, વ્યવહારમાંથી ત્યાગ કરવો. **જેમ અપથ્યના ત્યાગથી ઓષધ ધારી અસર કરે છે. તેમ ગુસ્સાના ત્યાગથી ધર્મક્રિયા ધારી અસર કરી શકે છે.** ગુસ્સો ધર્મક્રિયાને વિકૃત કરે છે. અને આત્માને ખૂબ મલિન કરે છે.

અહીં ક્રોધને શત્રુની અને કાદવજલની ઉપમાં આપી છે, ક્રોધથી ચારે કષાય લેવાના છે. છતાં ક્રોધને પ્રથમ મૂક્યો છે. કારણ કે ક્રોધથી જ્ઞાન વિકૃત બની અજ્ઞાન કે ભ્રામક બને છે. નિર્મલતાયુક્ત ઉપશમ ભાવના બદલે આવેશયુક્ત ભાવ બને છે. તેથી ભાવ મલીન બને છે.

જેમ ખાટલાને ચાર પાયા હોય છે તેમ સંસારને ચાર કષાયના પાયા છે. એક પાયો જો છૂટો પડે તો સંસાર ડામાડોળ, અસ્થિર બને. **સંસારી બધા જીવને ક્રોધાદિ ચારે કષાય હોય, બાહ્ય વ્યવહારમાં કદાચ ઓછાવત્તા હોય તે બને પરંતુ વાસ્તવમાં તે પ્રાયઃ સમાન શક્તિવાળા હોય છે.** તેમાંથી ક્રોધ પ્રથમ જીતવાનો હોય છે. તે પછી બીજા કષાય જીતવા સહેલા પડે છે. ક્રોધને જીતવાથી બીજા નિર્બળ બને છે. ને બીજા કરતાં ક્રોધને સહેલાઇથી જીતી શકાય છે. કારણ કે તેના અપાયો=નુકશાનો સ્વના કે પરના જીવનમાં અવારનવાર અનુભવાતા દેખાય છે.

પાણી તરીકે આત્માનો પુરુષાર્થ અને જ્ઞાન છે. જ્યારે ધૂળ-મેલ-માટી તરીકે અવિવેક-ઇચ્છાતિરેક-ઇચ્છાઅપૂર્તિ-માનાપેક્ષા-માનભંગ વગેરે જાણવા. આવા વખતે જીવ વૈરાગ્ય ભાવના રાખી મનનો નિગ્રહ કરે, આત્મવીર્યને રોકે તો ક્રોધ ઉત્પન્ન ન થાય. **કાદવમાંથી માટી કઢાતી નથી. પાણી સુકવવું પડે છે, નિતારી લેવું પડે છે. તેમ જીવ પુરુષાર્થને બંધ કરી દે અથવા બને તેટલો પાછો ખેંચી લે અને ભાવના, ક્ષમાના લાભ, ક્રોધ અટકાવવાના ઉપાય રુપી જ્ઞાન અને પ્રયત્ન દ્વારા, ક્રોધના નુકશાનો જાણવા દ્વારા, ક્રોધના કારણો છોડવા દ્વારા પાણી સુકાઇ જાય એટલે કષાય પોષક પાણી ન બને.**

જેમ પાણી કલુષિતતાથી રહિત બને તે નિર્મલ પાણી કહેવાય તેમ આત્મા કષાય ને એના કારણોથી રહિત બને ત્યારે એની આંતર લાગણી, બાહ્ય વ્યવહાર, સંસ્કારો, ક્ષયોપશમ, ચિત્તની વિચારધારા આ બધું નિર્મલ બને છે, આ બધાને સતત નિર્મલ બનાવતા

રહેવા માટે નિરંતર સ્થૂલ અને સૂક્ષ્મ કષાયોનો નિગ્રહ-ત્યાગ કરતાં રહેવું જરુરી છે.

આત્મવિશુદ્ધિ માટે બાહ્ય જેટલું સહન કરાય છે. તે વિષયોના નિગ્રહ દ્વારા કષાયના નિગ્રહ માટે છે. જેનાથી આત્મ વિશુદ્ધિ થાય છે. બાહ્ય કષ્ટ એ હથિયાર છે પણ ધારના સ્થાને વિષય કષાયનિગ્રહ છે. અર્થાત્ **આત્માની વિશુદ્ધિનું કારણ બાહ્ય કષ્ટાનુષ્ઠાન (જિનાજ્ઞા મુજબના સંયમ અને તપ) દ્વારા વિષય-કષાયનો ત્યાગ છે.** વિષય-કષાયનો ત્યાગ બાહ્યકષ્ટાનુષ્ઠાન દ્વારા તેમજ સદ્જ્ઞાન અને ભાવના દ્વારા થાય છે. સદ્ભાવના અને જ્ઞાન એ કષ્ટાનુષ્ઠાનથી અનુભવરુપ થાય છે. માટે જ અંનુત્તર દેવોને વીતરાગ પ્રાય : જેવા હોવા છતાં કષ્ટાનુષ્ઠાન ન હોવાથી (૬) ઠું ગુણસ્થાનક આવતું નથી. તેવી જ રીતે શ્રી તીર્થંકર પરમાત્માને પણ સંયમ સ્વીકાર્યા પહેલા ઉગ્રવૈરાગી-જ્ઞાની હોવા છતાં ૬ઠ્ઠું-૭ મું ગુણસ્થાનક આવતું નથી, માટે કષ્ટ અનુષ્ઠાન પાલન અને વિષય-કષાયત્યાગ બન્ને જરુરી છે. તેથી બન્નેનું લક્ષ્ય રાખીને પ્રથમ કષ્ટાનુષ્ઠાન દ્વારા વિષય-કષાય ત્યાગની પરિણતિ કેળવવી એ રાજમાર્ગ છે. પરંતુ તે કષ્ટાનુષ્ઠાન જ્યાં સુધી શક્ય ન હોય ત્યાં સુધી તેની તમન્ના પૂર્વક વિષય-કષાયનો નિગ્રહ, તેનો શક્ય ત્યાગ, તેના અપાયનું ચિંતન, ક્ષમાદિ-ગુણોની મહત્તાનું ચિંતન-ભાવના કરતા રહેવું.

માટે શક્ય પ્રમાણમાં કષ્ટાનુષ્ઠાન કરવા જેનાથી જીવ વિષય-કષાયમાંથી બહાર નીકળે છે. તેમજ કષ્ટ અનુષ્ઠાન કે તેની રુચિથી આત્મા શુદ્ધિ પામે છે માટે બન્નેમાં પ્રયત્ન કરવો જોઇએ.

# પ્રથમ લક્ષ્ય-સમાધિ

સાધનામાં પ્રારંભિક લક્ષ્ય સમાધિનું રાખવાનું હોય છે, સમાધિ વગરની આરાધના વાંઝિયા વૃક્ષ જેવી હોય છે, તપ-ત્યાગ-જપ-સ્વાધ્યાય આદિ તમામ આરાધનાઓ પણ સમાધિ મેળવવા માટે જ કરાય છે.

જો મન સમાધિથી વાસિત હોય તો અલ્પજ્ઞાનીને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવે છે. અને મન સમાધિથી ભાવિત ન હોય તો બાહ્ય રીતે ઘણું જ્ઞાન હોવા છતાં જીવ કર્મ બાંધે છે અને દુર્ગતિમાં રખડે છે.

ઉપાધિઓ એટલે બાહ્ય સાંયોગિક અનુકૂળતાઓ-પ્રતિકૂળતાઓ. તે આત્માને આસક્તિ અને અસમાધિ દ્વારા સંસારમાં ભટકાવે. દુર્ગતિમાં રખડાવે. પરંતુ સમાધિથી ભાવિત-વાસિત આત્માને ઉપાધિઓ દુર્ગતિમાં કે સંસારમાં રખડાવી શકતી નથી.

બાહ્ય સાધન-સામગ્રી હોય તે દુર્ગતિમાં જાય અને ન હોય તે ન જાય તેવો નિયમ નથી. પણ જેનું મન સાધનમાં કે તેની મમતામાં અટવાયું હોય તે ભિખારી કે સંન્યાસી જેવો જીવ પણ સંસારમાં ભટકે અને મમતામુક્ત મનવાળાને આરિસા ભુવનમાં પણ કેવળજ્ઞાન મળે.

મનની મમતા તોડવા-છોડવા શક્ય અનુકૂળતાઓનો ત્યાગ કરીને તેમ જ શક્ય પ્રતિકૂળતાઓ વેઠીને મનને ભાવનાઓથી ભાવિત

કરવું જરુરી છે. આનાથી આત્માને સમાધિનું બળ મળે છે. અને બાકી રહેલ ઉપાધિઓ આત્માને જકડી શકતી નથી. દુર્ધ્યાન કે દુર્ગતિનું કારણ બનતી નથી. પ્રતિકૂળ અવસ્થામાં માનસિક વિચારણા ક્લેશવાળી થાય તો અશુભ કર્મનો બંધ થવાથી જીવને દુર્ગતિ મળે છે. આ મનની ક્લેશવાળી એટલે રાગ-દ્વેષના આવેશવાળી વિચારણા તે અસમાધિ છે. કૃષ્ણ-શ્રેણિક મહારાજા વગેરેને અને બીજા અનેક જીવોને દુઃખમાં દુર્ધ્યાન થવાથી નરકાદિ દુર્ગતિઓમાં જવું પડ્યું. જ્યારે યુગબાહુને પ્રતિકૂળ અવસ્થામાં પણ ધર્મપત્ની મદનરેખાની પ્રેરણાથી મનની સ્વસ્થતા-સમાધિ-ક્ષમાપના રહી તો પાંચમા દેવલોકે ગયા. જ્યારે રાજગૃહીનો દ્રમક તેમજ તંદુલિયો મત્સ્ય મનના ક્લેશે સાતમી નરકે ગયા.

સુખની અવસ્થામાં પણ જીવ રાગાંધ-કામાંધ થઇને દુર્ગ-તિના કર્મ બાંધે છે. આ રાગાંધપણું-કામાંધપણું પણ અસમાધિ છે. **સુખની અવસ્થામાં પણ તીવ્ર વૈરાગ્યમાં રહેવા પ્રયત્ન કરાય તો બારમાં દેવલોક સુધીનું પુણ્ય કર્મ ગૃહસ્થાવસ્થામાં બંધાય છે અને ભાવનામાં તીવ્રપણે આગળ વધે તો પૃથ્વીચંદ્ર-ગુણસાગરની જેમ કેવળજ્ઞાન પણ પામે છે.** તેથી બાહ્ય અનુકૂળતા હોવા છતાં મનની સમાધિ, પુણ્યબંધ દ્વારા સદ્ગતિ યાવત્ શુદ્ધધર્મના પાલન દ્વારા મોક્ષ પણ આપે છે, જ્યારે મનની અસમાધિ પાપ કર્મના બંધ દ્વારા દુર્ગતિ અને ભવભ્રમણ આપે છે.

**દુઃખમાં સુખની ઇચ્છા પણ અસમાધિ છે અને દુઃખની અકળામણ પણ અસમાધિ છે. જ્યારે સુખમાં આનંદ-સંતોષ માનવો એ પણ અસમાધિનું જ રૂપક છે.**

**વ્યાધિ એટલે શરીરના રોગો.** રોગ ઘટે-વધે કે દૂર થાય તે

આપણા હાથમાં નથી. તે જ રીતે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો સુધરે કે ન સુધરે તે પણ આપણા હાથમાં નથી અને આ ઉપાધિ કે વ્યાધિ સદ્ગતિ કે દુર્ગતિ આપવામાં કોઇ મોટો ભાગ ભજવતા નથી. આ વ્યાધિ કે ઉપાધિ વખતે જીવની જ્ઞાનશક્તિ, સમજણ શક્તિ, સત્વ-શક્તિ, વિવેકદ્રષ્ટિને આધિન એવી સમાધિ જેના હાથમાં હોય તેને પુણ્ય-સદ્ગતિ અને મોક્ષ મળે અને મન જેના હાથમાંથી છૂટીને અસમાધિ-અવિવેક કે દુર્ધ્યાનમાં પડે તે પુણ્યનો નાશ કરે, પાપ બાંધે, દુર્ગતિમાં જાય અને મોક્ષે જવામાં વિક્ષેપ થાય. **જેનો મન પર કબજો, જે મનનો માલિક તે સમાધિવાળો અને જેનું મન મોહ-અજ્ઞાન-અવિવેકથી ભરેલ હોય અને જે મનનો ગુલામ હોય તે અસમાધિવાળો જાણવો.**

**આધિ એટલે મનની અસ્વસ્થતા, મનનું અસમતોલપણું.** રાગ-દ્વેષ યુક્ત વિચારધારાવાળો જીવ પક્ષપાત-ઇર્ષ્યા-દ્વેષ-બદલો-વેર આદિ ભાવોમાં જ સતત રમતો રહે છે. જ્યારે સમાધિવાળો સ્વસ્થ હોય, તે બદલાની અપેક્ષા વગર અને પૂર્વે અપકાર કરેલાને પણ સહાય કરવા તૈયાર થાય. રાગ-દ્વેષની વૃત્તિમાંથી સ્વાર્થાંધતા જન્મે છે. જે અસમાધિ રુપ છે. જ્યારે સમતા-સમાધિની વૃત્તિમાંથી પરોપકાર-સહાયકતા-ભેટગો કરવાની (ક્ષમા શીલતા) વૃત્તિઓ જન્મે છે.

સમાધિથી અનુકૂળતામાં ત્યાગવૃત્તિ-દાનવૃત્તિ-સંયમવૃત્તિ-ઉદા-સીન વૃત્તિ આવે છે. જ્યારે અસમાધિથી ભોગવૃત્તિ-સંગ્રહવૃત્તિ-અસંયમ-વૃત્તિ-રાગ-પક્ષપાતવૃત્તિ આવે છે. તેથી ઉપરની વૃત્તિઓથી જીવની સમાધિ-અસમાધિ જાણી શકાય છે. ઉપરની સમાધિની વૃત્તિઓ કેળ-વવાથી અસમાધિ નાશ પામે છે અને સમાધિ પ્રાપ્ત થાય છે. અને અસમાધિની વૃત્તિઓ કેળવવાથી સમાધિનો નાશ અને અસમાધિની

ઉત્પત્તિ થાય છે.

જીવની સહાયકવૃત્તિ સમાધિ સૂચવે છે અને સહાયની ઉપેક્ષા અસમાધિ સૂચક છે.

**સહાયકવૃત્તિ તિર્યંચ પ્રત્યે હોય તેને જીવદયા કહેવાય, દુઃખી માણસ પ્રત્યે હોય તેને અનુકંપા કહેવાય, પૂજ્ય પાત્રો પ્રત્યે હોય તેને ભક્તિ કહેવાય. પૂજ્યો પ્રત્યે સહાય સિવાય પણ અર્પણવૃત્તિ હોય તેને પૂજા કહેવાય.**

જેમ દ્રવ્યના અભાવે દુઃખીને દ્રવ્ય આપવું તે સહાયવૃત્તિ છે તેમ સારા તત્વબોધ નહીં પામેલને, માર્ગના જ્ઞાન વગરના યોગ્ય જીવોને જ્ઞાન આપવું તે પણ સહાયવૃત્તિ છે. આ સહાયવૃત્તિ અનુકંપા વગેરેથી આવે છે. અને આ અનુકંપાદિ જીવની તીવ્ર રાગ-દ્વેષની આંધીની અસમાધિ દૂર થાય ત્યારે જે શાંતવૃત્તિ આવે તેમાંથી આવે છે. માટે કહી શકાય કે શમમાંથી સમાધિ આવે. શમ એ સમાધિનું બીજું નામ છે. આ સમાધિના અનેક ભેદો પડે.

પોતાની સારી પરિસ્થિતિમાં બીજાને થોડી સહાય કરે આ અલ્પગુણ કહેવાય અને પૂર્ણ સહાય કરે તે ચઢીયાતો ગુણ કહેવાય. પોતાની દુઃખી અવસ્થામાં બીજાને અલ્પ મદદ કરે આ વિશિષ્ટ ગુણ છે અને પૂર્ણ મદદ કરે તે અતિ વિશિષ્ટ ગુણ છે.

એક વ્યક્તિ યોગ્ય વ્યક્તિને સહાયક ન થાય તો તેનામાં અનુકંપાદિ નથી. તે ભૌતિક-આધ્યાત્મિક ગુણોને યોગ્ય નથી. જે વ્યક્તિ સાધુને-શ્રાવકને કે અન્ય યોગ્ય જીવને સહાયક ન થાય તો તેનું સમ્યગ્દર્શન નાશ પામે-મલિન થાય.

પોતાની સમાધિ બીજાને બાહ્ય સમાધિ ઉત્પન્ન કરે છે અને પછી આંતરિક સમાધિ પણ ઉત્પન્ન કરે છે. પોતાની અસમાધિ બીજાની

સમાધિનો નાશ-અસમાધિ ઉત્પન્ન કરે છે.

સામાન્યથી આધિ એટલે અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં કે રોગ-આરોગ્યમાં મનની દીનતા કે અહંકારીતા, રાગદ્વેષજન્ય વ્યાકુલતા. એ વ્યાકુલતાથી રહિતપણું, સમતોલપણું, સ્વસ્થપણું તે સમાધિ.

વ્યાધિ અને પ્રતિપક્ષથી આરોગ્ય લેવું. વ્યાવહારિક રીતે પ્રતિકૂળ સંયોગોને ઉપાધિ કહેવાય પણ ઉપલક્ષણથી અનુકૂળ સંયોગો પણ લેવા. સપ્રતિપક્ષ વ્યાધિ તેમજ ઉપાધિ વખતે આધિ ટળે અને સમાધિ આવે તો જ મોક્ષ મળે. માટે સમાધિ મોક્ષ સાથે જોડનાર અંગ છે.

રોગ કે આરોગ્ય, શિષ્યો કે અનુકૂળ પરિવાર જીવને મોક્ષમાં લઇ જતાં નથી કે મોક્ષથી અટકાવતા નથી. પરંતુ આ બધામાં રાગ-દ્વેષથી અટવાયેલા, પ્રમાદ-મોહને આધિન થયેલા જીવો મોક્ષમાં જતા નથી. શિષ્યો કે પરિવાર અનુકૂળ હોવા છતાં જાગ્રત આત્મા આરાધનામાં આગળ વધે તો એને મન શિષ્ય પરિવારાદિ એ સાધન છે. મોક્ષ એ અંતિમ સાધ્ય છે.

સમાધિ તરફ મનને ઘડનાર કોઇ હોય તો તે સિદ્ધસ્વરુપી એવા પોતાના આત્માનું જ્ઞાન, આશ્રવ અને સંવરનું ભાન, દ્રવ્ય અને ભાવનો વિશદબોધ તેમ જ સંવેદનરુપ અનુભવ જ્ઞાન છે. મન સતત આ બધાના ચિંતનમાં રમમાણ રહે તો સમાધિ સહજ બની જાય. **રાજમાર્ગ ઉત્સર્ગ માર્ગની રીતિ-નીતિ એ સમાધિકારક છે. પરંતુ વિશિષ્ટ સત્વના અભાવમાં સમાધિ સાચવવા માટે વ્યક્તિગત રીતિ-નીતિમાં ફેરફાર થાય છે. જેને અપવાદ માર્ગ કહેવાય છે.** જેમ કે પૂજા મધ્યાહ્ને કરવાની હોવા છતાં વેપાર વગેરે પરવશતાના કારણે સવારે આદર-ભક્તિ સ્વસ્થતાથી કરે તો આ ચિત્તની પ્રભુ ભક્તિ સચવાઇ. કાળ વગેરેના નિયમમાં ફેરફાર કરવો પડ્યો. એવી જ રીતે

કોઇ સાધુ ભગવંતને સાતમના વિહાર છે. ગામમાં ઘર ન હોવાથી દોષિત વાપરવું પડે તેમ છે ત્યાં ઉપવાસ કરી આઠમના પારણું કરે અથવા સાતમના તાવ છે ત્યારે ઉપવાસ થઇ જાય. આઠમના ઉપવાસ થાય તેમ નથી. બે ઉપવાસ કરવાના શક્તિ-સંયોગ નથી તો સાતમના ઉપવાસ કરી લેવો. આ સમાધિ માટે થયેલ ફેરફાર જાણવો.

વ્યાધિમાં સમાધિની પદ્ધતિ જુદી-આરોગ્યમાં જુદી. પ્રતિકૂળતામાં સમાધિની રીત અલગ, અનુકૂળ સંયોગોમાં રીત અલગ.

વ્યાધિમાં સમાધિ જાળવવા માટે પીડામાં દીન ન બનવું, દવાની કાળજી રાખવી પણ મોડું-વહેલું કે આઘું-પાછું થાય તો અકળાવું નહીં. અભક્ષ્યભોજન-રાત્રિભોજન કે પ્રતિજ્ઞાભંગ ન કરવો, ગુસ્સો ન કરવો, શાંતિ-સ્વસ્થતાથી કર્મ વિપાકના ચિંતન દ્વારા અભ્યંતર પરિણતિ કેળવવી. જે શક્ય હોય તે જાપ-વાંચન વગેરે કરવા. વેદના સમયે વૃત્તિ કાંઇક સહનશીલ-ક્ષમાશીલ પ્રસન્ન રહે, તો સમાધિ જાણવી. સહનશીલ ન હોય (હાય-વોય કર્યા કરે) ગુસ્સો કરે, અપ્રસન્ન રહે તો અસમાધિ કહેવાય.

આરોગ્યના સમયમાં કામકાજની ધમાચકડી-દોડધામ ન હોય, શાંત હોય, બીજાને તુચ્છ ન સમજે તો સમાધિ સમજવી. સુખના સમયમાં બીજાને તુચ્છ સમજે, ઉતાવળથી કામ કરે, પચે તેટલું માપસર ખાવાને બદલે દાબીને ખાય, કેફી દ્રવ્યના નશાબાજની જેમ પાવર રાખે (જેને દર્પ કહેવાય છે.) તે સુખની અસમાધિનું ચિહ્ન છે.

ટૂંકમાં કર્મજન્ય કોઇ પણ અવસ્થામાં આત્મહીત વિચારી, યોગ્યા-યોગ્યનો વિભાગ કરી સ્વ-પરની ચિત્ત પ્રસન્નતાને લાવે-ટકાવે-વધારે તેવી પ્રવૃત્તિ કરવી જે પરંપરાએ સિદ્ધિગતિએ પહોંચાડે છે.

# સંચાલનની સફળતા

રાજ્ય સંચાલન કે ગચ્છ સંચાલન કરી રહેલા-સત્તા સ્થાને બેઠેલા પુણ્યાત્માઓએ સુચારુ સંચાલન અને યોગ્ય નિર્ણય માટે એક સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવી જરુરી બને છે. ગમે તેટલો હોંશિયાર-ચાલાક-વિદ્વાન અને સાવધાન આત્મા હોય છતાં છદ્મસ્થાવશ ભૂલ થવાની સંભાવના હોવાથી એકલાની વિચારણા અને નિર્ણય ન ચાલે.

તેથી સલાહ અને ચર્ચા વિચારણા માટેની વ્યવસ્થા માટે રાજા-મહારાજા અને દેવોની દુનિયામાં વિવિધ ઉપાયો બતાવવામાં આવ્યા છે. તેમાં વિશિષ્ટ ૩ પર્ષદાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

કોઇ પણ કાર્યક્ષેત્રમાં સરળતાપૂર્વક સાંગોપાંગ સફળતા પ્રાપ્ત કરવામાં ૩ પર્ષદાની મર્યાદા માત્ર જરુરી જ નહિ, પણ અનિવાર્ય અંગ બને છે.

૩ પર્ષદા ૧) અભ્યંતર પર્ષદા ૨) મધ્યમ પર્ષદા ૩) બાહ્ય પર્ષદા

**૧) અભ્યંતર પર્ષદા** : આ પર્ષદામાં રાજા (સ્વામી-માલિક) દ્વારા નિયુક્ત પુરુષો હોય છે. આ પુરુષોમાં અનેક પ્રકારના ગુણોની સાથે સાથે વિશિષ્ટ સત્વ-દીર્ઘ અનુભવ ઇત્યાદિ ગુણો પણ હોય છે. તેઓ સત્તા સ્થાને ન હોવા છતાં માલિક અવસરોચિત તેમની સલાહ અવશ્ય માંગે.

અભ્યંતર પર્ષદાના પુરુષો પોતાના માલિકને યોગ્ય સાથ-

સલાહ અને સહકાર આપે છે. માલિકે બોલાવ્યા વિના કે કારણ વિના તેમની પાસે જાય નહિ પરંતુ બનતી તમામ ઘટનાઓ ઉપર નજર રાખે, માનસિક નોંધ કરે અને નિઃસ્વાર્થ વિચારણા કરે.

સામાન્યથી નાની નાની બાબતોમાં તેઓ મૌન રાખવાનું પસંદ કરે પરંતુ વિશેષ નુકશાનકારી પ્રવૃત્તિ કે પ્રમાદ થઇ રહ્યો હોય તો અનુજ્ઞાપૂર્વક રાજા આદિને ઉચિત સલાહ પણ આપે. આ પુરુષો એટલી ઊંચી કક્ષાની ભૂમિકા ધરાવે છે કે માલિકને કાયમી માર્ગદ-ર્શનાદિની આવશ્યકતા હોય તો જરુર આપે. આ માટે માલિક પાસે નિ:સંકોચપણે નિમંત્રણ વિના પણ જઇ શકે છે...

સામાન્યથી માલિક સ્વયં બુદ્ધિપૂર્વક અવસરોચિત કાર્ય કરે પણ ક્યારેક અજ્ઞાન-આવેશ-રાગદ્વેષાદિને પરવશ બનીને સત્તાધારી આત્મા અનુચિત નિર્ણય કરીને કાર્યનો પ્રારંભ કરે અને પરિણામે મોટું નુકશાન આવી પડવાની પૂર્ણ શક્યતા હોય ત્યારે અભ્યંતર પર્ષદાના પુરુષો સ્વામીને આ કાર્ય અટકાવી દેવાની સલાહ આપે, તેવી જ રીતે અન્ય લાભકારી કાર્યમાં પ્રવર્તવાની સલાહ પણ આપે છે.

માલિકે આ પર્ષદામાં વિચક્ષણ-વિચારક-ગંભીર વ્યક્તિ-ઓને સામે ચાલીને સન્માન-ગૌરવભેર સ્વીકારેલી હોય છે માટે અવસરે તેઓ તરફથી મળતી સલાહ-માર્ગદર્શન સ્વયંને ન રુચે તો પણ તેઓનું અપમાન કે તિરસ્કાર ક્યારે પણ ન કરે. આ પર્ષદા શોભા માટે નહિ, પણ અંગત મંત્રી જેવી હોવાથી મંત્રણા માટે છે.

કાર્ય માટેનો અંતિમ નિર્ણય તો માલિકનો જ હોય છે પણ એ નિર્ણયમાં તે અંગત પર્ષદાની સંમતિ હોવી જરુરી છે. નિર્ણય થતાં જ મધ્યમ પર્ષદાને જણાવવામાં આવે અને ખાસ કંઇ વાંધા જેવું ન

લાગે તો આ પર્ષદા બાહ્ય પર્ષદામાં રહેલા પુરુષોને અભ્યંતર પર્ષદાનો આદેશ જણાવે. મહત્ત્વના વાંધા જેવું લાગે તો ખુલાસો પૂછાવે.

અંગત સલાહ આપનારા બે પ્રકારના હોય છે.

૧) પર્ષદામાં સલાહકાર તરીકે નિમાયેલા.

૨) પર્ષદામાં નિયુક્ત ન હોવા છતાં જેઓ માલિક પ્રત્યેના પ્રેમ-સ્નેહ અને મમત્વની લાગણીથી પ્રેરાઇને સામે ચઢીને માલિકને સલાહ-માર્ગદર્શનાદિ આપે. અથવા તો માલિક પૂછે ત્યારે સાચી સલાહ આપે. આ વ્યક્તિઓ ક્યારેક માલિકની અપેક્ષાએ મોટા અથવા સત્તાની અપેક્ષાએ મોટા, કે તુલ્ય કક્ષાના પણ હોઇ શકે, ક્યારેક માલિક કરતા નાના પણ હોય. સલાહ માંગનારે ક્યારે પણ સલાહ આપનાર પર ગુસ્સો ન કરાય. માંગ્યા વિના સામેથી સલાહ આપનાર સામાન્યથી સભ્ય કે શિષ્ટ ન કહેવાય તો પણ તેના પ્રત્યે ગુસ્સો ન કરાય. તો પછી સ્વજન કે મિત્ર આદિ અંગત પુરુષો પણ પ્રેમ-વાત્સલ્યથી પ્રેરાઇને સલાહ આપે ત્યારે તેમના પ્રત્યે ગુસ્સો શી રીતે કરાય ? અર્થાત્ ગુસ્સો ન જ કરાય.

પૂર્વે જણાવ્યું તે મુજબ કાર્યનો અંતિમ નિર્ણય તો માલિક જ કરે અથવા જેને નિર્ણયનું કાર્ય સોંપવામાં આવે તે વ્યક્તિ જ નિર્ણય કરે. માલિક તે કાર્યની જાણકારી રાખે તથા ચેકીંગ રાખે.

જ્યાં સ્વામી-સેવકભાવ હોય ત્યાં છદ્મસ્થોમાં મંત્રણા-સલાહ-વિચારણાદિ જરુરી છે. ગંભીર-જાણકાર-અનુભવી-મધ્યસ્થ વ્યક્તિ-ઓની સાથેની વિચારણાના પ્રભાવે ઉત્તમ નિર્ણય દ્વારા કાર્યમાં સારી રીતે સફળતા પ્રાપ્ત થાય છે. માટે જ નાના-મોટા કાર્ય વ્યવસ્થિત-સફળતા પૂર્વક પાર પાડવા સર્વતોમુખી વિચારક સલાહકારો રાખવા

જરુરી છે.

**૨) મધ્યમ પર્ષદા**

આ પર્ષદાને કોઇપણ કાર્યનો નિર્ણય કરવાનો હોતો નથી કે કોઇ કાર્ય પણ કરવાનું હોતું નથી. પરંતુ ઉપરના-અભ્યંતર વર્ગ તરફથી પ્રાપ્ત થયેલ નિર્ણય-આદેશ બાહ્ય પર્ષદામાં રહેલ માણસોને જણાવવાનો હોય છે. તથા બાહ્ય પર્ષદા પાસે આદેશ પ્રમાણે કાર્ય કરાવે અને કાર્ય પર સંપૂર્ણ દેખરેખ રાખે.

આ મધ્યમ પર્ષદાના પુરુષો, પોતાના માલિક પાસે કારણ ઉત્પન્ન થતાં બોલાવ્યા વિના પણ જાય.

આ પર્ષદાને મુખ્યતયા આદેશ મુજબ કાર્ય કરાવવાના પ્રયત્નો કરવાના હોય છે.

**૩) બાહ્ય પર્ષદાના** પુરુષો સેવકો અથવા આભિયોગિક દેવ જેવા હોય છે તેમને આદેશ મુજબ કાર્ય કરવાનું હોય છે.

ટૂંકમાં,

અભ્યંતર પર્ષદાનું કાર્ય, કાર્યની યોગ્યતા વગેરે વિચારીને સલાહ આપવી તે,

મધ્યમ પર્ષદાનું કાર્ય, કાર્ય કરાવવાના પ્રયત્નો કરવા તે,

બાહ્ય પર્ષદાનું કાર્ય, કાર્ય કરવું તે.

સત્તાધારી માલિક પાસે આવા ત્રણ વિભાગ હોય છે.

ચાલુ પરિસ્થિતિમાં આવું વિભાજન હોતું નથી. પ્રસંગોપાત પર્ષદાના માધ્યમ દ્વારા અનેક સાથે ગંભીર કાર્યનો વિચાર વિમર્શ કરવામાં આવે છે, તેમજ ખૂબ કામ કરનારને સાક્ષાત્ કામની સોંપણી

કરવામાં આવે છે અથવા બીજા દ્વારા પણ કામની સોંપણી કરવામાં આવે છે.

**માલિક અને નેતા વચ્ચેની વિશિષ્ટ ભેદરેખા.**

સત્તા પર કાયમી સ્થાન ધરાવતો માલિક કહેવાય છે, તેના માટે પણ ઉપરની મર્યાદા છે.

નીચેના સ્થાનો જીવોને આગળ વધારવા માટે કાળ મર્યાદા વિના એટલે કે કાયમી જેવા આપવામાં આવે તો તે પણ તે તે સ્થાનના માલિક જેવા-અધિકારી જેવા હોય છે. તેઓને પણ ઉપર-વાળા સાથે લાગણીના સંબંધ હોય છે. અને નીચેવાળા જોડે સહાય-કની લાગણી હોય છે. પોતે પણ શિષ્ટતા, માન-આબરુ અને આગળ વધવાની ભાવના સંપન્ન હોય છે. તેથી કાયમી જેવા હોય છે.

**નેતા-**

(જે વ્યક્તિ પુણ્ય અભાવથી કે વિશિષ્ટ આવડતના અભાવથી કાયમી સ્થાનાને યોગ્ય ન હોય તેમને અમુક આવડતના કારણે-બીજી યોગ્ય વ્યક્તિના અભાવમાં આગંતુક માલિક જેવા બનાવવામાં આવે, તે નેતા કહેવાય. આ પ્રકારના નેતાને જો અભ્યંતર પર્ષદા આદિની મર્યાદા હોય તો તે ગુપ્ત લાંચ, અનાચાર, દેશદ્રોહ, દેશની બહાર પોતાની ગુપ્ત મિલ્કત રાખવી વગેરે કરી ન શકે. માટે માલિક માટેની જે મર્યાદા છે તે નીચેના સ્થાનના અધિપતિ માટે પણ જરુરી છે. આમ કરવાથી પોતાની વ્યવસ્થિતતા-અનુચિત માર્ગમાં જતાં અટકાવ, પ્રજા અને આશ્રિતોના હિતમાં પ્રવર્તન, પ્રજાની ઉન્નતિ, પરસ્પર અનેક કાર્યોનો સમન્વય વગેરે ઘણા લાભ થવાની સંભાવના છે.)

નેતાપણું એટલે નેતા માટે પોતાના કાયમી સ્થાનનો અભાવ,

કાયમી સ્થાન માટેની યોગ્ય વ્યક્તિને કાયમી ન બનાવવી આવો અર્થ સ્પષ્ટ જણાઇ આવે છે. આ પદ્ધતિને કારણે રાષ્ટ્રની ઉન્નતિ શક્ય બનતી નથી કે રાજા અને પ્રજા વચ્ચે પરસ્પર મમતા પણ બંધાતી નથી. તથા અભ્યંતર સલાહકારના વિચારોને વિચારવાની કે સાંભળવાની તૈયારી હોતી નથી. આ પરિસ્થિતિ હોવાના કારણે નેતામાં ગુપ્ત કાર્યો લાંચ-રુશ્વત વગેરે અનેક દોષો ઉભા થાય છે. જ્યારે માલિક હોય તેને તો અભ્યંતર પર્ષદા સલાહ આપી શકે છે. કહી શકે, જણાવી શકે, પૂછી શકે, અવસરે માલિકે આરંભેલા કાર્યને અટકાવી શકે અને મંત્રીઓ સદૃશ પુરુષો સત્તાનો પલટો પણ કરી શકે.

માટે, **અલ્પકાલીન નેતાપણું એ સત્તા માટે જીવોને અયોગ્ય હોવાનું અથવા યોગ્ય ન થવા દેવાનું અથવા અયોગ્ય રુપે જણાવવાનું કાર્ય છે.** આના કારણે નેતા પોતાના શિરે મમતાથી-દિલથી જવાબદારી સ્વીકારતા નથી, પ્રજા પ્રત્યે લાગણી પણ જામતી નથી અને પરસ્પર સંરક્ષણ માટેની તમન્નાનો અભાવ જોવા મળે છે. આ કારણોસર નેતાને માલિક ન કહેવાય પણ ઔપચારિક માલિક કહી શકાય.

માલિકની જવાબદારી ઉપર વર્ણવી છે, નેતાની જવાબદારી તો આનાથી પણ વધારે હોય છે.

જેમ, જે વ્યક્તિને ખ્યાલ આવી ગયો હોય કે હવે મારે અલ્પકાળ જીવવાનું છે, તો તે વ્યક્તિ ધર્મ આરાધના વ્યવસ્થિત કરે...જેને વેપાર માટે અલ્પકાળ રકમ હાથમાં આવી હોય તો વેપાર વ્યવસ્થિત કરે...તેમ જેને અલ્પકાળ પરોપકાર કરવાનો હોય તો પરોપકાર બરાબર કરે. આ રીતે અલ્પકાળના કામ કાળજીથી કર-

વામાં આવે તો ઉપરના સ્થાનને યોગ્ય બનાતું હોય તો તે વાસ્તવમાં ગુણકારી થાય છે.

**માટે જ નેતા અનેક સજ્જન સલાહકારોથી પરિવરેલા હોય, બીજાની વાતોને વિચારનારા હોય, વિશિષ્ટ અનુભવી-જ્ઞાની-સાત્ત્વિકને માથે રાખતા હોય તે નેતા આગળ વધે છે અને આડા અવળા ફંટાતા પણ નથી.**

જેને બીજાની રાહે ચાલવું પડતું હોય, બીજાનું અંદર ખાનેથી દબાણ અને ભય હોય તે રીતે વર્તવું પડે, પોતે ધારે તે ન કરી શકે આવી સ્થિતિવાળા નેતા બહારના નેતા કહેવાય છે. આવા નેતા અંદરથી પરાધીન, નોકર કે ગુલામ જેવા હોવાથી લક્ષ્મીની ઉન્નતિ, આબાદીના રક્ષક કે વર્ધક બની શકતા નથી, પણ નાશક બને તો આશ્ચર્ય ન કહેવાય...

માલિક અને નેતા વચ્ચેની આ એક વિશિષ્ટ ભેદરેખા જાણી લેવી જોઇએ.



# પાત્રતાનું પરિણામ

જીવની વિચારધારા પાત્રતા અપાત્રતાના આધારે ઘડાતી હોય છે, ઇચ્છા-શંકા આદિ પણ જીવની અવસ્થાના આધારે થતા હોય છે.

૧) જે વ્યક્તિ જે વસ્તુને, વ્યક્તિને અવસ્થાને કે ગુણને લાભકારી-સારી ઉપયોગી નથી સમજતો તે વસ્તુ વિગેરેને મેળવવાની-રાખવાની ઇચ્છા પણ થતી નથી. તેમ જ એ વસ્તુ મને પ્રાપ્ત થશે કે નહિ ? તેવી એને શંકા પણ થતી નથી, શંકાની જેમ જિજ્ઞાસા-લિપ્સામાં પણ સમજવી લેવું.

૨) જે વસ્તુમાં જરુરી-સારી-ગુણકારી તરીકેની દ્રષ્ટિ આવ્યા બાદ તે વસ્તુ વગેરેની પ્રાપ્તિની ઇચ્છા થાય છે અથવા પોતાને મળશે કે નહિ તેવી શંકા પણ થાય છે. આ શંકા તે વસ્તુની પ્રાપ્તિની રુચિ રુપ છે.

૩) જે વસ્તુ સારી હોવા છતાં ખરાબ સમજીને તેના પર નફરત કે અરુચિ હોય છે, તેને એ નફરત ન જાય ત્યાં સુધી તેની પ્રાપ્તિની ઇચ્છા ન થાય અને એ વસ્તુ મને પ્રાપ્ત થશે કે નહિ તેવી આકાંક્ષા ગર્ભિત શંકા પણ ન થાય.

૪) આ નફરત કોઇપણ નિમિત્તથી કે ગુણધર્મના જ્ઞાન દ્વારા નષ્ટ થાય ત્યારે અથવા એના વિના કેટલું નુકશાન છે તે સમજાય ત્યારે અરુચિ નાશ પામે છે અને રુચિ ઉત્પન્ન થાય.

આ રુચિ થતાં પહેલાં શંકા થાય કે મને આ મળશે કે નહિ ?

હવે 'હું ભવ્ય છું કે નહીં ?' આ શંકા અંગે ઉપરના મુદ્દાઓના આધારે વિચારીએ.

આમાં **પ્રથમ અવસ્થા અભવ્ય જીવોને હોય છે.**

**બીજી અવસ્થા ધર્મ પામેલ તથા આસન્ન ભવ્યને હોય છે.**

**ત્રીજી અવસ્થા અચરમાવર્તવાળા ભવ્યને હોય છે અને**

**ચોથી અવસ્થા ધર્મ નહીં પામેલ ચરમાવર્તવાળા ભવ્યની હોય છે.**

આ રીતે, ત્રીજો નંબર શંકા-ઇચ્છા ન હોવા છતાં કાલાન્તરે શંકા-ઇચ્છાને યોગ્ય છે.

ચોથા નંબરમાં શંકા-ઇચ્છા ન હોવા છતાં તત્કાલ કે કાલાંતરમાં શંકા-ઇચ્છાને યોગ્ય છે.

બીજી અવસ્થા શંકા રુપ, રુચિ રુપ, તીવ્ર રુચિ રુપ, કથંચિત્ પ્રાપ્તિ અને અનુભવ રુપ છે.

પ્રથમ અવસ્થા અભવ્યને હોય છે. તેમ ભવ્યને પણ જ્યાં સુધી ગુણકારી તરીકેની દ્રષ્ટિ ન આવે, જ્યાં સુધી બોધ ન જન્મે ત્યાં સુધી હોય છે.

માટે જ ભવ્ય કે અભવ્યની શંકા ભવ્યને થાય અને તે પણ બીજા નંબરમાં રહેલાને જ થાય. ત્રીજા, ચોથા નંબરમાં રહેલાને તાત્કાલિક શંકા નથી પણ શંકાની યોગ્યતા છે. પ્રથમ નંબરમાં રહેલાં અભવ્યને તો એ શંકા (હું ભવ્ય છું કે અભવ્ય ?) થતી નથી.

**આ રીતે દરેક ગુણો, દરેક સારી ચીજો, અવસ્થાઓ વગેરેમાં જેને મેળવવાની રુચિ થાય તે વ્યક્તિ તેને માટે યોગ્ય છે તેમ**

**સમજવું. અને જેને તે માટે "હું યોગ્ય છું કે નહિ ? મને મળશે કે નહિં ?" આવી આશંકાવાળી વ્યક્તિ પણ તે ગુણની પ્રાપ્તિ માટે યોગ્ય છે.**

જે જેના માટે અયોગ્ય હોય તેને તે વસ્તુ ગુણ રુપે કે મૂળ સ્વરુપે દેખાય નહિ, તેથી ભૌતિક મહત્વથી તેની ઇચ્છા કરે પણ વાસ્તવિક મહત્વથી તે જોઇ શકતો નથી કે જાણી પણ શકતો નથી. તેથી તે મેળવવાની ઇચ્છા કે શંકા પણ તેને ન થાય.

**અચરમાવર્તમાં શુદ્ધગુણોની ઇચ્છા કે શંકા થતી નથી, શંકા પણ ચરમાવર્તમાં થાય છે. "જ્યાં જે વાતના અભાવનું નિઃશં-કપણું હોય ત્યાં તે વાતની શંકા ન હોય"**

ભવાભિનંદી જીવને ગુણોના અભાવનું નિ ઃશંકપણું હોય છે તેથી તેને કોઇનામાં પણ ગુણી તરીકેની શંકા જ નથી થતી. જન્માં-ધને કોઇ જોતા હશે તેવી શંકા જ નથી થતી.

જેને દોષ તરીકે જે દેખાય તે પછી તેના પ્રત્યે અરુચિ થાય અને તે દોષ ત્યાજયની બુદ્ધિ થાય એટલે તે દોષ-પ્રાપ્તિની શંકા પણ જીવને ઉદ્વેગ કરાવનારી બને છે. **જેને દોષ વર્જનની બુદ્ધિ હોય છે, તેને જ દોષની શંકા થાય છે.** અર્થાત્ દોષ વર્જન તરીકેની બુદ્ધિ વિનાનાને દોષની શંકા જ થતી નથી, એટલે કે એને મન દોષ જેવી કોઇ વિશેષ ચીજ નથી. તેથી શાબ્દિક બોધ હોવા છતાં દોષ વર્જનનો અભિપ્રાય ન હોવાથી દોષની શંકા થતી નથી.

જેમ સાપની શંકા ભય પેદા કરે છે, પણ રબરનો સાપ જાણ્યા પછી ભય પેદા થતો નથી.

માટે દોષની શંકા તથા દોષ વર્જનની ભૂમિકા એ ગુણરુચિ

રુપ અને દોષ અરુચિ રુપ છે.

જેમ, દોષનો નિર્ણય એ હેયરુપ નિર્ણય છે તેમ દોષની અરુચિ અને દોષમાં દોષ તરીકે શંકા દ્રષ્ટિ પણ ગુણરુપ છે.

ચરમાવર્તમાં આવ્યા સિવાય દોષમાં દોષ દ્રષ્ટિ નથી આવતી. તેથી દોષની અરુચિ પણ નથી તેમજ દોષમાં દોષ તરીકેની શંકા પણ થતી નથી.

સારાંશ, અભવ્યનો આત્મા મોક્ષ માનતો ન હોવાથી અભવ્ય-પણું પણ માનતો નથી તેથી અભવ્યપણામાં દોષની દ્રષ્ટિ નથી. વળી ભવ્યપણું પણ માનતો નથી માટે ભવ્યપણામાં ગુણની દ્રષ્ટિ નથી. તેથી અભવ્યના આત્માને ભવ્યત્વ અને અભવ્યત્વનું શાબ્દિકજ્ઞાન હોવા છતાં તાત્વિક રીતે મોક્ષ ન માનવાથી તેની અપેક્ષાએ યોગ્યતા-અયોગ્યતા પણ માનતો નથી. તેથી પોતાની યોગ્યતા-અયોગ્યતાની શંકા પણ થતી નથી.

માટે,

પોતાના દોષ તરીકેની શંકા દોષ ત્યાગની યોગ્યતા રુપ છે

પોતાના ગુણ તરીકેની શંકા ગુણ પ્રાપ્તિની યોગ્યતા રુપ છે.

**(તા.ક. શંકા એટલે શું આવો દોષ મારામાં ય છે ? આ ગુણ મારામાં હશે કે નહીં ?)**



## પ.પૂ.ગચ્છાધિપતિ આ. શ્રી વિજયજયઘોષ સૂ.મ.નો
## સાહિત્ય વૈભવ

| | |
|---|---|
| ભાવનાનું ઉદ્યાન (ત્રીજી આવૃત્તિ) | ૩૦.૦૦ |
| ચલો શાંતિ કે ઉપવનમેં (હિંદી) | ૩૦.૦૦ |
| ચિત્ત સૌંદર્ય (બીજી આવૃત્તિ) | ૮.૦૦ |
| દર્શનસુધા (બીજી આવૃત્તિ) | ૨૮.૦૦ |
| કર્મકલંક કુ દૂર નિવારો | ૧૧.૦૦ |
| પંચસૂત્ર સ્વાધ્યાય | ૧૦.૦૦ |
| ચિંતન ચંદરવો (બીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| વહે મીઠી વાણી (ત્રીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| હીરો એક પાસા અનેક | ૩૦.૦૦ |
| ગુરૂવંદન પચ્ચક્ખાણ ભાષ્યના રહસ્યો (ત્રીજી આવૃત્તિ) | ૨૫.૦૦ |
| એક ઉડ્ડયન મુક્તિ ભણી (બીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| પાને પાને વસંત | ૨૦.૦૦ |
| અમૃતવાણી લો પીછાણી | ૧૬.૦૦ |
| સાધનાથી સિદ્ધિ ભણી | ૨૫.૦૦ |
| શ્રાવકજન તો તેને કહીએ | ૧૨.૦૦ |
| વાચના વહેણ | ૨૫.૦૦ |
| આગમ દરિયો રત્ને ભરિયો | ૪૦.૦૦ |
| ગીતાર્થની વાણી અનુભવની ખાણી | ૧૬.૦૦ |
| ચિંતન યાત્રાથી ચેતન યાત્રા | ૩૦.૦૦ |
| ભીના હૈયાનો લીલો વૈભવ | ૨૮.૦૦ |
| સફર : માનવથી મહામાનવની | ૩૦.૦૦ |
| આતમ રુપાળા ખેલ નિરાળા | ૩૦.૦૦ |
| મનના સંશય ભાંજ્યા રે | ૩૦.૦૦ |



RAJUL © 2514 9863, 2511 0056